આપના ઘર, બંગલા, ફેકટરી, શેડ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષને કબુતરથી બચાવો
કબુતર જાળી
Bird No Entry
INVISIBLE GRILL Bird Net & Spike Fitting
PRIYA BIRD NET SERVICE
Sadhu Vasvani Road, Rajkot • Pankajbhai
M. 91737 83129 • 70330 56768

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૨-૪-૨૦૨૫, બુધવાર
વર્ષ: ૧૪, અંક : ૨૦

જય બજરંગ
ફલોર એન્ડ મસાલા મીલ
ચણા તુવેર મગ, અડદની ચોખ્ખી દાળ બનાવી આપશું
માંડવી ફોલી આપશું.
સિંધાલુ હીંગ દળી આપશું.
સાકર દળી આપશું
93273 08756

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

# ન હોય...અમેરિકા કરતા ભારતમાં ડ્રાઈવિંગ કરવું સલામત

## ઝુટોબી નામની સંસ્થાના સલામત ડ્રાઈવિંગના વાર્ષિક અહેવાલમાં ભારત ૪૯માં ક્રમે, જ્યારે અમેરિકા ૫૧માં સ્થાને: દક્ષિણ આફ્રિકા સતત બીજા વર્ષે સૌથી ખતરનાક

**અબતક, નવી દિલ્હી**

આમ તો આપણે સ્થાનિક કક્ષાએ જે રોડ રસ્તા છે તે જોખમી છે તેવું માનીને અમેરિકા કે યુરોપના રોડ રસ્તાન ભરપેટ વખાણ કરતા હોઈએ છીએ પણ નવા હાઈવે હવે આધુનિક બની રહ્યા છે. એક અહેવાલ મુજબ અમેરિકા કરતા પણ ભારતમાં ડ્રાઈવિંગ કરવું સલામત છે.

એક નવા વૈશ્વિક અહેવાલ મુજબ, માર્ગ સલામતીના સંદર્ભમાં ભારતને અમેરિકા કરતાં વધુ સુરક્ષિત માનવામાં આવ્યું છે. ઝુટોબી નામની સંસ્થાના વાર્ષિક અહેવાલમાં ભારતને ૪૯મા ક્રમે રાખવામાં આવ્યું છે, જ્યારે અમેરિકા ૫૧મા સ્થાને છે. દક્ષિણ આફ્રિકા સતત બીજા વર્ષે આ યાદીમાં સૌથી ખતરનાક દેશ રહ્યો છે અને ૫૩મા ક્રમે છે. આ અભ્યાસ યુએસ સ્થિત ડ્રાઈવર તાલીમ પ્લેટફોર્મ ઝુટોબી દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં અનેક માર્ગ સલામતી પરિમાણોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ ધોરણોમાં હાઈવે ગતિ મર્યાદા, ડ્રાઈવરો માટે બ્લડ આલ્કોહોલ સાંદ્રતા મર્યાદા અને માર્ગ અકસ્માતમાં મૃત્યુ દરનો સમાવેશ થાય છે. રિપોર્ટ અનુસાર, માર્ગ સલામતીની વાત આવે ત્યારે નોર્વે સતત ચોથા વર્ષે વિશ્વનો સૌથી સુરક્ષિત દેશ રહ્યો છે.



### ભારતમાં માર્ગ સલામતીમાં સુધારો

જોકે, ભારતમાં માર્ગ અકસ્માતોની સંખ્યા હંમેશા ચિંતાનો વિષય રહી છે. પરંતુ તાજેતરના વર્ષોમાં, માર્ગ સલામતી નીતિઓ અને માળખાગત સુવિધાઓમાં સુધારાને કારણે વૈશ્વિક સ્તરે તેની સ્થિતિમાં સુધારો થયો છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના નેતૃત્વમાં સરકારે માર્ગ સલામતી અંગે ઘણા કડક પગલાં લીધાં છે.આમાં વાહનોમાં છ એરબેગ ફરજિયાત બનાવવા, ડ્રાઈવિંગ ટેસ્ટને વધુ કડક બનાવવા, એક્સપ્રેસવે અને હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરવા અને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન માટે ભારે દંડ લાદવાનો સમાવેશ થાય છે. આ સુધારાઓને કારણે, ભારતના માર્ગ સલામતી રેન્કિંગમાં સકારાત્મક ફેરફારો જોવા મળ્યા છે.



### ઈવીનાં અકસ્માતમાં ચિંતાજનક વધારો ગત વર્ષમાં ૨૧૧ ઘટનામાં ૭૬ લોકોનાં મોત

ઈલેક્ટ્રિક વાહનો પ્રદુષણ સામે લડવામાં અત્યંત મહત્વપૂર્ણ ભાગ ભજવે છે પણ ગુજરાતમાં ઈલેક્ટ્રિક વાહનોનાં અકસ્માતનાં બનાવો અત્યંત ચિંતાજનક છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા તાજેતરમાં સંસદમાં રજૂ કરાયેલા ડેટા અનુસાર, ફક્ત ૨૦૨૪ માં રાજ્યમાં ૨૧૧ ઈવી સંબંધિત અકસ્માતો નોંધાયા હતા. જેમાં ૭૬ મૃત્યુ અને ૧૮૮ ઘાયલ થયા હતા. છેલ્લા ત્રણ વર્ષમાં આ વલણ ઝડપી બન્યું છે, જે ઈવી વેચાણમાં થયેલા વધારાને નજીકથી પ્રતિબિંબિત કરે છે. ૨૦૨૨ માં, રાજ્યમાં આવા ૧૨૫ અકસ્માતો થયા હતા, જેમાં ૨૪ મૃત્યુ અને ૧૫૯ ઘાયલ થયા હતા. ૨૦૨૩ માં આ આંકડામાં વધારો થયો હતો, જેમાં ૨૦૮ અકસ્માતોમાં ૬૨ લોકોના મોત થયા હતા અને ૨૩૪ લોકો ઘાયલ થયા હતા. નિષ્ણાતો અકસ્માતોમાં વધારા માટે અનેક પરિબળોને જવાબદાર ગણાવે છે, જેમાં ઈવી અપનાવવામાં વધુ પડતો ઉપયોગ, ઈવી-વિશિષ્ટ ડ્રાઈવિંગ ઘોંઘાટ વિશે જાગૃતિનો અભાવ અને બેટરી સંબંધિત આગની પ્રસંગોપાત ઘટનાઓનો સમાવેશ થાય છે. ભારતભરમાં ઈવી બેટરીમાં આગ લાગવાના કિસ્સાઓ નોંધાયા છે,

(અનુ. આઠમા પાને)

### વૈશ્વિક કક્ષાએ અકસ્માતથી મૃત્યુદર ઘટ્યો

રિપોર્ટ અનુસાર, વૈશ્વિક સ્તરે માર્ગ અકસ્માતોને કારણે મૃત્યુનો દર ૧ લાખ લોકો દીઠ ૮.૯ થી ઘટીને ૬.૩ થયો છે. જે માર્ગ સલામતી પ્રત્યે વધતી જાગૃતિ અને કડક નિયમોનું સૂચક છે. જોકે, મોટાભાગના દેશોમાં ગતિ મર્યાદા અને નશામાં વાહન ચલાવવાની મર્યાદામાં કોઈ નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યા નથી. જેના પરથી સ્પષ્ટ થાય છે કે જાગૃતિ અભિયાન અને માર્ગ સલામતી અંગેના કડક નિયમોની અસર થઈ રહી છે.

### હજુ પણ અકસ્માત ઘટાડવા ભારતમાં કડક પગલાંની જરૂર

ભલે ભારતનો ક્રમ સુધર્યો હોય, પરંતુ માર્ગ અકસ્માતોને વધુ ઘટાડવા માટે હજુ પણ ઘણા પડકારોનો સામનો કરવાની જરૂર છે. દેશમાં હજુ પણ વધુ ઝડપે વાહન ચલાવવું, ખોટી લેનમાં વાહન ચલાવવું અને સલામતીના નિયમોની અવગણના જેવી સમસ્યાઓ યથાવત છે. તેથી, વધુ સારા માર્ગ સલામતી પગલાંની જરૂરિયાત ચાલુ રહેશે. જેથી અકસ્માતો ઓછા થઈ શકે અને દેશના રસ્તાઓ વધુ સુરક્ષિત બની શકે.

# "વકફ" બીલ પર લોકસભામાં મેરેથોન ચર્ચા: વિપક્ષની ધમાલ

## જેડીયુએ પણ બીલનો સમર્થન આપ્યું: આવતીકાલે બીલને રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે

**અબતક, નવીદિલ્હી**

મોદી સરકારની ત્રીજી ટર્મનું સૌથી અગત્યનું એવું વક્ફ સુધારણા બિલ લોકસભામાં રજૂ થઈ ગયું છે. વિરોધપક્ષના સાંસદોએ ધમાલ મચાવી હતી.આજે આ બિલ પર આઠ કલાક ચર્ચા કરવામાં આવશે.આવતીકાલે બિલને રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે.

લોકસભામાં આજે વકફ બોર્ડ કાયદામાં સુધારા માટેનું બિલ લોકસભામાં રજુ કરવામાં આવે તે પૂર્વે મંગળવારે ભાજપને તેના સાથી પક્ષોનું સમર્થન મળી ગયું હોય બિલ લોકસભામાંથી પસાર થઈ જશે.કાલે ગુરુવારે બિલને રાજ્યસભામાં રજુ કરવામાં આવશે. ભાજપના સાથી પક્ષ ટીડીપીએ તો પોતાની શરતોનો સ્વીકાર કરી લેવામાં આવતા આ બિલને ટેકો જાહેર કર્યો છે પરંતુ જદ(યુ) દ્વારા કેટલાક સુધારાની માગણી કરવામાં આવી છે. જોકે ટેકો નહીં આપે તેવી પણ ખુલીને કોઈ સ્પષ્ટતા નથી કરી. ઈન્ડિયા ગઠબંધને

(અનુ. આઠમા પાને)



### યુપીએ સરકાર પર જે આરોપો લગાવાયા, તે ગેરમાર્ગે દોરનારા: ગૌરવ ગોગોઈ

લોકસભામાં કિરેન રિજિજુએ વક્ફ સંશોધન બિલ ૨૦૨૫ રજૂ કર્યા બાદ વિપક્ષ નેતા ગૌરવ ગોગોઈએ આરોપ મૂક્યો છે કે, લઘુમતી બાબતોના મંત્રીએ યુપીએ સરકારને ટાર્ગેટ કરી વક્ફ બિલ મુદ્દે જે વાતો કહી છે, તે સંપૂર્ણપણે ખોટી છે. અમે માગ કરીએ છીએ, તેને સાબિત કરો. આ બિલને બંધારણના મૂળ ઢાંચા પર આક્રમણ સમાન છે. તેઓની નજર એક સમાજની જમીન પર છે. કાલે તે બીજા સમાજની જમીન પર નજર કરશે. તેમનો ઉદ્દેશ લોકોને ગેરમાર્ગે દોરવાનો અને સમાજમાં ભાગલા પાડવાનું છે. તમે પોતાને લઘુમતીના હિતેચ્છી ગણાવી રહ્યા છો, તમે એ જણાવો કે, તમારા કેટલા સાંસદ લઘુમતી છે.

### વક્ફ બિલની ૪૦મી કલમ રદ

વક્ફ બિલની સેક્શન ૪૦ હેઠળ વક્ફ બોર્ડ કોઈપણ પ્રોપર્ટીને વક્ફ પ્રોપર્ટી જાહેર કરતું હતું. જેને અમે રદ કરી છે. કોઈની પણ જમીન કે, સંપત્તિને છીનવીને તેને વક્ફ પ્રોપર્ટી જાહેર કરવી અયોગ્ય છે. કેરળમાં ૬૦૦ ખ્રિસ્તી પરિવારની સંપતિને વક્ફ પ્રોપર્ટી જાહેર કરવામાં આવી હતી. સેક્શન ૪૦નો વક્ફ બોર્ડ દુરૂપયોગ કરી રહ્યો હોવાથી અમે તેને રદ કરી છે.

### વકફ બિલમાં ધાર્મિક વ્યવસ્થાના હસ્તક્ષેપની જોગવાઈ જ નથી: રિજિજુ

કિરેન રિજિજુએ જણાવ્યું કે, વક્ફ સંશોધન બિલમાં કોઈપણ ધાર્મિક વ્યવસ્થાના હસ્તક્ષેપની જોગવાઈ જ નથી. અમે કોઈપણ મસ્જિદના સંચાલનમાં હસ્તક્ષેપ કરવા જઈ રહ્યા નથી. આ એક સંપત્તિના મેનેજમેન્ટ સાથે જોડાયેલો વિષય છે. કોઈ મુસ્લિમ જકાત આપે છે તો, તેને પૂછનારા અમે કોણ. અમે તો માત્ર તેના મેનેજમેન્ટની જ વાત કરીએ છીએ.

### એનડીએ પાસે બહુમત લોકસભામાં બિલ પસાર થઈ જશે

વકફ (સુધારા) બિલ અંગે ચાલી રહેલા વિવાદ અને રાજકીય હોબાળા છતાં સત્તાધારી એનડીએને સંસદના બંને ગૃહોમાં આ બિલ પસાર કરાવવામાં કોઈ અવરોધ નહીં નડે. ૫૪૨ સભ્યો ધરાવતી વર્તમાન લોકસભામાં એનડીએના સાંસદોની સંખ્યા ૨૯૩ છે. રાજ્યસભામાં એનડીએના ૧૨૫ સાંસદો છે. ૨૪૫ સાંસદો ધરાવતી રાજ્યસભામાં હાલ ૯ બેઠકો ખાલી છે. આમ એનડીએ પાસે બિલ પસાર કરાવવા માટે જરૂરી ૧૧૮ના સંખ્યાબળ કરતાં વધુ સાંસદો હોવાથી વિના અવરોધે તે બિલને મંજૂર કરાવી લેશે.

# આજથી શરૂ થતા ટ્રમ્પના ટેરિફ વોર સામે ભારત સજ્જ

## યુએસ ટેરિફથી ઓટોમોબાઈલ ક્ષેત્ર અને સીફૂડ ક્ષેત્ર સૌથી વધુ પ્રભાવિત થવાની સંભાવના

**અબતક, નવી દિલ્હી**

યુએસ સરકારનું પારસ્પરિક ટેરિફ આજથી શરૂ થવા જઈ રહ્યું છે. જોકે, પારસ્પરિક ટેરિફનું ચિત્ર હજુ સ્પષ્ટ થયું નથી. ટ્રમ્પ વહીવટીતંત્ર કોઈપણ સમયે પારસ્પરિક ટેરિફની વિગતો જાહેર કરી શકે છે. જોકે, તેની અસર વૈશ્વિક બજારો પર પહેલાથી જ પડી ગઈ છે. ૨૦૨૫ ના પહેલા ક્વાર્ટરમાં યુએસ શેરબજારોમાં મોટો ઘટાડો જોવા મળ્યો. ઘણા વર્ષોથી અમેરિકન બજારનું પ્રદર્શન એક જ ક્વાર્ટરમાં આટલું ખરાબ રહ્યું છે. હવે પ્રશ્ન એ છે કે અમેરિકન ટેરિફની ભારત અને બાકીના વિશ્વ પર શું અસર પડશે? આવી સ્થિતિમાં ભારત તો સજ્જ જ છે તેવો ઘાટ સર્જાયો છે.

પ્રથમ તબક્કામાં, અમેરિકા ઓટોમોબાઈલ અને આનુષંગિક આયાત પર ૨૫ ટકા ટેરિફ લાદશે. બ્રોકરેજ ફર્મ એમકે ગ્લોબલ ફાઈનાન્શિયલ સર્વિસિસે તેના રિપોર્ટમાં સમજાવવાનો પ્રયાસ કર્યો

(અનુ. આઠમા પાને)

### ભારતીય નિકાસમાં ૬ થી ૩૧ બિલિયન ડોલરનો ઘટાડો થાય તેવી ભીતિ

વિશ્લેષકો કહે છે કે યુએસ દ્વારા લાદવામાં આવેલા ક્ષેત્ર-વિશિષ્ટ ટેરિફથી ભારતીય કંપનીઓ સૌથી વધુ પ્રભાવિત થશે. બ્રોકરેજ ફર્મના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ''એવું અનુમાન છે કે ભારતમાંથી યુએસ નિકાસ ૬ બિલિયન ડોલર ઘટી શકે છે. આ અંદાજ ૧૦ ટકાના ટેરિફ પર આધારિત છે. જો ટેરિફ ૨૫ ટકા લાદવામાં આવે છે, તો આ આંકડો ૩૧ બિલિયન ડોલર સુધી વધી શકે છે.'' આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પારસ્પરિક ટેરિફ કેવી રીતે લાગુ કરવામાં આવશે તે હજુ સ્પષ્ટ નથી.ટ્રમ્પ વહીવટીતંત્રે ઓટોમોબાઈલ અને આનુષંગિક ક્ષેત્રો પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી છે. આ દર્શાવે છે કે અમેરિકા ક્ષેત્રવાર ટેરિફ લાદવા માંગે છે. જોકે, ભારત સરકાર આ અંગે યુએસ વહીવટીતંત્ર સાથે વાત કરી શકે છે. તે ટેરિફમાં છૂટની માંગ કરી શકે છે. આનાથી ભારતીય ઓટો અને આનુષંગિક કંપનીઓને યુએસ ટેરિફની પ્રતિકૂળ અસરથી બચાવવામાં મદદ મળી શકે છે.

## નક્સલવાદ નાબૂદ ૨૦૨૬ મિશન રંગ લાવ્યું

# ૧૮માંથી ૯ રાજ્યોમાં નક્સલવાદ સંપૂર્ણપણે નાબૂદ: અમિત શાહ

### ભારત ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલવાદને નાબૂદ કરવા માટે સજ્જ

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારનું નક્સલવાદ નાબૂદ ૨૦૨૬ મિશન રંગ લાવ્યું છે. જેની મોટી અસર જોવા મળી રહી છે. નકસલ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. હવે નકસલ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ૧૨ થી ઘટીને માત્ર ૬ જિલ્લાઓ બાકી છે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે નક્સલવાદ મુક્ત ભારત બનાવવા તરફ એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. ભારતે ડાબેરી ઉગ્રવાદથી સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ૧૨ થી ઘટાડીને માત્ર ૬ કરીને એક નવો સીમાચિહ્ન હાંસલ કર્યો છે.

એક પોસ્ટમાં શાહે કહ્યું કે, મોદી સરકાર નક્સલવાદ પ્રત્યે નિર્દય અભિગમ અને સર્વાંગી વિકાસ માટે અથાક પ્રયાસો સાથે એક મજબૂત, સુરક્ષિત અને સમૃદ્ધ ભારતનું નિર્માણ કરી રહી છે. ભારત

(અનુ. આઠમા પાને)

## સહકારથી સમૃદ્ધિ

# સહકારી ક્ષેત્રને ધમધમતું રાખવા ત્રિભુવન યુનીવર્સિટી બિલ રાજ્યસભાએ પાસ કર્યું

### ત્રિભુવન સહકારી યુનિવર્સિટી સહકારી ક્ષેત્રમાં શિક્ષણ અને તાલીમ માટે નવી તકો પૂરી પાડશે, અહીં યુવાનોના કૌશલ્યનો વિકાસ થશે અને ડિગ્રી પ્રોગ્રામ્સ તેમજ ડિસ્ટન્સ એજ્યુકેશન અને ઈ-લર્નિંગ અભ્યાસક્રમો શરૂ કરાશે

**અબતક, નવી દિલ્હી**

રાજ્યસભાએ ત્રિભુવન સહકારી યુનિવર્સિટી બિલ, ૨૦૨૫ પર ચર્ચા કરવા અને તેને પસાર કરવા માટે મતદાન કર્યું, જેમાં સહકારી સંસ્થાઓ માટે લાયક માનવશક્તિ તૈયાર કરવા માટે ગુજરાતના આણંદ ખાતે 'ત્રિભુવન સહકારી યુનિવર્સિટી' સ્થાપવાનો પ્રસ્તાવ છે. આ યુનિવર્સિટીનું નામ ત્રિભુવનદાસ કિશીભાઈ પટેલના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેઓ ભારતમાં સહકારી ચળવળના પ્રણેતાઓમાંના એક હતા અને અમૂલની સ્થાપનામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ગયા અઠવાડિયે લોકસભા દ્વારા પસાર કરાયેલ આ બિલને કેન્દ્રીય સહકાર અને ગૃહ પ્રધાન અમિત શાહ વતી સહકાર રાજ્યમંત્રી મુરલીધર મોહોલે ઉપલા ગૃહમાં રજૂ કર્યું હતું. મંગળવારે, રાજ્યસભાએ ''ત્રિભુવન'' સહકારી યુનિવર્સિટી

(અનુ. આઠમા પાને)

## જીએસટીની માસિક આવક રૂ.૨ લાખ કરોડને આંબી જશે?

# માર્ચ મહિનામાં જીએસટી પેટે રેકોર્ડબ્રેક રૂ.૧.૯૬ લાખ કરોડની આવક

### માર્ચમાં રિફંડ બાદ કરીને ચોખ્ખી જીએસટી વસૂલાત પણ ગયા વર્ષની સરખામણીમાં ૭.૬ ટકા વધુ નોંધાઈ

**અબતક, રાજકોટ**

માર્ચ મહિનામાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની વસૂલાત ૯.૯ ટકા વધીને રૂ. ૧.૯૬ ( નાણાકીય વર્ષમાં ૨૦૨૪-૨૫માં બીજું સૌથી વધું) લાખ કરોડ થતાં સરકારની તિજોરી ભરાઈ ગઈ છે. માર્ચ સતત ૧૩મો મહિનો હતો જેમાં જીએસટી કલેકશન ૧.૭૦ લાખ કરોડથી વધુ હતું. માર્ચ મહિનામાં રિફંડ બાદ કરીને ચોખ્ખી જીએસટી વસૂલાત પણ ગયા વર્ષની સરખામણીમાં ૭.૬ ટકા વધુ હતી. એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ દરમિયાન કુલ જીએસટી કલેક્શન રૂ. ૨૨.૦૮ લાખ કરોડ રહ્યું, જે વાર્ષિક ધોરણે ૯.૪ ટકાનો વધારો દર્શાવે છે. જીએસટી કલેક્શનમાં ૯.૯ ટકાનો વધારો વ્યવસાયો દ્વારા વર્ષના અંતે વેચાણમાં થયેલા વધારો દર્શાવે છે.




(અનુ. આઠમા પાને)

–:: આજે વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ ::–

# વિશ્વમાં દર ૧૫૦ માંથી એક બાળક ‘ઓટીઝમ’નો શિકાર

## ૨૦૧૨થી ઓટીઝમથી પ્રભાવિત બાળકોની સંખ્યામાં 30 ટકા વધારો થયો છેઃ તે એક ન્યુરલ ડેવલપમેન્ટ ડિસ ઓર્ડર છે, જે મૌખિક સંદેશો વ્યવહારનો ઉપયોગ કરવાની તેમની ક્ષમતા પર અસર કરે છેઃ તે એક હવે એક જ ડિસ ઓર્ડર તરીકે વર્ગીકૃત નથી, પણ ગંભીરતામાં બદલાતા સમગ્ર સ્પેકટ્રમ તરીકે વર્ગીકૃત છે




આજે વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ છે, ત્યારે આ આરોગ્ય સમસ્યા વિશેની ચિંતા અને ચિંતન કરવાની જરૂર છે. ખાસ તેના વિશેની જાગૃતિ લોકોમાં પ્રસરે તે જરૂરી છે. આજે ઘણી અજાણી વિકૃતિઓ છે, જેના વિશે લોકો હવે જાગૃત થઈ રહ્યા છે, આવી જ એક ડિલ ઓર્ડર બિમારી ઓટીઝમ કે એક વિસલાંગતા છે. સરકારે પણ તેની યાદીમાં તેને દિવ્યાંગમાં સમાવેશ કર્યો છે. તે એક વિકાસ લક્ષી વિકાસ છે, જે સામાજીક અને સંચાર કૌશલ્યોના સંદર્ભમાં મગજના સામાન્ય વિકાસને અસર કરે છે તે જીવનના પ્રારંભના ત્રણ વર્ષમાં દેખાય છે.

ઓટીઝમ એક ન્યુરોલોજીકલ સ્થિતિ છે, જયાં મગજના ચેતાકોષોમાં કેટલાક ફેરફાર અને તેમની વચ્ચેના જોડાણોમાં ચોકકસ વર્તણુંકીય સમસ્યાનું કારણ બને છે. તે થવાનું કોઈ ચોકકસ કારણ હજી શોધી શકાયું નથી. પણ તે આનુવંશિક પરિબળો સાથે સંકળાયેલા છે. સમાન જોડીયા બાળકોમાં આ થવાની શકયતા વિશેષ છે. બીજા કારણોમાં ખોરાક, રસીઓ, પાચન તંત્રમાં ફેરફાર અને વિટામિન્સ અને ખનીજોને શોષવામાં અસમર્થતા સાથે જોડાયેલ છે. આવા બાળકોમાં બૌદ્યિક વિકલાંગતા જેવી ન્યુરોલોજીકલ સ્થિતિ પણ જોવા મળે છે.

હાલ વિશ્વમાં દર ૧૫૦ માંથી એક બાળકમાં ઓટીઝમ જોવા મળે છે. ૨૦૧૨ થી તેનાથી પ્રભાવિત થનાર બાળકોની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો જોવા મળે છે. ૨૦૦૮ થી ઉજવાતા આ દિવસ વધતી જતી આરોગ્ય ચિંતા પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. તે હવે એક ડિસ ઓર્ડર તરીકે વર્ગીકૃત નથી, પણ ગંભીરતામાં બદલાતા સમગ્ર સ્પેકટ્રમ તરીકે વર્ગીકૃત છે.

આ વર્ષની ઉજવણી થીમમાં સંયુકત રાષ્ટ્ર દ્વારા સ્થાપિત ટકાઉ વિકાસના હેતુ સાથે પહેલનું સંકલન કરતી વખતે ન્યુરો ડાયવર્સિટીનો સ્વીકાર અને પ્રોત્સાહન આપવા પર ભાર મુકે છે. તેના લક્ષણો અને ચિન્હોમાં બાળક ૧૮ મહિનાનું થાય ત્યારે મોટા ભાગના મા-બાપોને લાગે છે કે, તેના બાળકમાં કંઈક ખોટું છે. ઘણા કિસ્સામાં બાળક એક-બે વરસ સુધી સામાન્ય રહે છે, પછી તેની સામાજીક અને ભાષા કૌશલ્ય ગુમાવે છે, જેને રેગ્રેસિવ ઓટિઝમ કહેવાય છે.

ઓટીઝમને કારણે ઘણી ગુંચવણોમાં બૌધ્ધિક વિકલાંગતા અને ન્યુરોલોજીકલ પરિસ્થિતિઓ સાથે ઓટીઝમ જોવા મળી શકે છે. આવા બાળકનો વિકાસ ધીમો કે દેખાતો નથી. સામાજીક વાર્તાલાપ કહી શકતા નથી કે શબ્દોની બદલે હાવભાવનો ઉપયોગ કરે છે. સંવેદનાત્મક સમસ્યામાં તે અચાનક અવાજથી ચોંકી જતો નથી, તેને અવાજો પીડાદાયક લાગે છે, અને તે કામ પર હાથ રાખીને પ્રતિક્રિયા આપે છે. સામાજીક સમસ્યામાં તે ગ્રુપને બદલે એકલું રહેવાનુ પસંદ કરે છે. તેમનામાં સહાનુભૂતિનો અભાવ હોય છે. તે આંખના સંપર્ક ટાળે અને સ્મિતનો પ્રતિસાદ આપતો નથી.

આવા બાળકો ટુંકી ધ્યાન અવધિ ધરાવે છે. પોતાનાને કે અન્ય લોકો પ્રત્યે આક્રમક વર્તન દર્શાવે છે. રસવૃતિ મર્યાદિત હોય છે. શરીરની સમાન હલન ચલનનો વારંવાર ઉપયોગ કહે છે. તેની નિદાન સારવારમાં વિશેષ કાળજી લેવી જેમાં બાળરોગ નિષ્ણાંતની મદદ સાથે તેના રૂટીંગ કાર્ય માટે નિષ્ણાંત શિક્ષકોની મદદ લેવી જરુરી ૫ થી ૧૬ વર્ષની વયના બાળકો માટે ઓરીઝમ સાથે સંકળાયેલા આક્રમકતા અને ચીડીયા પણાને નિયંત્રિત કરવા ડ્રગ થેરાપી લેવી જોઈએ. અન્ય માનસિક દવાઓનો ઉપયોગ લક્ષણો આધારીત હોય છે. ઓટીસ્ટીક સ્થિતિ સુધારવા માટે કોઈ દવા નથી.

હાલ આવા બાળકો માટે ડ્રગ થેરાપી, આહાર માર્ગદર્શન, એપ્લાઈડ બિહેવિયરલ, ઓકયુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી અને શારીરિક ઉપચાર જેવી સિસ્ટમ ચલણમાં છે. વિશ્વભરમાં તેના પરત્વે વધતી જતી જાગરૂકતાને કારણે આજે પહેલા કરતાં વધુ સકારાત્મક દ્રષ્ટિ કોણ જોવા મળે છે. આજે વધતી જતી મેડીકલ ફેસીલીટીને કારણે મોટા ભાગના લક્ષણોમાં સુધારો જોવા મળે છે. જેના કારણે ઓટીસ્ટીક લોકો તેમના પરિવારો સાથે રહેવા સક્ષમ બન્યા છે.

### ઓટીઝમના લક્ષણો અને ચિન્હો

બાળક ૧૮ મહિનાનું હોય ત્યારે મોટાભાગના માતા-પિતાને લાગે છે કે તેમના બાળકોમાં કંઈક ખોટું છે, જયારે તેઓ મદદ લે છે. ત્યારે બાળક બે વર્ષનો હોય છે. કેટલાંક કિસ્સામાં બાળક એક કે બે વર્ષની ઉમર સુધી સામાન્ય રહે છે, અને પછી તેની સામાજીક અને ભાષા કૌશલ્યો ગુમાવે છે. આવા બાળકોને મૌખિક અને બિન મૌખિક વાતચિતના ક્ષેત્રોમાં સમસ્યા જોવા મળે છે. લક્ષણો મધ્યમથી ગંભીર સુધી બદલાય છે.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### ઓટીઝમ થવાનું કારણ આજે પણ અસ્પષ્ટ !

આ સમસ્યા બાળકોમાં થવાનું કોઈ ચોકકસ કારણ મેડીકલ સાયન્સ શોધી શકયું નથી, પણ આનુવંશિક અને પર્યાવરણીય બન્નેના વિકૃતિમાં ફાળો આપે છે. ઓટીઝમ ધરાવતા બાળકને કયારે ઓટસ્ટીક ચાઈલ્ડ ન ગણવું, કારણ તેઓ વિશેષ છે. અને યોગ્ય ઉપચાર સાથે સુધારો બતાવી શકે છે. કોઈ બોધ્ધિક વિકલાંગતા હોય તો, બાળકને વિશેષ શાળામાં દાખલ કરી શકાય જયાં તે તેની ક્ષમતાઓ અનુસાર રચાયેલા અભ્યાસક્રમ શીખી શકે છે.

## ૨૦૦૮થી ઉજવાતા આ દિવસ વધતી જતી આરોગ્ય ચિંતા પ્રત્યે જાગૃતિ લાવવાનો છેઃ ૧૯૪૩માં તેનું સૌ પ્રથમ વર્ણન કરવામાં આવ્યું હતુંઃ જીવનના પ્રથમ ત્રણ વર્ષમાં દેખાતા, તે એક ન્યુરીલોજીકલ સ્થિતિ છે

# બાળક શિખતાં શીખે, કાર્ય કરતાં શીખે અને સાથે મળીને રહેતાં શીખે એવાં શિક્ષણની જરૂર છે

## ‘અંતઃકરણને વધુ વિશુધ્ધ અને વિશાળ બનાવે એ શિક્ષણ છે’: સ્વામી રામતીર્થ

શિક્ષણ એ મનુષ્ય ઘડતર મારફતે રાષ્ટ્ર ઘડતરની પ્રક્રિયા છે.જેવું શિક્ષણ તેવો મનુષ્ય ને જેવો મનુષ્ય તેવો સમાજ.એ એક સર્વસ્વીકૃત સમીકરણ છે.પ્રત્યેક બાળક અનંત સંભાવનાઓ લઈને જન્મે છે,પરંતુ એ બને છે એવું જ - જેવું શિક્ષણ એને મળે છે.આમ રાષ્ટ્રની અવધારણાનું કાર્ય શિક્ષણ પર નિર્ભર છે.એટલા માટે શિક્ષણ પ્રક્રિયાનું સાતત્ય અનિવાર્ય છે.સાથોસાથ શિક્ષણ દ્વારા પરંપરા અને પ્રગતિ બંને સમ્યક રીતે ગતિશીલ બને એ પણ એટલું જ જરૂરી છે.

દરેક રાષ્ટ્ર પોતાનાં જીવન દર્શન દ્વારા રાષ્ટ્રમાં વસતા સમાજનું જીવન લક્ષ્ય અને આદર્શોનું નિર્માણ કરે છે.એ આદર્શો પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે.દરેક રાષ્ટ્રના જીવન દર્શન પર આધારિત તે દેશનું શિક્ષણ દર્શન હોય છે.જે દેશની રાષ્ટ્રીય ચેતના,સંસ્કૃતિ અને પરંપરાને વ્યક્ત કરે છે. આઝાદીના ૭૫ વર્ષ પછી જયારે દેશ અમૃતકાળમાં પ્રવેશી ગયો છે ત્યારે પણ આજના શિક્ષણે દેશને અભારતીય જીવન શૈલી, અભારતીય જીવન દ્રષ્ટિ, પાશ્ચાત્ય જીવન દર્શન અને પાશ્ચાત્ય મનોવિજ્ઞાન આપ્યાં છે.

ભૌતિકતાની બોલબાલા, ભોગપરાયણ જીવન, નાણાં જ આર્થિક બાબતોનું માપદંડ અને સત્તા માટે સંઘર્ષ એ આજના શિક્ષણનો પરિપાક છે. શિક્ષણની અવધારણા જ આર્થિક છે. પરિણામે આર્થિક અસમાનતા, સામાજિક વિષમતા,ભ્રષ્ટાચાર, દુરાચાર, અનાચાર, પાપાચાર, પર્યાવરણ વિનાશ જેવાં દુષ્પરિણામો ભારત વર્ષની ૭૫ વર્ષની રાજકીય સ્વાધીનતાના કાળમાં વધુ વિકરાળ બન્યાં છે. ગરીબી, બેકારી, સ્ત્રી-અવહેલના, ગ્રામ-દારિદ્રય અને નિરક્ષરતા એ આજના શિક્ષણનું બિહામણું ચિત્ર છે.

આજના શિક્ષણમાં મૂલ્ય નિષ્ઠા,વિદ્યા માટે પ્રેમ,જ્ઞાન પ્રાપ્તિનું સામર્થ્ય,સંસ્કારો માટે પ્રેમ, સાદગીનું ગૌરવ આ બધાનો સતત ઘસારો થતો રહ્યો છે.

આજે શિક્ષણની વ્યાખ્યા દિવસે દિવસે ટૂંકી થતી જાય છે. આજે વિદ્યા રાજનીતિની ગુલામ બની વિષમ પરિસ્થિતિઓમાં અસહાય બની છે. શિક્ષણની વ્યાખ્યા એટલી ટૂંકી થઈ ગઈ છે કે આપણે એને માત્ર બે શબ્દોમાં બાંધી શકીએ છીએઃ (૧)વર્ગખંડમાં ભરવું,(૨) પરીક્ષા ખંડમાં કાઢવું. આજનું શિક્ષણ એટલે પરીક્ષા. પરિભાષાનો થોડો અર્થવિસ્તાર કરીએ તો પરીક્ષામાં અપેક્ષિત ગુણ પ્રાપ્ત કરવા સ્પર્ધા કરવી. એના આધાર પર અમુક જ વિદ્યાર્થી વ્યવસાય અથવા રોજગાર માટે પસંદગી પામી શકે છે અને બાકી બેકારોની ફોજમાં ભરતી થવા માટે સ્વચ્છંદી અને સ્વેચ્છાચારી બની ફરતા જોવા મળે છે.આ શિક્ષણે વિદ્યાર્થીઓને હાલતી ચાલતી લાશ બનાવી દીધા છે.તેઓ જીવી રહ્યા નથી.આજે અણું પુરુષ તો મળે છે,વિરાટ પુરુષ નથી મળતા.ડો.રાધાકૃષ્ણનજીએ કહ્યું હતુંઃ ’આજના શિક્ષણે વિદ્યાર્થીઓને બૌદ્ધિક દ્રષ્ટિથી નિર્ધન,હૃદયથી કઠોર અને શારીરિક રીતે માયકાંગલા બનાવી દીધા છે.’

### ચિંતનની પાંખે




વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

વિનોબા ભાવેએ કહ્યું હતું : ’શહેરોમાં વિદ્યાલયો તો ઘણાં ખૂલ્યાં,પણ એમાંથી વિદ્યાનો લય એટલે કે બાદબાકી થઈ ગઈ છે. વર્તમાન શિક્ષણ નિરર્થક છે.હવે શિક્ષિત હોવું કોઈ પ્રકારનું ગૌરવ નથી.પરંતુ અગૌરવ છે.માત્ર શિક્ષણનો અર્થ છે જીવનથી અલગ પાડેલું મૃત શિક્ષણ.આ બદલવા માટે કેટલા આયોગ રચાયા એને કેટલીય સમિતિઓની રચના કરવામાં આવી,પણ તેમના બધા પ્રયાસોને એક કબાટમાં પૂરી દેવામાં આવ્યા. આવું એટલા માટે કરવામાં આવ્યું કે ભવિષ્યમાં કોઈ શોધકર્તાને શોધ કરવી હોય તો તેને કામ આવે કે કેટલા પ્રયાસો થયા, કેટલો ખર્ચ થયો અને સુધારાની દ્રષ્ટિથી શું પરિણામ આવ્યું.પણ નિશ્ચિત સ્વરૂપે શોધકર્તાને નિરાશ થવું પડશે.શું સ્થિતિ આવી જ રહેશે ? નિરાશા અસુરોનું પ્રબળ અસ્ત્ર છે. જે બેસી ગયું તેનું ભાગ્ય પણ બેસી ગયું.જે એક વખત ઊભો થઈ આશાવાદી બની ચાલવા માંડ્યો તે જ સ્થિતિ અને ભાગ્યને બદલી શકશે.

શિક્ષણ દ્વારા સંસ્કાર ઘડતરની પ્રક્રિયામાં એક તરફ વિચારશીલતા અને બીજી તરફ ભાવનાઓ વિકસે એ રીતે વિચારશીલ મનુષ્ય ઊર્ધ્વગામી બને, સત્કર્મના પાયા પર ઊભો રહે, સમષ્ટિભાવ ધારણ કરી, ખુમારી પ્રગટાવી જીવન જીવે તો દયા - કરુણા,સ્નેહ - પ્રેમ,મમતા - વાત્સલ્ય,નિર્ભયતા - ત્યાગ, સેવા - સમર્પણ, સદ્ભાવના અને સહિષ્ણુતા કેળવનાર બને. આ પ્રકારના શિક્ષણ દ્વારા હૃદયને વિશાળ,મનને શાંત અને ચિત્તને પ્રસન્ન રાખે તે મૂળભૂત ભૂમિકા હોવી જોઈએ.

શિક્ષણ મનુષ્યને ઘડનાર, સંસ્કારી બનાવનાર, ધર્મ,સંસ્કૃતિ પરંપરાનું જ્ઞાન આપનાર હોવું જોઈએ.શિક્ષણ વ્યક્તિત્વનો પૂર્ણ વિકાસ પામનાર, સત્યનો સાક્ષાત્કાર કરાવનાર હોવું જોઈએ.શિક્ષણ પ્રત્યેક જીવ સાથે સંવાદિતાની સ્થાપના કરાવનાર હોવું જોઈએ.શિક્ષણ રાષ્ટ્રીય ચેતના,દેશભકિત, સ્વાભિમાન પ્રગટાવનાર હોવું જોઈએ. શિક્ષણ સમાજની ભલાઈ, ઉત્કર્ષ, વિકાસ અને સામાજિક સમરસતાનું ઘોતક હોવું જોઈએ.



આપણે જ્ઞાન - વિજ્ઞાનમાં અદ્વિતીય હતા.વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને કહ્યું હતુંઃ ’જો ભારતે શૂન્યની શોધ ન કરી હોત તો આધુનિક આવિષ્કારો પણ શૂન્ય રહી ગયા હોત.’ આર્યભટ્ટે આજથી બે હજાર વર્ષ પૂર્વે પાઈ(π)ની કિંમત શોધી હતી તેવા વિશ્વના પ્રથમ નાગરિક હતા. બીજગણિત, ત્રિકોણમિતિ ગણતરી - આ બધું જ્ઞાન ભારતે વિશ્વને આપ્યું.વિશ્વનું સર્વ પ્રથમ વિશ્વવિદ્યાલય તક્ષશિલામાં સ્થાપિત થયું.જેમાં વિવિધ દેશોના દસ હજાર પાંચસો વિદ્યાર્થીઓ સાઈઠ વિષયોનું જ્ઞાન મેળવતા. ઈસા પૂર્વે ચોથી શતાબ્દીમાં નાલંદા વિશ્વવિદ્યાલય શિક્ષણ ક્ષેત્રમાં ભારતનો કીર્તિસ્તંભ હતું.ચરકના કારણે રાષ્ટ્રએ ચિકિત્સા ક્ષેત્રે ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કર્યું.સમુદ્રી જહાજના જ્ઞાનમાં આપણે અગ્રેસર હતા. આપણી આ બધી ઉપલબ્ધિઓ ભારતીય ઈતિહાસના સુવર્ણપૃષ્ઠો છે,જેનો સમાવેશ આપણાં અભ્યાસક્રમમાં નથી.આવી રીતે શિક્ષણ પ્રક્રિયામાંથી આપણા પ્રેરણાસ્રોતોને નિર્મૂળ કરી નાખવામાં આવ્યા.

બાળક શિખતા શીખે (learning to learn),કાર્ય કરતા શીખે (learning to do) અને સાથે મળીને રહેતા શીખે (learning to live together) એવું શિક્ષણ બાળકને આપવું જોઈએ.

આપ પરિવર્તનના વાહક બનશો...?

## આવતીકાલનું રાશિફળ

### તા.૩.૪.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, ચૈત્ર સુદ છઠ, રોહિણી નક્ષત્ર, સૌભાગ્ય યોગ, કૌલવ કરણ, આજે સાંજે ૬.૨૧ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) ત્યારબાદ મિથુન (ક,છ,ઘ) રહેશે

**મેષ** (અ,લ,ઈ) : આર્થિક બાબતો માં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો. નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

**વૃષભ** (બ,વ,ઉ) : સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**મિથુન** (ક,છ,ઘ) : ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે, આવક જાવક નો હિસાબ રાખવો જરૂરી બને.

**કર્ક** (ડ,હ) : થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ લાભદાયક રહે.

**સિંહ** (મ,ટ) : જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે. દિવસ લાભદાયક રહે.

**કન્યા** (પ,ઠ,ણ) : આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે, પોઝિટિવ વિચારો થી ખુબ લાભ મળે, આગળ વધવાની તક મળે.

**તુલા** (ર,ત) : પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, દિવસ ખુશનુમા વીતે.

**વૃશ્ચિક** (ન,ય ) : નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે, ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે, પ્રગતિ થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : અંગત વ્યક્તિ સાથે મતભેદ થઇ શકે છે વળી હિતશત્રુઓ થી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

**મકર** (ખ,જ) : વિદ્યાર્થીવર્ગ ને ઉચ્ચ અભ્યાસ માં સફળતા અપાવતો શુભ દિન. યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.

**કુંભ** (ગ,સ,શ) : આજના દિવસે તમારા રસના વિષયો માં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ માં પસાર થાય.

**મીન** (દ,ચ,ઝ,થ) : આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે, ભાઈ ભાંડુ સુખ સારું રહે, અંગત મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

## વૃશ્ચિક રાશિના સ્વામી મંગળ મહારાજ છે

આજે વાત કરીએ નભોમંડળની આઠમી રાશિ વૃશ્ચિક રાશિની. વૃશ્ચિક રાશિના સ્વામી મંગળ મહારાજ છે અને મંગળના અધિપત્યમાં જીવન શરુ કરતી પ્રથમ રાશિ મેષ અને આઠમી વૃશ્ચિક રાશિ બેઉ આવે છે. વૃશ્ચિક રાશિ ઊંડી રાશિ છે અને તેના મનમાં શું છે તે તરત જાણી શકાતું નથી વળી તે શત્રુઓને ભૂલી શકતા નથી. વૃશ્ચિક રાશિના જાતકો સ્વયં નક્કી કરી રહસ્યમય રીતે પોતાની યોજનાઓ અમલમાં મૂકી શકે છે. ચંદ્ર માટે આ રાશિ નીચસ્થ હોવાથી તેમની લાગણી અલગ રીતે વ્યક્ત થતી જોવા મળે છે. શનિના પરિવર્તનથી તેમની નાની પનોતી પૂર્ણ થાય છે અને ધીમે ધીમે જીવનમાં વેગ પકડાતો જોવા મળશે. વૃશ્ચિક રાશિના જાતકો હવે જીવનના અંતરાયો દૂર કરી શકશે અને આગળ વધી શકશે. કારકિર્દીમાં આવેલા પડકારોને પહોંચી વળશે પરંતુ પ્રણયમાર્ગે હજી થોડી અડચણો આવતી જોવા મળશે અને લાગણી અભિવ્યક્તિ કરવામાં પરેશાની થતી જોવા મળશે. ચોથેથી પસાર થતા રાહુ મહારાજ હજુ માનસિક ચિંતાઓ રખાવે છે જે જૂન માસથી સારું થતું જોવા મળશે વળી આ જાતકો રહસ્ય જાણવાના શોખીન હોય છે અને ઘણીવાર રહસ્યશાસ્ત્રોમાં ઊંડા ઉતરતા જોવા મળે છે તેમની પાસે તેમના વિચારોને યુનિવર્સ સુધી પહોંચાડવાની તાકાત હોય છે શરત એ છે કે તેમાં હકારાત્મક અભિગમ હોવો જોઈએ. તેઓ દુશ્મની બહુ જલ્દી ભૂલી શકતા નથી સારી વાત એ છે કે હવે આગળ ઉપર તેમના માટે સમય સારો આવી રહ્યો છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી–૭૯૯૦૫૦૦૨૮૨

## સૂડોકુ –૧૨૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | | | ૩ | | |
| ૯ | ૮ | | | | | | ૭ | |
| | | | | | ૬ | | | |
| | | | ૯ | ૩ | | ૮ | | |
| ૬ | | | | ૫ | ૨ | | | ૩ |
| | ૭ | | | | | | ૧ | |
| | ૧ | | | | | ૬ | ૪ | |
| | | ૪ | | ૮ | | | | |
| | | | ૬ | | | | | ૧ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ–૧૧૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૯ | ૭ | ૧ | ૩ | ૮ | ૫ | ૬ |
| ૬ | ૮ | ૩ | ૫ | ૪ | ૯ | ૭ | ૨ | ૧ |
| ૧ | ૫ | ૭ | ૬ | ૮ | ૨ | ૩ | ૯ | ૪ |
| ૨ | ૧ | ૪ | ૩ | ૯ | ૮ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૩ | ૬ | ૨ | ૭ | ૫ | ૪ | ૧ | ૯ |
| ૭ | ૯ | ૫ | ૪ | ૬ | ૧ | ૨ | ૮ | ૩ |
| ૯ | ૪ | ૧ | ૮ | ૨ | ૭ | ૬ | ૩ | ૫ |
| ૩ | ૬ | ૮ | ૯ | ૫ | ૪ | ૧ | ૭ | ૨ |
| ૫ | ૭ | ૨ | ૧ | ૩ | ૬ | ૯ | ૪ | ૮ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તા.૦૨-૦૪-૨૦૨૫ બુધવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ઝમકુડી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મસાલા પાપડ કોન)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૮:૦૦ શ્રીમદ ભાગવત કથા (પૂ.જીગ્નેશ દાદા) લાઈવ.(રાજકોટ)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તા.૦૩-૦૪-૨૦૨૫ ગુરુવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૩–૪–૨૦૨૫ ગુરૂવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ**: ૧૯૪૬
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ચૈત્રશુદ છઠ સૂર્યષષ્ટી
**નક્ષત્ર** રોહિણી
**યોગ** સૌભાગ્ય **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૬.૩૯ **સુર્યાસ્તઃ** ૭.૦૨
**ચંદ્ર રાશી** વૃષભ સાંજે ૬.૨૩થી મિથુન
**રાશિ અક્ષર** બ.વ.ઉ/ક.છ.ઘ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી૧.૧૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી – ૯૯૨૫૬ ૧૧૯૭૭

## અગવડ વેઠવા માટેની બાદશાહી સગવડ એટલે પ્રવાસ!!

# તાજગી અને ઉલ્લાસ સાથે "પ્રવાસ" જીવનમાં સાહસ અને નીડરતા લાવે છે!!!

## પ્રવાસ જીવનમાં તાજગી અને ઉલ્લાસ ભરી દે છે!!

## દેશમાં જમ્મુ-કાશ્મીર લોકોની પ્રથમ પસંદગી!!

## ભાગદોડભર્યા જીવનથી દૂર જવા લોકોએ પ્રકૃતિની ગોદ પસંદ કરી

## ફેમિલી ટ્રીપ બાદ હવે લોકો સૂલો અને એડવેન્ચર તરફ વળ્યા







**અબતક, રાજકોટ**

જીવન એક સુંદર સફર છે. દરેકે દરેક માણસ એને ખુલીને જીવવાની ઈચ્છા રાખતો હોય છે. આ સફરને વધુ સુંદર બનાવે છે પ્રવાસ. પ્રવાસ જીવનમાં એક અલગ જ તાજગી અને ઉલ્લાસ ભરી દે છે. ખાસ કરીને કોરોનાના સમયગાળામાં આપણે એ શીખ્યા છીએ કે જીવનનો કોઈ ભરોસો નથી, તેથી લોકો મન ભરીને જીવી લેવા માંગે છે. તેથી જ હરવું ફરવું એ હવે અંતિમ પસંદગી નહીં પરંતુ લોકોના જીવન સાથે વણાઈ ગયું છે. તહેવારોની ઉજવણી દરમિયાન પણ લોકો ફરવા જવાને વધુ પ્રાથમિકતા આપતા થયા છે.

સમય સાથે પરિવર્તન સમાજનો નિયમ છે. સમયાંતરે લોકોની પસંદ બદલાતી રહે છે. આ નિયમ પ્રવાસને પણ લાગુ પડે છે. પહેલાના સમયમાં તીર્થયાત્રા ત્યારબાદ ફેમિલી ટ્રીપ, ગ્રુપ ટ્રીપ અને હાલના સમયમાં યુવાનોમાં તેમજ તરુણોમાં સોલો, એડવેન્ચર ટ્રીપનો ક્રેઝ વધી રહ્યો છે. તેમજ આ પ્રવાસના સ્થળોની પસંદગીમાં પરિવર્તન આવતું હોય છે. ત્યારે હાલના સમયમાં ડોમેસ્ટિકમાં ખાસ કરીને જમ્મુ કાશ્મીર સૌની પ્રથમ પસંદગી બન્યું છે. આ ઉપરાંત મનાલી, દાર્જિલિંગ, અરુણાચલ પ્રદેશ, આસામ, ચારધામની યાત્રા, હરિદ્વાર, દક્ષિણમાં કેરેલા સહિતના સ્થળ પર ફરવું લોકોને વધુ ગમે છે. આ ઉપરાંત ઈન્ટરનેશનલ ટુરમાં થાઈલેંડ, દુબઈ, બાકુ, સિંગાપોર, સ્વીટઝરલેન્ડ, વિયેતનામ, બાલી અને અમુક લોકો યુરોપ જવાનું પસંદ કરતા હોય છે.

ખાસ કરીને સમર વેકેશન શરૂ થઈ ગયું છે ત્યારે સ્ટુડન્ટમાં હવે ફેમેલી ટૂરમાં જવાની સાથે સાથે સોલો ટ્રીપ અને એડવેન્ચર ટ્રીપ તરફનું આકર્ષણ વધ્યું છે. અને તે મુજબ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ તેમજ હોલીડેઝ વાળા દ્વારા વ્યવસ્થા કરવામાં આવે છે. ખાસ કરીને હાલમાં લોકો યોગ્ય અને ક્વોલીટીવાળી સુવિધાઓ મળી રહે તે માટે બધું આગ્રહ રાખે છે. અર્થતંત્ર ઉચ્ચ આવ્યું હોવાને કારણે લોકોનું બજેટ પણ વધ્યું છે, જેની ખાસ અસર પ્રવાસન ક્ષેત્રમાં જોવા મળી છે. ત્યારે પ્રવાસ - પર્યટનમાં કઈ પ્રકારની સુવિધાઓ લોકો ઈચ્છે છે, કયા પ્રકારના ટુરમાં જવા ઈચ્છે છે, અને કઈ મુશ્કેલીઓનો સામનો લોકો તેમજ ટૂરિસ્ટ એજન્ટ કરતા હોય છે તેની તમામ સામાજિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી આબેહૂબ સ્થિતિ.

## આ વર્ષે બજેટમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો: કલ્પેશ સાવલિયા (સ્ટેલે ટૂર્સ)



અબતકની મુલાકાતમાં છેલ્લા ૧૪ વર્ષથી ટ્રાવેલ્સ ક્ષેત્રમાં કાર્યરત છે સ્ટેલે ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના કલ્પેશ સાવલિયાએ જણાવ્યું હતું કે હાલમાં લોકો જમ્મુ કશ્મીર જવાનું વધુ પસંદ કરતા હોય છે તેની પાછળનું કારણ ૩૭૦ કલમ હટી ગયા પછી જે પ્રકારનું ડેવલોપમેન્ટ ત્યાં થયું છે તે લોકોને આકર્ષે છે. ગયા વર્ષ કરતા હાલમાં ૩૦ થી ૪૦% વધારે લોકો ફરવા જવા માટે પૂછપરછ કરે છે. તેમજ બજેટમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. તેમાં મોટાભાગના બજેટ કરતા સર્વિસ વધારે પસંદ કરતા હોય છે. ફેમેલી ટ્રીપની સાથે સાથે ૨૦ થી ૨૮ વર્ષના લોકો બાઈક રાઈડિંગ અને ટ્રેકિંગ જેવી વધારે પસંદ કરતા હોય છે. તેમજ તેમના મતે પરિવાર સાથે સમય પસાર કરવો અદભુત આનંદ આપે છે.

## તહેવારોની સાથે લોકોમાં પ્રવાસ કરવાના સ્થળો પણ બદલાય છે: વિશાલ લાઠીયા (જીયા હોલીડેઝ)



અબતક સાથેની વાતચીતમાં આઠ વર્ષથી કાર્યરત જીયા હોલીડેઝના વિશાલ લાઠીયા એ જણાવ્યું હતું કે, ઈન્ટરનેશનલ લેવલે જે દેશ તેમણે જોયા છે તે જ ગ્રાહકોને દેખાડે છે. આ ઉપરાંત ઈન્ટરનેશનલ ટૂરમાં ટૂર મેનેજર સાથે તમામ પ્રકારની સુવિધાઓને ધ્યાનમાં રાખી પ્રવાસીઓને લઈ જવામાં આવતા હોય છે. આ ઉપરાંત પ્રવાસીઓના બજેટને ધ્યાનમાં રાખી પ્રવાસ નક્કી કરવામાં આવતો હોય છે. તેમજ તહેવારોની સાથે સાથે લોકોના પ્રવાસ કરવાના સ્થળો પણ બદલાવતા હોય છે. આ ઉપરાંત અત્યારના ટ્રેન્ડ પ્રમાણે જે વસ્તુઓ સૌથી વધુ ચાલે છે તેના વધુ ધ્યાન આપવામાં આવે છે. જેથી ભવિષ્યમાં ક્યારેય લોકોમાં સોલો ટ્રીપની માંગ વધશે તો અમારા દ્વારા તે માટે વ્યવસ્થા કરવામાં આવશે.

## લોકો કસ્ટમાઈઝ પેકેજનો વધુ આગ્રહ રાખતા થયા છે: નીતિન રાજાણી (કલ્યાણ ટૂર્સ)



અબતક સાથેની વાતચીતમાં ૨૦૦૮થી કાર્યરત કલ્યાણ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના મિતેન રાજાણીએ જણાવ્યું હતું કે દર વર્ષ કરતાં આ વખતે પ્રવાસીઓની ઈન્કવાયરીમાં વધારો જોવા મળી રહ્યો છે. પ્રયાગરાજને કારણે ઈન્કવાયરીમાં ફેરફાર જોવા મળશે તેવું માનવામાં આવતું હતું પરંતુ એવું થયું નથી. અત્યારે વધારે લોકો ફેમિલી ટુર્સ ત્યારબાદ ફ્રેન્ડસ અથવા કોલેજનું ગ્રુપ ઈન્કવાયરી માટે આવતા હોય છે. તેમજ હાલમાં લોકો કસ્ટમાઈઝ પેકેજનો સૌથી વધુ આગ્રહ રાખે છે. તેમજ ગ્રાહકોની સમસ્યાઓનું તાત્કાલિક નિવારણ કરવામાં આવે છે.

## સોલો ટ્રીપ સ્પેશિયાલિસ્ટ પાસે એરેન્જ કરાવી વધુ હિતાવહ: બિરેન ધ્રુવ (જીરાવાલા ટૂર્સ)



અબતક સાથેની વાતચીતમાં જુના અને જાણીતા જીરાવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના બિરેન ધ્રુવે જણાવ્યું હતું કે, આ વર્ષે મહાકુંભની ટુરીઝમ પર અસર જોવા મળે છે એમાં પણ ખાસ કરીને ડોમેસ્ટિકમાં ટૂરમાં જવાવાળા વર્ગમાં. કોરોના પછી ચારધામની યાત્રા વધુ ચાલતી થઈ છે અને લોકોમાં તેનો ક્રેઝ પણ વધ્યો છે તેને કારણે પાંચ ગણો બિઝનેસ વધ્યો છે. અત્યારે લોકોમાં ફેમિલી ટ્રીપનો પણ ટ્રેન્ડ વધતો જાય છે. તેમજ સોલો ટ્રીપ માટે સ્પેશિયાલિસ્ટ પાસે જઈને જ ટૂર અરેન્જ કરવી જોઈએ. તેમજ રાજકોટ વાત કરવામાં આવે તો વધુ પડતું ફેમિલી અને હનીમૂન કપલ ટુર જોવા મળે છે. વેકેશનને લઈ અત્યારે ગ્રાહકો સૌથી વધુ તપાસ કરતા હોય છે. ત્યારે લોકો સૌથી વધુ ફ્લાઈટ દ્વારા જવાનું પસંદ કરે છે. આ ઉપરાંત જીરાવાલા દ્વારા દુબઈમાં પણ છેલ્લા પાંચ વર્ષથી ગ્રુપ ટુર ચાલુ કરવામાં આવેલ છે. જેમાં અહીંયાથી સ્પેશિયલ મેનેજર પ્રીમિયમ પેકેજ અને ગુજરાતી ફૂડ પુરુ પાડવામાં આવે છે.

## ઓનલાઈન સારી માહિતી સાથે દૂષણ પણ છે: દીપેન રાજાણી (મિનાક્ષી ટુર્સ)



અબતક સાથેની વાતચીતમાં ૧૪ વર્ષથી સેવા આપતા મિનાક્ષી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના દીપેન રાજાણીએ જણાવ્યું હતું કે, તેઓ ગ્રુપ ડીપાર્ટચર એફઆઈટી વગેરે તમામ પ્રકારની ટ્રીપો પ્લાન કરી આપે છે. કોઈને એડવેન્ચર ગ્રુપમાં શિમલા મનાલી કે કોઈપણ જગ્યાએ જવું હોય તો તેમના દ્વારા અરજ કરી દેવામાં આવતું હોય છે આ ઉપરાંત ફેમિલી ટૂરમાં ગ્રુપ ડિપારચરમાં દુબઈ થાઈલેન્ડ આ ઉપરાંત એફઆઈટીમાં પણ તમામ જગ્યાએ તેમના દ્વારા વ્યવસ્થા કરી આપવામાં આવતી હોય છે. તેમના દ્વારા ડોમેસ્ટિક, નેશનલ, અને ઈન્ટરનેશનલ ટ્રીપ માટે ઈન્કવાયરી આવતી હોય છે જેમાં ઓનલાઈનની સરખામણી કરવામાં આવતી હોવાનું જણાવ્યું હતું. તેમના મતે ઓનલાઈન સારી વસ્તુની સાથે દૂષણ પર છે. જેમાં ચીટીંગ અને ફ્રોડ વધુ થતા હોય છે. તો ક્યારેક પૂરતી સુવિધાઓ આપવામાં આવતી નથી. જે બાદ લોકો એજન્ટનો સંપર્ક કરતા હોય છે. ત્યારે નિષ્ણાંતો ની સલાહ લીધા બાદ પ્રવાસનું આયોજન કરવું હિતકારી છે.

## મીડિયામાં નહીં રિયલમાં સ્થળ કેવું હશે તે જાણવું જરૂરી: દિલીપ વસલાણી (ફેવરિટ ટુર્સ)



અબતક સાથેની વાતચીતમાં ૨૯ વર્ષથી કાર્યરત ફેવરિટ ટુરના દિલીપ વસલાણીએ જણાવ્યું હતું કે, પ્રવાસન ક્ષેત્રમાં કોવિડ સમય ગાળા દરમિયાન બેથી સવા બે વર્ષ લોકો ફરવા ન જઈ શક્યા તેની અસર કોવિડ પછી જોવા મળી. જેથી રિવેન્જ ટુરિઝમ એવું ચાલ્યું કે લોકો કોઈપણ રીતે ફરવા જવા તરફ આકર્ષાયા છે. એવી રીતે લોકો રીવેન્જ ટુરીઝમા એ હદે ફરિયા કે ધીમે ધીમે એ પ્રવાહ ઓછો થઈ ગયો છે. ગ્રુપ ટૂર બાદ હવે લોકોમાં કસ્ટમાઇઝ ટુર નું મહત્વ વધ્યું છે. લોકો પોતાનું ગ્રુપ બનાવીને જવાનું વધુ પસંદ કરે છે. તેમજ સંપૂર્ણ રિસર્ચ કરીને અને બજેટ બનાવીને લોકો એજન્ટ પાસે આવતા હોય છે, જેથી તેઓનું કામ પણ સહેલું થઈ રહ્યું છે. સિનિયર્સ ઉપરાંત કપલ અને યંગસ્ટર્સ વધારે કસ્ટમરમાં જવાનું અગ્રહ રાખતા હોય છે. આ ઉપરાંત સોશિયલ મીડિયામાં જગ્યા કેવી લાગે છે તેના કરતાં રિયલમાં તમને કેવું લાગશે તે વિચારીને જવાબ માટે યંગસ્ટરોને તાકીદ કરી હતી. વધુમાં જણાવ્યું હતું કે સોલોટ્રીપ કંડક્ટ કરવી થોડી ડિફિકલ્ટ થઈ છે. સોલો ટ્રાવેલ્સ એ એવી રીતે ફરવું છે જેમાં લોકોને કોઈપણ બાઉન્ડ્રી નડતી નથી. સોલો ટ્રીપ માટે લોકો અગાઉથી તૈયારી કરીને આવેલા હોય છે. સોલો ટ્રીપ દર વખતે એડવેન્ચર હોય તે જરૂરી નથી. ઘણી વખત સોલર ટ્રીપની અંદર તેઓ ઐતિહાસિક સ્થળો પણ ફરવાનું પસંદ કરે છે. એક ટ્રીપમાં એક ગ્રુપ દ્વારા શ્રીલંકામાં રામાયણની ઘટનાને લઈ ટુર કરાઈ હતી. અત્યારે એપ્રિલ મહિનામા સૌથી વધુ લોકો લેહ લદાકથી બાઈક ટુર કરવાનું પસંદ કરતા હોય છે.

## વેસ્ટર્ન કન્ટ્રીમાં ફેવરીટ સોલો ટ્રીપનો હવે ભારતમાં ક્રેઝ વધ્યો: શૈલેષ પાદરીયા (પટેલ હોલિડેઝ)



અબતક સાથેની વાતચીતમાં ૨૦ વર્ષ પહેલા જેતપુરથી બિઝનેસની શરૂઆત કરનાર અને ૨૦૧૧ થી રાજકોટમાં કાર્યરત પટેલ હોલિડેઝના શૈલેષ પાદરીયા એ જણાવ્યું હતું કે અત્યારે લોકોમાં ટુરીઝમ ફેવરિટ થઈ ગયું છે. કોવિડ પછી લોકોને સમજાણું છે કે જે કમાણીનો એક હિસ્સો ફેમિલી માટે રાખવામાં આવે છે, ત્યારે ફેમિલીને સમયે આપવા માટે સૌથી વધારે લોકો ફરવા જવાનું પસંદ કરે છે. એક સમયે લોકો જે રીતે દુબઈ અને સિંગાપુર જતા તે રીતે અત્યારે લોકોને વિયેતનામ જવું પસંદ આવતું હોય છે. ફેમિલી ટ્રીપ માટે ખાસ કરીને બાળકોને લઈ જતા પરિવાર એક્ટિવિટીઝવાળી જગ્યા જેમ કે થાઈલેન્ડ વધુ પસંદ કરી રહ્યા છે. આ સાથે સોલો ટ્રીપ માટે અત્યારે ધીમે ધીમે કોવીડ પછી ક્રેસ વધતો જાય છે જનરલી વેસ્ટન કન્ટ્રીઝમાં ફેવરેટ હતી હવે ધીમે ધીમે તે ઈન્ડિયાની અંદર પણ વધુ ટ્રેન્ડ બાજુમાં મળે છે. ત્યારે હમણાં જ રાજકોટમાં ૬૦ થી વધારે સોલો ટ્રાવેલર્સ ભેગા થયા હતા અને એકબીજાને એક્સપિરિયન્સ શેર કર્યા હતા. પટેલ ગ્રુપ દ્વારા સોલો બાઈક રાઈડિંગમાં જેન્ટ્સ માટેની અને મહિલાઓ માટેની આયોજન ગીર સોમનાથથી દિવ સુધીની કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્વીઝરલેન્ડની અંદર જે સૌંદર્ય છે તેના કરતાં પણ વધુ સૌંદર્ય જમ્મુ અને કાશ્મીરમાં જોવા મળે છે. જેથી તે સૌની વિશેષ પસંદગી છે. જ્યાં ગવર્મેન્ટ માટેનો એક ડ્રીમ પ્રોજેક્ટ એટલે કે રેલ્વે મિનિસ્ટ્રી નું પુલવામાથી લઈ શ્રીનગર થઈ જમ્મુ સુધીનો ટ્રેક ૨૭૭ કિલોમીટરનો ટ્રેક કમ્પ્લીટ કરવામાં આવ્યો છે. જેમાં ૧૯ થી વધારે એ રીટર્નલ છે જે ૧૭ કિલોમીટરની છે. જેનું ૧૯ એપ્રિલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તેનું ઓપનિંગ કરવામાં આવશે. જે પ્રવાસન ક્ષેત્રને વેગ આપશે. કારણ કે અત્યારે લોકો હિસ્ટોરિક પ્લેસની જગ્યાએ નેચરને પસંદ કરતા હોય છે.

## બાળકના સર્વાંગી વિકાસ માટે ટ્રેકિંગ ખૂબ જ જરૂરી: ધર્મેશ ઝિંઝુવાડીયા (ટ્રાવેલ વ્યુ)




પોતાનો ખરાબ અનુભવમાંથી શીખી અન્યના અનુભવને યાદગાર બનાવનારા અને ૭ વર્ષથી આ ક્ષેત્રે જોડાયેલ ટ્રાવેલ વ્યૂના ધર્મેશ ઝીંઝુવાડીયાએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેઓ સ્પેશ્યલી ફેમેલી ટુર, ડોમેસ્ટિક, ઈન્ટરનેશનલ ટૂર સાથે બાળકો માટે ટ્રેકિંગનું અરેન્જમેન્ટ કરે છે. બાળકોની સાહસિકતા અને તેની ફિઝિકલ હેલ્થ સારી બને તે માટે ટ્રેકિંગ કરાવવામાં આવે છે. આ સાથે ટ્રેકિંગના લીધે બાળકમાં રહેલો ડર પણ દૂર થાય છે. અત્યારે સૌથી વધારે ટ્રેકિંગ માટે મનાલી તેમજ ત્યાં ૧૪૦૦૦ ફીટ પર આવેલી જગ્યાએ જવાનું લોકોને વધુ પસંદ પડતું હોય છે. ટ્રેકિંગ માટે માતા-પિતાને ખૂબ જ ડર લાગતો હોય છે. પરંતુ એ જ્યારે યોગ્ય રીતે આયોજિત કરવામાં આવ્યું હોય ત્યારે જોખમ ઓછું થઈ જાય છે. ટ્રાવેલ વ્યુ દ્વારા ટ્રેકિંગને લગતા તમામ નિયમોનું પાલન બાળકો દ્વારા કરાવવામાં આવે છે. તેમજ સેફ જગ્યા અને એક્સપર્ટ ગાઈડને સાથે રાખવામાં આવે છે. એક ટ્રાવેલ એક્સપર્ટ તરીકે ધર્મેશ ઝિંઝુવાડીયાનું માનવું છે કે દરેક બાળકને એકવાર ટ્રેકિંગમાં મોકલવું જ જોઈએ. જેનાથી તેનો સર્વાંગી વિકાસ થાય છે. આ ઉપરાંત બાળકોનો બૌદ્ધિક, શારીરિક અને માનસિક વિકાસ થાય છે. આ સાથે ૧૧ વર્ષથી લઈને ૧૮ વર્ષ સુધીના બાળકો ટ્રેકિંગમાં વધુ જતા હોવાથી તેઓ નીડર, સાહસિક બને છે. અને તેમના માટે લાઈફ ટાઈમ મેમરી બને છે. ફેમિલી ટ્રીપની સાથે સોલો ટ્રીપ પણ આવશ્યક છે જેથી બાળકો ઘણું બધું શીખી શકે છે.

## ફરવા જવાવાળાને મંદી નડતી નથી: દીપક કારીયા (બેસ્ટ ટુર્સ)



અબતક સાથેની વાતચીતમાં ૨૯ વર્ષથી કાર્યરત બેસ્ટ ટુરના દીપક કારીયાએ જણાવ્યું હતું કે લોકો હાલના સમયમાં સુવિધાઓને વધુ પ્રાધાન્ય આપે છે. ત્યારે બેસ્ટ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ દ્વારા વેજ નોનવેજ જમવાનું મિક્સ ન થાય તે માટે ખાસ અમુક સેક્ટર્સમા રાજસ્થાની મહારાજને સાથે લઈ જવામાં આવે છે. આ વર્ષ સીઝન થોડીક નબળી છે કારણ કે કદાચ એવું બને કે ડોલર્સના ભાવ અથવા તો યુરોપ પાઉન્ડ ભાવ એ હાઈટ ઉપર છે. અત્યારે તો પેકેજ અને પ્લસ એર ટિકિટના ભાવ પણ વધી ગયા છે. જેના પર ઓવરઓલ શેર માર્કેટની અથવા રીયલ એસ્ટેટની મંદીની અસર હોય તેવું જણાવ્યું હતું. તેમજ ઓનલાઈન ફ્રોડ વિશે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે કોઈ પણ સ્થળે જઈને હેરાન થવા કરતા અગાઉ ટ્રાવેલ એજન્ટોનો સહારો લઈ પ્લાનિંગથી ફરવા જવું ઈચ્છનીય છે. ગ્રુપ બાદ સોલો ટ્રીપ અંગે જણાવ્યું હતું કે હાલના યુવાનો મોટાભાગે ઓનલાઈન સર્ફિંગના પ્રભાવમાં આવી જગ્યાઓ પસંદ કરતા હોય છે. આ ઉપરાંત પહેલાના જમાનાની જેમ દરેક જગ્યા ફરી લેવાની ઘેલછા કરતા હાલના સમયમાં જે જગ્યા પર ગયા છે તે જગ્યાને ઊંડાણપૂર્વક સમજવામાં લોકો વધુ રસ ધરાવે છે. ફેમિલી ટ્રીપમાં જવાનું પ્રમાણ વધારે છે પરંતુ તેમાં પણ પસંદગી બદલાઈ છે. બે કે ત્રણ ફેમિલી એક સાથે ગ્રુપ બનાવીને સાથે જવાનું વધારે પસંદ કરે છે. આ સાથે નક્કી કરેલા દિવસોમાં નક્કી કરેલા સમય મુજબ લોકો જવાનું વધારે પસંદ કરે છે. તેમજ ફરવા જવા વાળા લોકોને મંદીની અસરનડતી નથી, બજેટની ચિંતા કર્યા વગર સુવિધા પૂર્ણ મોંઘા બજેટો ની ટ્રીપ બુક કરતા હોય છે. બીજું કે છેતરામણા ભાવ જોઈને ભરમાવાનું નહીં કેમકે એમાં બહુ લોકો છેતરાય છે.

## ટુરિસ્ટ અને ટ્રાવેલર બંને અલગ છે: જયવાન પટેલ (હરડોફિલિયા)



અબતક સાથેની વાતચીતમાં હરડોફિલિયા એડવેન્ચર એન્ડ હોલીડેસના જયવાન પટેલે જણાવ્યું હતું કે ઈકોનોમિની ટુરીઝમના બિઝનેસ પર વધુ પડતી અસર જોવા મળી નથી. તેમના મત મુજબ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સમાં ટુરિસ્ટનો વર્ગ અલગ છે અને ટ્રાવેલરનો વર્ગ અલગ છે. ટૂરિસ્ટ લોકો બજેટ અને સમય મુજબ ટ્રીપ કરતા હોય છે. જ્યારે ટ્રાવેલર્સ અલગ અલગ માહિતી સાથે દુનિયા જોવાવાળા હોય છે. જેઓ એક ડેસ્ટિનેશન પર ઉભા રહેતા નથી. જેમાં ખાસ કરીને ભાગદોડ ભર્યા જીવન અને પ્રેશર કુકર વચ્ચે જીવતા હોવાથી થાકીને અત્યારે લોકો પ્રકૃતિ તરફ થવાનું વધારે પસંદ કરતા જોવા મળ્યા છે. આ સિવાય પણ જ્યારે ફરવા જાય છે ત્યારે દરેક જગ્યાએ જોવાની હાય-હોય કરતા એક જ જગ્યા નો આનંદ માણવો વધુ હિતાવહ છે કારણ કે ઘણીવાર લોકો ટેન્શનમાંથી બહાર નીકળવા ફરવા જતા હોય છે પરંતુ ત્યાં જઈને પણ હાય-હોય કરીને ટેન્શનમાં રહે છે. જેને કારણે થાક લાગે છે. તેમજ ફેમેલી ટ્રીપ અને સોલો ટ્રાવેલિંગ બંનેનું જીવનમાં સમાન મહત્વ હોવા અંગે જણાવ્યું હતું.

# જૈનમ: મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવનું કાર્યાલય ખુલ્લુ મુકાયું

## વિવિધ કમિટીની રચના કરી કાર્યોની છણાવટ કરાય






**અબતક, રાજકોટ**

રાજકોટનો સમસ્ત જૈન સમાજ જૈનમનાં સથવારે ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જન્મ કલ્યાણક મહોત્સવ ખૂબ રંગેચંગે ઉજવે છે ત્યારે આ મહોત્સવનાં સંકલન તથા સંપર્ક માધ્યમ તરીકે કાર્યાલયથી તમામ વ્યવસ્થાને ઓપ આપવામાં આવે છે, સમગ્ર મહોત્સવના કેન્દ્ર

બિંદુ સમાન મધ્યસ્થ કાર્યાલય જે ધર્મેશભાઈ શાહનાં સહયોગથી કેમ્પેઈન કોર્પોરેટ હાઉસ, ૨૭/૩૮ ન્યુ જાગનાથ પ્લોટ કોર્નર, જસ્મીન ડ્રાઈવીંગ સ્કુલ પાછળ, રાજકોટ ખાતે કાર્યરત થઈ ગયું છે તેનું ગત તા.૩૧-૩-૨૦૨૫ ને સોમવારનાં રોજ દાનવીર દાતા જીતુભાઈ બેનાણી તથા હિતેશભાઈ દોશીનાં હસ્તે આ મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૈનમ પરિવારને હંમેશા હુંફ આપતા દાનવીર દાતાઓ, જૈન આગેવાનો, જૈનમ પરિવારનાં કમીટી મેમ્બર મીત્રો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આગામી દિવસોમાં મહોત્સવની પૂર્ણાહુતી સુધી આ કાર્યાલય ખાતેથી વિવિધ વ્યવસ્થા અને કાર્યક્રમને લગતી કામગીરી થવાની છે જે કાર્યાલયની જવાબદારી કાર્યાલય

(અનુ. આઠમા પાને)

## ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવમાં જૈન-જૈનેત્તરો લેશે ગૌતમ પ્રસાદનો લાભ



રાજકોટનો સમસ્ત જૈન સમાજ ભગવાનશ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવની ઉજવણી કરવા જઈ રહ્યો છે ત્યારે આ ઉજવણીનાં ભાગરૂપે રાજકોટનાં સ્થાનકવાસી, દેરાવાસી, શ્રીમદ્ રાજચંદ્ર ટ્રસ્ટ તેમજ દિગંબર શ્રીસંઘો તથા જૈન સાથી સંસ્થાઓના તમામ સભ્યો સહીતનો સમગ્ર જૈન સમાજ એક ભાણે બેસીને સંપૂર્ણ જયણાંપૂર્વકની વિધીથી બનાવેલ ગૌતમ પ્રસાદનો લાભ લેશે. ગત વર્ષે ૫૬૦૦ જેટલા જૈન શ્રાવક શ્રાવિકાઓ તથા મોટી સંખ્યામાં જૈનેતરોએ પણ આ ગૌતમ પ્રસાદનો લાભ લીધો હતો.

શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકમાં હજારોની સંખ્યામાં જૈનો જેમાં ચારેય ફિરકાનાં જૈનો, વિવિધ સંઘો, સાથી સંસ્થાઓ, સોશ્યલ ગ્રુપો, મહિલા મંડળ, યુવક મંડળ સહીતનાં જૈનોનો સમાવેશ થાય છે. તેઓ તમામ કાર્યક્રમો ભાવભેર જોડાય છે, આ નિમિતે અનેકવીધ કાર્યક્રમો જન્મ કલ્યાણકનાં દિવસ પૂર્વે શરૂ થઈ જતા હોય છે. જે અંતર્ગત આગામી તા.૫ નાં રોજ ઓપન રાજકોટ રંગોળી સ્પર્ધા, તા.૬નાં રોજ ઓપન રાજકોટ ચિત્ર સ્પર્ધા, તા.૯નાં રોજ ભગવાન મહાવીરના બાળ સ્વરૂપને કાલાવાલા કરવાનો અનેરો અવસર એટલે વિર પ્રભુનું પારણું, તા.૧૦નાં રોજ આયોજીત બાળકોની વેશભુષા સ્પર્ધા, અનેક વિધ ફલોટ સાથેની મણીયાર દેરાસર, ચૌધરી હાઈસ્કુલથી પ્રારંભ થઈ સુશોભીત રૂટ ઉપર ફરીને જૈન મોટા સંઘ ખાતે પૂર્ણ થનારી ધર્મયાત્રા, ધર્મસભા તથા અંતે હજારોની સંખ્યામાં શ્રાવકો જેનો લાભ લેશે એવા ગૌતમ પ્રસાદ સહીતનાં આયોજન કરવાનું નિમીત જૈનમ પરિવાર બન્યું છે ત્યારે રાજકોટનાં સમસ્ત જૈન સમાજને એક તાંતણે બાંધવાનું ભગીરથ કાર્ય સુપેરે કરવા જઈ રહેલ જૈનમ પરીવારનાં વિવીધ કમીટી મેમ્બરોનો

(અનુ. આઠમા પાને)

### રામનવમીના પાવન પર્વે

# કિશાન ગૌશાળામાં રવિવારે ગૌ-સંસ્કૃતિ અને રામભકિતનો થશે સમન્વય

## પત્રકાર પરિષદને સંબોધતા કિશાન ગૌશાળાના ચંદ્રેશ પટેલે સમગ્ર માહિતી આપી




તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

રામનવમીનાં પાવન પર્વ નિમીતે રાજકોટની ભાગોળે આજીડેમ ચોકડી પાસે, રામવનની સામે,રાજકોટ ખાતે આવેલ કિશાન ગૌશાળામાંતા. ૦૬/૦૪/૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૦૯-૦૦ થી બપોરે૦૧-૦૦ વાગ્યા સુધી 'કામધેનુ ગૌ યજ્ઞ' , ગૌ પૂજનનો કાર્યક્રમ વૈદિક મંત્રોથી કરવામાં આવશે. સાથમાં જ ભજન, કિર્તન, પ્રવચન, હવન, રામ આરાધના કરાશે. 'કામધેનુ ગૌ યજ્ઞ', ગૌ પૂજનમાં આવનાર તમામ ભાવિક ભકતો માટે ભોજન-પ્રસાદ-ફળાહારની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.આ દિવ્ય અનુષ્ઠાન ગૌસંસ્કૃતિ અને રામ ભકિતના પ્રસાર માટે રાખવામાં આવ્યું છે. સૌ ભાવિકજનો રામ વંદના, ગૌ આરતી, ગૌમાતા સાથે સેલ્ફી ઝોન,ભજન-કીર્તન, રાસ-ગરબાનો આનંદ પણ સહપરિવાર લેશે.રામ જન્મના વધામણાં સાથે પૂર્ણ પુરષોતમ ભગવાન શ્રીરામની મહાઆરતી અને ગૌઆરતી કરાશે. સાથમાં જ પધારનાર દરેક ગૌભકતને ચકલીનો માળા, પીવાના કુંડા (રામપાતર) નું નિઃશુલ્ક ભેટ આપવામાં આવશે.

પત્રકાર પરિષદને સંબોધતા કિશાન ગૌશાળાનાં ચંદ્રેશભાઈ પટેલ દ્વારાગુજરાતમાં ગૌ માતાની સંરક્ષણ અને સિદ્ધાંતોને મજબૂત બનાવવા માટે ગાયમાતાને ''રાજ્યમાતા'' નોદરજ્જો આપવામાં આવે, તેમજ અલગ ગૌ મંત્રાલય અને પશુ કલ્યાણ મંત્રાલયની રચના પશુઓના સંરક્ષણ અને ગૌશાળાઓના વિકાસ માટે અલગ મંત્રાલય બનાવવા માટે ગુજરાત સરકારને વિનંતીકરવામાં આવેલ છે.

'કામધેનુ ગૌ યજ્ઞ' ગૌ પૂજનનાંકાર્યક્રમને સફળ બનાવવા માટે કિશાન ગૌશાળાના પ્રમુખ ચંદેશભાઈ પટેલ, વાલજીબાપા પરસાણા,કિશોરભાઈ વરસાણી, પ્રવિણભાઈ વસોયા, જયંતીભાઈ તારપરા, રસીકભાઈ વોરા, સંજયભાઈ, ભરતભાઈ, દિલીપભાઈ બરાસરા, રાજુભાઈ ચોવટીયા, ખોડીદાસભાઈ નંદાણીયા, રમેશભાઈ મોલીયા,અશોકભાઈ(ઉમેશ સ્ટેશનરી ગ્રુપ), ભરતભાઈ,

(અનુ. આઠમા પાને)

# ભારત અને જાપાનના સદીઓ જુના સંબંધો આજે પણ અકબંધ: સર જયોર્જ

## જાપાનની ધર્મયાત્રામાં માધવપ્રિયદાસજીનું રાજદુત સર જયોર્જે ભાવભેર કર્યુ સ્વાગત



**અબતક, રાજકોટ**

અમદાવાદ ખાતે આવેલ સુપ્રસિધ્ધ સંસ્કથા એસીજીવીપી ગુરુકુલના અધ્યક્ષ જાપાનની ધર્મયાત્રાએ પધાર્યા છે. આ યાત્રા દરમિયાન તેઓ જાપાનના પાટનગર કોકિયો ખાતે ભારતીય એમ્બેસી પધાર્યા હતા. એમ્બેસીની બિલ્ડિંગમાં પ્રવેશ્યા કે તુરત જ ભગવાન ગણેશની એક વિશાળ પ્રતિમા જોઈને સૌને અંતરમાં ખૂબ આનંદ થયો હતો. વર્તમાન રાજદૂત સર જ્યોર્જે સ્વામીજી તથા સંતોનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું હતું.

ભારત અને જાપાન વચ્ચે સદીઓ જૂના ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સંબંધો સુદૃઢ રહ્યા છે. સર જ્યોર્જે જણાવ્યું કે, આ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે ભારતીય દૂતાવાસ દ્વારા હોળી, દિવાળી, રક્ષાબંધન, રથયાત્રા વગેરે તહેવારો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ભારત અને

(અનુ. આઠમા પાને)

# રાજકોટ રેલવે ડિવિઝનને રૂ.૨૪૫૩.૬૮ કરોડની રેકોર્ડ બ્રેક આવક: અશ્વિની વૈષ્ણવ


## માલપરિવહનથી રૂ. ૨૦૨૫.૨૮ કરોડ અને મુસાફરો થકી રૂ.૩૯૮.૧૦ કરોડની આવક નોંધાઇ

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલ્વેનો રાજકોટ ડિવિઝન ભારતીય રેલ્વે માટે કમાણીની દ્રષ્ટિએ સતત નફાકારક સાબિત થઈ રહ્યો છે. રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારે જણાવ્યું હતુ કે દર વર્ષની જેમ આ વખતે પણ ડિવિઝને રેકોર્ડ આવક મેળવીને નવો રેકોર્ડ બનાવ્યો છે અને સર્વાંગી વિકાસની દિશામાં ધ્વજ લહેરાવ્યો છે.

રાજકોટ ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન તેના તમામ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે અને ૨૪૫૩.૬૮ કરોડ રૂપિયાની રેકોર્ડ વાર્ષિક આવક મેળવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨૭૬.૩૪ કરોડ રૂપિયાની વાર્ષિક આવક કરતાં ૮% એટલે કે ૧૭૭.૩૪ કરોડ રૂપિયા વધુ છે.

રાજકોટ ડિવિઝનને ૨૦૨૪-૨૫માં માલ પરિવહન થી રૂ. ૨૦૨૫.૨૮ કરોડની આવક થઈ છે, જે ગયા વર્ષની રૂ. ૧૮૭૧.૧૨ કરોડ કરતાં ૮.૨૪% એટલે કે રૂ. ૧૫૪.૧૬ કરોડ વધુ છે. આ રાજકોટ ડિવિઝનને માલ પરિવહન માંથી પ્રાપ્ત થયેલ આ અત્યાર સુધીની



સૌથી વધુ વાર્ષિક આવક છે. રેલ્વે ડિવિઝને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૦.૮૧ મિલિયન મેટ્રિક ટન માલ સામાન લોડ કર્યું છે, જેમાં મુખ્યત્વે પેટ્રોલિયમ ઉત્પાદનો, ઔદ્યોગિક મીઠું, કન્ટેનર, ખાતરો, કોલસો, એલપીજી, સોડા એશ, સિમેન્ટ, અનાજ વગેરેનો સમાવેશ થાય છે. રાજકોટ ડિવિઝનને ૨૦૨૪-૨૫માં મુસાફરોની આવકમાંરૂ. ૩૯૮.૧૦ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષના રૂ. ૩૭૪.૧૨ કરોડ હતી, જે ગયા વર્ષ કરતાં ૬.૫% વધુ એટલે કે રૂ. ૨૩.૯૮ કરોડ વધુ છે. આ રાજકોટ ડિવિઝનને અત્યાર સુધી મેળવેલી મુસાફરોની આવકમાંથી સૌથી વધુ વાર્ષિક આવક છે. આ વર્ષે રાજકોટ ડિવિઝનમાંથી લગભગ ૧.૧૧ કરોડ મુસાફરોએ મુસાફરી કરી છે.

રાજકોટ ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાની મહેનત અને સમર્પણથી કામ કરીને ડિવિઝનને દરેક ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને નોંધપાત્ર આવક મેળવીને ભારતીય રેલ્વેના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

# જૈન વિઝન દ્વારા પ્રભુ મહાવીર સ્વામી જન્મ કલ્યાણ મહોત્સવની ઉજવણી: વિવિધ કાર્યક્રમની હારમાળા

## ૯મી માર્ચએ મેઘાણીના ગીતો ઉપર લોકડાયરો અને ૧૦મીએ આવો રે આવો મહાવીર નામ લઈએ કાર્યક્રમ



**અબતક, રાજકોટ**

ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક અવસરે રાજકોટ ખાતે સતત ૧૨મા વર્ષે સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થા જૈન વિઝન દ્વારા અનંત ઉપકારી પ્રભુ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવ નિમિત્તે વિવિધ સમાજલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જૈન વિઝનના સંયોજક મિલન કોઠારીના જણાવ્યા અનુસાર જૈન સમાજના ચારેય ફિરકાઓનો અતિ લોકપ્રિય ભક્તિ સંગીતનો કાર્યક્રમ 'આવો રે આવો મહાવીર નામ લઈએ' નું અનોખું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તારીખ ૧૦ મી એ રૈયા રોડ પર પ્રમુખસ્વામી ઓડિટોરિયમમાં યોજાશે આ કાર્યક્રમમાં મુંબઈ અને અમદાવાદના શ્રેષ્ઠ સિંગરો ભકિતરસ પીરસશે.

આ પૂર્વે તારીખ ૯મીએ 'રંગ કસુંબલ ડાયરો'નું અહોભાવ અને ભકિતપૂર્વક અનેરું અદકેરૂ આયોજન હેમુ ગઢવી હોલમાં કરવામાં આવ્યું છે.

અ । લોકકસુંબલ ડાયરામાં ગુજરાતના ખ્યાતનામ લોકકલાકારો રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત-સંશોધિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનોની રમઝટ બોલાવશે.

જૈન-કુળમાં જન્મેલા ઝવેરચંદ મેઘાણીએ માત્ર ૧૨ વર્ષની વયે જૈન પાઠશાળામાં જૈન સ્તવનની સહુ પ્રથમ રચના કરી હતી. આથી ઝવેરચંદ મેઘાણીની 'બાલ્યાવસ્થાની લીલાભૂમિ' રાજકોટ ખાતે આ પ્રેરક આયોજનનું સવિશેષ મહત્વ છે.

આગામી તારીખ છઠ્ઠીને રવિવારે એક સાથે ચાર સમાજ લક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા દત્તક લેવામાં આવેલા ઝૂંપડપટ્ટીના વંચિત બાળકોને ફન વર્લ્ડની પિકનિક કરાવવામાં આવશે.

આ ઉપરાંત રકતદાન કેમ્પ, બાળકો માટે પ્રભુ મહાવીર સ્વામી ચિત્ર સ્પર્ધા સામાજિક સંસ્થાઓમાં કેરીના રસનું વિતરણ, શેરડીના રસનું વિતરણ, પારેવાને ચણ અને પક્ષીઓના કુંડાનું વિતરણ જેવા કાર્યક્રમો પણ યોજાશે.

ટીમ જૈન વિઝન સતત ૧૨મા વર્ષે ભવ્ય આયોજનની હારમાળા સર્જવા તડામાર તૈયારીમાં લાગી ગયેલ છે.

# ગઢની રાંગવાળા મુંધવા પરિવાર દ્વારા ચોર્યાશી પંચની મચ્છુ માતાજીનો ત્રિ-દિવસીય પાટોત્સવ

## દેહશુધ્ધી, ધ્વજારોહણ, નવચંડી યજ્ઞ, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

રાજકોટ ભરવાડ સમાજનું રખોયુ કરતી દિવાનપરા સ્થિત ચૌરાસી પંચની આઈશ્રી મચ્છો માતાજીના સાનિધ્યમાં રાજકોટ ગઢની રાંગ મુંધવા પરિવાર દ્વારા તા. ૪,૫ અને ૬ એમ ત્રણ દિવસ નવચંડી મહાયજ્ઞ, આદ્યશકિત માતાજીનો હવન, ધ્વજારોહણ, છપ્પન ભોગ, મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ધાર્મિક ઉત્સવમાં દર્શન અને પ્રસાદનો લાભ લેવા પધારવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

'અબતક' ની શુભેચ્છા મુલાકાતમાં અજય મુંધવા એ જણાવ્યું હતું કે, આઈશ્રી મચ્છો માતાજીના સાનિધ્યમાં સંતો મહંતોની ઉપસ્થિતિમાં આદ્યશકિતના ભુવા પપ્પુભાઈ ભુપતભાઈ મુંધવા અને આઈશ્રી મચ્છોમાંના ભુવા ભગાભાઈ સરસીયાની આગેવાનીમાં તા. ૪-૪-૨૫ ને શુક્રવારે સાંજે ૫.૩૦ કલાકે દેહશુધ્ધિ કાર્યક્રમ, સવારે ૮ વાગ્યે શ્રી રાણીમા રૂડીમા ઠાકર મંદિર, રામનાથ મહાદેવ, હાથીઘરાવાળા મેલડી મંદિર, સુરાપુરા મંદિરે ધ્વજારોહણ કરવામાં આવશે.

તા. ૫-૪ ને શનિવારે સવારે ૮ કલાકે આઈશ્રી મચ્છો માતાજીના નવચંડી મહાયજ્ઞનો પ્રારંભ થશે. ત્યારબાદ ધ્વજારોહણ કાર્યક્રમ તેમજ બપોરે ૧.૩૦ કલાકે બીડુ હોમાશે. શનિવારે સાંજે ૭ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

તા. ૬-૪ ને રવિવારે સવારે ૯ કલાકે આદ્યશકિત માતાજીના હવનનો પ્રારંભ થશે. નવચંડી યજ્ઞ અને હવનની ધાર્મિક વિધી શાસ્ત્રી જયેશભાઈ વ્યાસના વ્યાસાસને યોજાશે.

આ ધાર્મિક ઉત્સવ પ્રસંગે ભરવાડ સમાજના ધર્મગુરુ

(અનુ. આઠમા પાને)

### 'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં અજય મુંધવાએ આપી માહિતી

# કણસાગરા મહિલા કોલેજનો ગ્રામ્ય વિકાસનો સેવા કેમ્પ સંપન્ન

## શહેરથી દૂરના ગ્રામ્ય વિસ્તારોમાં સતત સાત દિવસ ૭૦થી વધુ સેવા કાર્યોમાં કોલેજના ૧૨૫ છાત્રા જોડાયા: દરરોજ સાંજે સાંસ્કૃત્તિક કાર્યક્રમ યોજાયા



**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય સેવા યોજના સ્પે.કેમ્પનું આયોજન રાજકોટ તાલુકાના ખોરાણા ગામે કણસાગરા મહિલા કોલેજ દ્વારા એનએસએસ પ્રોગ્રામ ઓફીસર ડો.યશવંત ગૌસ્વામી અને ડો.આર.સી. પરમાર તથા પ્રિ.ડો.જ્યોતિ રાજ્યગુરૂના નેતૃત્વમાં યોજાયેલ. જેમાં એનએસએસના ૧૨૫ વોલંટીયર્સ સાત દિવસ ગ્રામ્ય જીવનમાં રહી મોબાઈલ વગર રહી સવારના ૬થી રાત્રિ સુધી સતત પ્રવૃત્ત રહી ખોરાણા ગામને ધબકતું અને પ્રવૃત્તિમય બનાવેલ. સવારે પ્રભાત ફેરીથી નિત્યક્રમ શરૂ થાય અને સાંજે સેવાકાર્યો, સેમિનાર, વર્કશોપ, સ્પર્ધાઓ, લોકસંપર્ક, રેલી, સ્વચ્છતા, યોગા, ધ્યાન અને વિવિધ પ્રકારના કેમ્પ સાથે પ્રવૃત્તિઓ કરેલ હતી. ગામના લોકો માટે આપણી લોકસંસ્કૃત્તિ, સંસ્કારો અને પરંપરાની ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃત્તિક કાર્યક્રમોનું નેશનલ-ઈન્ટરનેશનલ કલાકારોની સંગાથે

(અનુ. આઠમા પાને)

# હીટવેવનો પ્રકોપ: રાજકોટનું તાપમાન બપોરે ૪૧.૨ ડિગ્રી નોંધાયું

## માવઠાની આગાહી વચ્ચે આકાશમાંથી અગ્નિવર્ષા: રાજ્યના ૧૦ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભર ઉનાળા કમોસમી વરસાદની આગાહી વચ્ચે આકાશમાંથી અગનવર્ષા થઈ રહી છે. હિટવેવના પ્રકોપથી જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે. આગામી દિવસોમાં હજી ગરમીનો પારો ઉંચકાશે. આજે અને આવતીકાલે પણ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે.

રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે મંગળવારે હિટવેવનો પ્રકોપ જોવા મળ્યો હતો. સુરેન્દ્રનગર ૪૨.૩ ડિગ્રી અને રાજકોટ ૪૨.૨ ડિગ્રી સાથે માત્ર ગુજરાત જ નહીં સમગ્ર દેશના સૌથી ગરમ શહેર તરીકે નોંધાયા હતા. રાજ્યમાં ૧૦ શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રી કે તેથી વધુ રહેવા પામ્યો હતો. આજે પણ રાજ્યના અલગ-અલગ જિલ્લામાં છુટા છવાયા વિસ્તારોમાં કમોસમી વરસાદની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે. મંગળવારે ઉત્તર ગુજરાતમાં અમદાવાદ શહેરનું તાપમાન ૪૦.૮ ડિગ્રી, ડિસાનું તાપમાન ૪૦.૭ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦.૬ ડિગ્રી અને વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૯.૧ ડિગ્રી સેલ્શીયસ રહેવા પામ્યું હતું. દક્ષિણ ગુજરાતમાં પણ ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો. વડોદરાનું તાપમાન ૩૯.૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૮ ડિગ્રી અને દમણનું તાપમાન ૩૨ ડિગ્રી નોંધાયું હતું. કચ્છમાં ભુજનું તાપમાન ૪૧.૩ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૯ ડિગ્રી, કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૯.૯ ડિગ્રી અને કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૦.૪ ડિગ્રી નોંધાયું હતું.

સૌરાષ્ટ્રમાં અમરેલી શહેરનું તાપમાન ૪૦.૯ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૦ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૨ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૯.૭ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૨.૨ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૫.૮ ડિગ્રી, દિવનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન સૌથી વધુ ૪૨.૩ ડિગ્રી, મહુવાનું તાપમાન ૪૧.૮ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૪૧ ડિગ્રી સેલ્શીયસ નોંધાયું હતું.

એપ્રિલ માસના આરંભ જ સુર્યનારાયણ લાલચોળ બની ગયા છે. આકાશમાંથી રિતસર અગન વર્ષા થઈ રહી છે. આગામી દિવસોમાં ગરમીનું જોર વધશે. આ વર્ષ ઉનાળો પાછલા તમામ રેકોર્ડ તોડે તેવી સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

### ક્યાં કેટલું તાપમાન

| | | | |
|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૪૨.૩ ડિગ્રી | અમરેલી | ૪૦.૯ ડિગ્રી |
| રાજકોટ | ૪૧.૨ ડિગ્રી | અમદાવાદ | ૪૦.૮ ડિગ્રી |
| મહુવા | ૪૧.૮ ડિગ્રી | ડિસા | ૪૦.૭ ડિગ્રી |
| ભૂજ | ૪૧.૩ ડિગ્રી | ગાંધીનગર | ૪૦.૬ ડિગ્રી |
| કેશોદ | ૪૧ ડિગ્રી | કંડલા એરપોર્ટ | ૪૦.૪ ડિગ્રી |

# સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ વિન્ટર ગેમ્સમાં ગુજરાતની બે મનોદિવ્યાંગ ખેલાડીઓ વિજેતા



## મહેસાણાના આશાબેન ઠાકોર અને દાહોદના પિન્કલ ચૌહાણે ફ્લોરબોલ રમતમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો

**અબતક, રાજકોટ**

ઈટલીના તુરીનમાં આયોજિત સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ વિન્ટર ગેમ્સમાં ગુજરાતની બે મનોદિવ્યાંગ ખેલાડીઓએ ડંકો વગાડ્યો છે. મહેસાણાના આશાબેન ઠાકોર અને દાહોદના પિન્કલબેન ચૌહાણે તુરીનમાં ફ્લોરબોલ રમતમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને રાજ્ય તેમજ દેશનું નામ રોશન કર્યું છે. ફ્લોરબોલ એ હોકી જેવી એક ઈન્ડોર ગેમ છે, જે હળવા પ્લાસ્ટિક બોલ અને વિશિષ્ટ કાર્બન ફાઈબર સ્ટિક સાથે રમવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થા સ્પેશિયલ ઓલિમ્પિક્સના સંદર્ભમાં 'સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત-ગુજરાત' એ સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત દ્વારા માન્યતા પ્રાપ્ત નોડલ સંસ્થા છે. વર્ષ ૨૦૧૦થી સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત દ્વારા દિવ્યાંગ કેટેગરી માટે સ્પેશિયલ ખેલ મહાકુંભનું આયોજન કરે છે. તેમાંથી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા ખેલાડીઓ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ માટે ક્વોલિફાઈડ થાય છે અને વિવિધ દેશોમાં દર ૨ વર્ષે યોજાતી વર્લ્ડ ગેમ્સ માટે તેમની પસંદગી કરવામાં આવે છે. આશાબેન અને પીન્કલબેનના આંતરરાષ્ટ્રીય સ્તરે ચેમ્પિયન બનવા પાછળ પણ ખેલ મહાકુંભે મહત્વની ભૂમિકા ભજવી છે. આ બંને ખેલાડીઓ ૨૦૧૦થી ગુજરાત સરકાર દ્વારા યોજાતા સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ભાગ લે છે અને વિજેતા બને છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતે સ્પોર્ટ્સ પોલિસી ૨૦૨૨-૨૦૨૭ લોન્ચ કરી હતી જેનો હેતુ રાજ્યમાં સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ ડેવલપ કરવાનો છે. નવી પોલિસીથી ગુજરાત આવનારા સમયમાં સ્પોર્ટ્સમાં અગ્રણી બનશે અને રાજ્યના પ્રતિભાવાન ખેલાડીઓને તેમના સપના સાકાર કરવાની વધુ તકો મળશે. ગુજરાતમાં આજે છેલ્લા બે દાયકામાં ખેલકૂદ ક્ષેત્રે ગુજરાતના યુવાનો આગળ આવ્યા છે અને તેમની ક્ષમતામાં વધારો થયો છે.

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ખેલ મહાકુંભ, શક્તિદૂત યોજના, ડીએલએસએસ જેવી અનેક નવી પહેલો, કાર્યક્રમો અને નીતિઓ શરુ કરવામાં આવી હતી જેના હેઠળ એથ્લિટ્સને યોગ્ય તાલીમ, નાણાંકીય સહાય અને માન્યતા પ્રદાન કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૨ પહેલાં ગુજરાતનું સ્પોર્ટ્સ બજેટ માત્ર ૨.૫ કરોડ હતું, જે આજે ૧૪૧ ગણું વધીને ૩૫૨ કરોડથી વધુનું થયું છે.

# ટોલ ટેક્સમાં કરવામાં આવેલા તોતીંગ ભાવ વધારાનો કોંગ્રેસ દ્વારા વિરોધ

## ગુજરાતની પ્રજા માટે ભાવ વધારો અસહ્ય: અતુલ રાજાણીનું નિવેદન



**અબતક, રાજકોટ**

નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ટોલ ટેક્સમાં ૫ થી ૧૫% નો વધારાનો કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.


શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણીના જણાવ્યાનુસાર કેન્દ્ર ગુજરાત સરકારની નવા નાણાકીય વર્ષમાં પ્રજાને ટોલ ટેક્સમાં ૫% થી ૧૫% નો વધારો કરીને લુટવાનો જે કારસો ઘડવામાં આવ્યો છે તેનો વિરોધ છે.

સ્ટેટ હાઈવે પર ટોલટેક્સ વસૂલવા માટેના નિયમોને ઘોળીને ખુદ સરકાર પી ગઈ અને નેશનલ હાઈવે ના રોડ પર ટોલની મુદત પૂરી થવા છતાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. અમદાવાદ થી મહેસાણા શામળાજી ગોધરા ના રોડ પરના ટોલટેક્સમાં સરેરાશ ૧૪.૯૫ ટકાનો વધારો કરાયો છે સરખેજ થી માળીયા સુધીના રોડ પરના ટોલટેક્સમાં ૧૫% નો વધારો કરાયો છે. ટોલ રૂપિયા ૨૩૦ થી ૨૫૦ નો વધારો કરાયો છે. ગુજરાત રાજ્યમાં કેન્દ્ર સરકાર દ્વારા ૧૯ હજાર કરોડ ટોલટેક્સ પેટે કટ કટાવી લીધા બાદ ફક્ત ૧૧ હજાર કરોડના રસ્તા બનાવ્યા છે. તાજેતરમાં જેતપુર હાઈવે પર ભંગાર રસ્તા અંગે વેપારીઓએ આંદોલન કરવું પડ્યું હતું કે કરોડો રૂપિયાના ટોલટેક્સ પેટે ખિસ્સા ખંખેરિયા બાદ રસ્તાની હાલત ભંગાર અને ખખડધજ હોય ત્યારે ટોલટેક્સ ખરેખર હોવો ન જોઈએ અને તેમ છતાં સરકારી તિજોરી ભરવા નો એકમાત્ર ઉદ્દેશ્ય હોય એ પ્રકારે ટોલટેક્સમાં ગુજરાતના લોકોને લૂંટવાનો કારસો ચાલી રહ્યો છે. હાલ રાજકોટ અમદાવાદ સીક્સ લેન્ડમાં ત્રણ મુખ્યમંત્રીઓ બદલાઈ ગયા છતાં કામ હજુ પૂર્ણ થયું નથી ૧૫૬ ની સરકારના ડબલ એન્જિનના ધારાસભ્યોએ પણ અમદાવાદનું કામ તાકીદે પૂર્ણ કરવા વખતોવખત રજૂઆતો કરવામાં આવી છે અને તેમ છતાં આજે કામ પૂર્ણ થયું નથી. અમદાવાદ હાઈવે પર ટોલનાકાઓ લોકોને લૂંટવામાં ત્રણ થી ચાર જગ્યાએ ટોલનાકા નહી પરંતુ લૂંટનાકા તૈયાર થઈ રહ્યા છે.

ખરેખર રાજ્ય અને કેન્દ્ર સરકારની જો દાનત હોય તો દરેક ટોલનાકા ઉપર સાઈનિંગ બોર્ડ હોવા જોઈએ કે આ રસ્તો કેટલા કરોડમાં બન્યો છે અને ટોલનાકા પેટે કેટલા રૂપિયા સરકારે ટેક્સ વસુલી લીધો છે તેનું અપડેટ રોજબરોજ સાઈનિંગ બોર્ડ સાથે ડિજિટલ બોર્ડમાં રોજે રોજ ગુજરાતની જનતાને દેખાય તે પ્રકારે ખર્ચની વિગત આવેલ ટોલટેક્સ માંથી બાદ થઈ અને જ્યારે રસ્તા પરના ખર્ચની વિગત ઝીરો આવી જાય ત્યારે આપો આપ તે સમયથી ટોલ ટેક્સ નાબૂદ થઈ જવો જોઈએ. પરંતુ એ થતું નથી ફક્ત રસ્તાઓ બનાવવા માટે ટોલનાકા પરથી નાણા વસૂલતા હોય એવું નથી ટોલટેક્સ એ રસ્તાઓ માટે ન લેવાતો હોય અને નેતાઓના રજવાડી ઠાઠ માટે ઉઘરાણા કરતા હોય તે પ્રકારે ચાલી રહ્યો છે. એક તો ટોલટેક્સ આકરો છે અને વધુ પાંચ થી ૧૫ ટકા જ્યારે વધારો કરાયો હોય ત્યારે કમરતોડ ટોલટેક્સનો વધારો ગુજરાતની પ્રજા માટે આકરો અને અસહ્ય છે.

# ગુજરાત વહીવટી સુધારણા પંચમાં સુચનો મોકલવા નાગરિકોને અપીલ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સર્વાસમાવેશી-પારદર્શી વહીવટનો અનોખો અભિગમ



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ગુડ ગવર્નન્સને વધુ વેગ આપવા રાજ્ય સરકારના વહીવટમાં નાગરિકોના અભિપ્રાયથી વધુ સારા વહીવટ તરફ આગળ વધવા માટે સર્વાસમાવેશી-પારદર્શી વહીવટનો અનોખો અભિગમ અપનાવ્યો છે.

રાજ્યની સરકારી કચેરીઓમાં વર્ક કલ્ચરને વધુ ગતિશીલ બનાવવા તથા વહીવટી કામગીરીને વધુ અસરકારક બનાવવાના લક્ષ્ય સાથે રાજ્ય સરકારે તાજેતરમાં જ ડો. હસમુખ અઢિયાના અધ્યક્ષ સ્થાને 'ગુજરાત વહીવટી સુધારણા પંચ'ની રચના કરી છે અને આ પંચ સક્રિયપણે કાર્ય કરી રહ્યું છે.

આ પંચે માત્ર એક જ મહિનામાં પોતાનો પ્રથમ ભલામણ અહેવાલ રાજ્ય સરકારને તાજેતરમાં સુપરત કર્યો છે. રાજ્યના નાગરિકો આ નવરચિત ગુજરાત વહીવટી સુધારણા પંચની વેબસાઈટ પર સૂચનો મોકલી શકે અને સરકારમાં વહીવટી સુધારણાના ઉદ્દેશ્યને વધુ સારી રીતે સાકાર કરી શકાય તે માટે લોકો પાસેથી અભિપ્રાય-સૂચનો મંગાવવામાં આવ્યા છે. જીએઆરસીની વેબસાઈટ લિંક https://garcguj.in/suggestion પર રાજ્યના નાગરિકો પોતાના સૂચનો-અભિપ્રાય મોકલી શકશે.

વહીવટી સુધારણા પ્રક્રિયામાં નાગરિકોની સહભાગિતા પ્રેરિત કરવા તેમના સૂચનો અને સુઝાવો મંગાવવાનો આ અભિગમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના ''લોકોના, લોકો દ્વારા ચાલતા, લોકો માટેના'' ગુડ ગવર્નન્સની વિભાવના વધુ પ્રબળ બનાવવામાં ઉપયોગી નિવડશે.

# વ્યાયામ શિક્ષકોના આંદોલનને એન.એસ.યુ.આઈ.નું સમર્થન

## આગામી દિવસોમાં આંદોલનને સમગ્ર ગુજરાતમાં છેડવાની ધોષણા



**અબતક, રાજકોટ**

રાજયમાં ઘણા દિવસોથી ચાલતા વ્યાયામ શિક્ષકોના આંદોલનને એનએસયુઆઈ દ્વારા સમર્થન જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાતની ભાજપ સરકાર સામે ગાંધીનગરમાં છેલ્લા કેટલાય દિવસથી વ્યાયામ શિક્ષકો પોતાની પડતર માંગને લઈને કાયમી ભરતીની માગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. એક તરફ ખેલો ગુજરાતની વાતો કરતી ગુજરાત સરકાર સામે વ્યાયામ શિક્ષકો ગાંધી ચિંધ્યા માર્ગે શાંતિપૂર્વક આંદોલન કરી રહ્યા છે તેમ છતાં ગુજરાતની સરકાર તેમની સામે આક્રમક બની વિરોધને દબાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. વ્યાયામ શિક્ષકોના સમર્થનમા ગાંધીનગર ખાતે ગુજરાત એન.એસ.યુ.આઈ. પ્રમુખ નરેન્દ્ર સોલંકી અને ગુજરાત એન.એસ.યુ.આઈ. ના પ્રતિનિધિમંડળએ વ્યાયામ શિક્ષકોની માંગને સમર્થન આપ્યું હતું ત્યારબાદ સચિવાલય ગેટ નંબર ૧ પર વિરોધ કરી રહેલા આંદોલનકારી શિક્ષકો ઉમેદવારો સાથે મળીને ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો જેમાં વિરોધ કરી રહેલા વ્યાયામ શિક્ષક ઉમેદવારો અને એન.એસ.યુ.આઈ.કાર્યકરોનું પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી જેમાં ઘર્ષણ પણ થયું હતું. આ ઘટના પછી ભાજપના ઈશારે એન.એસ.યુ.આઈ.ના હોદ્દેદાર પર ખોટી ફરિયાદ નોંધવામાં આવી હતી.

ગુજરાત એન.એસ.યુ.આઈ. દ્વારા આ પહેલા પણ ગુજરાત યુનિવર્સિટી ખાતે વિરોધ કરી વ્યાયામ શિક્ષકોની માંગને સમર્થન આપ્યું હતું અને આજે પણ વ્યાયામ શિક્ષકો સાથે ગાંધીનગરમાં સચિવાલય પાસે વિરોધના સમર્થનમાં જોડાયા હતા અને આગળ પણ જ્યાં સુધી ન્યાય મળશે નહીં ત્યાં સુધી જોડાયેલા રહેશું. જો વ્યાયામ શિક્ષકોની કાયમી ભરતી કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં એનએસયુઆઈ. સમગ્ર ગુજરાતમાં આંદોલન કરશે.

### સિવિલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૯ માં એડીશનલ સિનિયર સિવિલ જજ **શ્રી આઈ.એમ. શેખ** સાહેબની કોર્ટમાં **દિ.પ.અ.નં. ૬૬૩/૨૦૨૫** ના કામના અરજદાર **જયેશ રાજેન્દ્ર દોશી (JAYESH RAJENDRA DOSHI)**, રહે. રાજકોટવાળાએ **ગુજ. રેખા રાજેન્દ્ર દોશી (REKHA RAJENDRA DOSHI)** ની જંગમ મિલ્કત (શેર સર્ટીફીકેટ) કે જે **IPCA LABORATORIES LIMITED, FOLIO NO. 0017706, CERT. NO. 185, START DIST. NO. & END DIST. NO. 358001 TO 360000, SHARES 2000** આવેલ છે, તે જંગમ મિલ્કતનું સકસેશન સર્ટીફીકેટ મેળવવા આ કામના અરજદારે તેમના એડવોકેટ **MEET V. CHHAG & GAURANG H. MEHTA** મારફતે અરજી કરેલ છે તે બાબતે જે કોઈને હક્ક, હિત, હિસ્સો હોઈ, વાંધો તકરાર હોય તો તેમણે મુદત તા. **૧૬.૦૪.૨૦૨૫** ના રોજ પોતે જાતે અથવા તેમના વકીલ મારફતે હાજર રહી વાંધા રજુ કરવા, જો કોઈ વાંધા આવશે નહી તો આગળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ **૧ માહે એપ્રિલ સને ૨૦૨૫** ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર સહી/- અવાચ્ય સી.કે.કે. ચૌહાણ, આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- અવાચ્ય એન.આર. વ્યાસ, રજીસ્ટ્રાર


**The Co-Operative Bank of Rajkot Ltd.**
Raj Bank
Multi State Co-Operative Bank

ગ્રાહકોના અતૂટ વિશ્વાસ અને કર્મચારીઓના ટીમવર્કના સથવારે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નાં અંતે શાનદાર પરિણામ સાથે

**રૂા. ૪૯૬૫ કરોડના બિઝનેસમાં રૂા. ૭૧ કરોડનો નફો કરતી આપની બેંક**

(*ઈન્કમટેક્સ અને કાયદાકીય જોગવાઈઓ પહેલાનો કાર્યકારી નફો)

(રકમ રૂપિયા કરોડમાં)

| ક્રમ | વિગત | 31.03.2025 (અનઓડીટેડ) |
|---|---|---|
| ૧ | આવક | |
| | ૧.૧ ધિરાણ વ્યાજ આવક | ૧૭૪ |
| | ૧.૨ રોકાણ વ્યાજ આવક | ૧૩૧ |
| | ૧.૩ વ્યાજ સિવાયની આવક | ૨૪ |
| ૨ | કુલ આવક | ૩૨૯ |

| ક્રમ | વિગત | 31.03.2025 (અનઓડીટેડ) |
|---|---|---|
| ૩ | ખર્ચ | |
| | ૩.૧ ડીપોઝીટ્સ વ્યાજ ખર્ચ | ૧૫૮ |
| | ૩.૨ કર્મચારી પગાર ખર્ચ | ૨૮ |
| | ૩.૩ અન્ય વહીવટી ખર્ચ | ૭૨ |
| ૪ | કુલ ખર્ચ | ૨૫૮ |
| ૫ | કાર્યકારી નફો (૨-૪) | ૭૧ |

(રકમ રૂપિયા કરોડમાં)

| ક્રમ | વિગત | 31.03.2025 (અનઓડીટેડ) |
|---|---|---|
| ૬ | અન્ય માહિતી | |
| | ૬.૧ ડીપોઝીટ્સ | ૩૦૧૬ |
| | ૬.૨ રોકડ+કરન્ટ+FD બેલેન્સ | ૫૧૮ |
| | ૬.૩ G-Sec તથા અન્ય રોકાણો | ૧૧૪૫ |
| | ૬.૪ લોન અને ધિરાણો | ૧૯૪૯ |
| | ૬.૫ બિઝનેશ | ૪૯૬૫ |

**ધંધાકીય હેતુ માટે**
રૂ. ૮૫ લાખ સુધી 9.00%
બિઝનેસ / ઈન્ડસ્ટ્રીયલ / મશીનરી / ફર્નીચર ફીક્ષર લોન / ઓવરડ્રાફ્ટ / સીસી / મેડીકલ ઈક્વીપમેન્ટ તથા અન્ય લોન ડોક્ટર માટે

સોનાના દાગીના સામે ધિરાણ સુવિધા ઉપલબ્ધ
ગોલ્ડ લોન રૂ. ૧.૭૫ લાખ સુધી
ગોલ્ડ સામે ઓવરડ્રાફ્ટ રૂ. ૧૦ લાખ સુધી
9.50%

**ફિક્સડ ડિપોઝિટ** up to
6.75% (જનરલ) | 7.25% (સીનીઅર સીટીઝન)

- ૨૭ શાખાઓ
- ૧૭ એટીએમ (રુ-પે પ્લેટીનમ કાર્ડ)
- ૦૮ કેશ ડીપોઝીટ / ઉપાડ મશીન
- લોકર સુવિધા (તમામ શાખાઓ)
- RTGS / NEFT / IMPS સુવિધા
- SMS Alert & Missed Call સુવિધા
- Mobile Banking સુવિધા
- Whats App Banking સુવિધા

જુલી સાવલીયા, સી.ઈ.ઓ. | જયંતિલાલ વસોયા, ઈન્ચાર્જ ચેરમેન

'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
0281 - 2234454 / 2224120 | Fax: 0281 - 2236682 | info@tcbrl.com | tcbrl.com
sun ad

તંત્રી લેખ

# યે આગ કબ બુજેગી

'આગ' આ શબ્દ જ એટલે ભયાનક છે કે તેનું નામ સાંભળતાની સાથે જ મનમાં ડરનો માહોલ ઉભો થાય છે. આગ, પાણી, પવનનો કવારેય વિશ્વાસ કરી શકાય કારણ કે તેના સ્વરૂપ હમેશા રોદ્ર હોય છે. કયારેય બેદરકારીના પાપે લાગતી આગ અનેક પરિવારોના માળાને ભસ્મીભૂત કરી નાંખતી હોય છે. બનાસકાંઠાના ડિસામાં ફટાકડાની ગેરકાયદે ફેકટરીમાં આગ ભભૂકતા ૨૧ વ્યકિતઓના કરૂણ મોત નિપજયાં છે. આગની એક પછી એક ઘટના બની રહી છે.

સરકારી વિભાગોની જીવલેણ બેદરકારીના પાપે નિર્દોષ નાગરીકોના ભસ્મીભૂત થઈ રહ્યા છે. સરકાર દ્વારા તપાસ સમિતિની રચના કરવાના નાટક કરવામાં આવે છે. મગરના આંસુ વહાવવામાં આવે છે. મોટી મોટી ગુલબાંગો હાંકવામાં આવે છે. મૃતકના પરિવારજનોનો રોષ શાંત પાડવા સહાય જાહેર કરી દેવામાં આવે છે. પરંતુ આવી જીવલેણ ઘટના ભવિષ્યમાં બીજીવાર ન બને તેવી કોઈ જ ખેવના લેવામાં આવતી નથી.

પરિણામે મહામૂલા માનવ દેહ આગની ઝપટમાં આવી જાય છે. સુરતમાં તક્ષશીલા બિલ્ડીંગમાં લાગેલી આગ, રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનમાં ભભૂકેલી આગમાં અનેક વ્યકિતઓના મોત નિપજયા બાદ પણ સરકારી વિભાગોની બેદરકારીના પાપે આગના લબકારા શાંત પડતા નથી. નિર્દોષ નાગરીકો મોતને ભેટી રહ્યા છે. ડિસામાં જયાં દારૂખાનું રાખવાનું લાયસન્સ હતુ તે ગોડાઉનમાં ગેરકાયદે ફટાકડા બનાવવામાં આવતા હતા જયાં આગ ભભૂકતા ૨૧ નિર્દોષ વ્યકિતના મોત નિપજયા છે.

આગની જીવલેણ ઘટનાને અટકાવવામાં રાજય સરકાર સદંતર નિષ્ફળ રહી છે. તેવું કહેવામાં આવે તો પણ જરા અમસ્તી પણ અતિશીયોકતી નથી.

મનોરંજન પણ કયારેય મોત આપે છે. જો કે આવી ઘટના માટે સરકારી વિભાગ જ સંપૂર્ણ પણે જવાબદાર હોય છે. વડોદરાના હરણી તળાવમાં બોટીંગ દુર્ઘટનમાં પણ નિયમોનું પાલન ન થતું હોવાના કારણે બાળકોના જીવ ગયા સુરતની તક્ષશીલા બિલ્ડીંગમાં લાગેલલ આગ પણ સરકારી વિભાગની બેદરકારીનું જ પરિણામ હતું. જયારે રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલો વિનાશક અગ્નિકાંડ પણ સરકારના અલગ અલગ વિભાગોની બેદરકારીના પાપે જ બન્યો હતો.

એક બાદ એક ઘટના પછી પણ સરકાર તેમાથી બોધપાઠ લેતી નથી પરિણામે માનવ જીંદગીનો દિપ ઓલવાતા કોઈ જ રોકી શકતું નથી.

# હિંદ રક્ષક સંઘના ગુજરાત પ્રદેશ સચિવપદે કેતન સંઘવીની વરણી



અબતક, રાજકોટ

હિંદ રક્ષક સંઘ એ રાષ્ટ્રહિત અને હિન્દુ સંસ્કૃતિના રક્ષણ માટે કાર્યરત એક અગ્રણી સંસ્થા છે, જે હનુમાન્ત સેના અને દુર્ગા સેના દ્વારા સમાજમાં સાંસ્કૃતિક અને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે પ્રતિબદ્ધ છે. સંસ્થા વિવિધ સેવાકીય, સામાજિક અને રાષ્ટ્રીયતાપરક કાર્યોમાં સક્રિય રહી છે. ત્યારે કેતનભાઈ સંઘવી હિન્દુ સંસ્કૃતિ અને રાષ્ટ્રહિત માટે કાર્યરત એક પ્રભાવશાળી અને દ્રઢવિશ્વાસી વ્યક્તિ છે. તેમની કાર્યશૈલી અને તેમના સંગઠન કુશળતા ને ધ્યાનમાં રાખીને તેમને ગુજરાત પ્રદેશના સચિવ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

ઉદ્દેશ્યો કેતનભાઈ સંઘવીની નિમણૂંકનો મુખ્ય ઉદ્દેશ હિંદ રક્ષક સંઘના કાર્યક્ષેત્રને વધુ વિસ્તૃત કરીને ગુજરાતમાં રાષ્ટ્રીયતાના ઉદ્દેશોને વધુ મજબૂત બનાવવાનો છે. તેમની સાથે સંસ્થાનું કાર્ય વધુ મજબૂત અને વ્યાપક બનશે,

આ અવસર પર રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ ડો. એસ. આર. પટેલ, રાષ્ટ્રીય મહા સચિવ શ્રી ૧૦૮ મહાકાલ મહારાજ, તેમજ અન્ય અગ્રણીઓએ કેતનભાઈ સંઘવીને શુભેચ્છાઓ પાઠવી હતી. તેઓએ જણાવ્યું હતુ કે, કેતનભાઈના માર્ગદર્શન હેઠળ હિંદ રક્ષક સંઘ ગુજરાતમાં વધુ ઉંચી સિદ્ધિઓ મેળવી શકશે. જે પણ લોકોને હિંદ રક્ષક સંઘમાં જોડાવા માટે સંપર્ક માટે સંસ્થા નું નામઃ હિંદ રક્ષક સંઘ રાજ્યઃ ગુજરાત સંપર્ક નંબરઃ ૭૭૭૮૯૫૨૪૪૮ પર સંપર્ક કરવા જણાવેલ છે.

# વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિનો મૂળ મંત્ર છેઃ આચાર્ય લોકેશજી

## બિહારના રાજ્યપાલ જૈન આરીફ મોહમ્મદ ખાન, આચાર્ય લોકેશજી, સંઘ નેતા ઈન્દ્રેશ કુમારજીએ ભારતીય નવા વર્ષની ઉજવણીને સંબોધિ





અબતક, રાજકોટ

બિહારના રાજ્યપાલઆરીફ મોહમ્મદ ખાન,અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપકજૈન આચાર્ય લોકેશજી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ નેતા ઈન્દ્રેશ કુમારજીએ ભારતીય નવા વર્ષની ઉજવણીનેસંબોધન કર્યું,

બિહારના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાને નવરાત્રિના પ્રથમ દિવસે શરૂ થતા સંવત ૨૦૮૨ના શુભઅવસર પર તમામ ભારતીયોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે નવરાત્રિ અને ઈદની શરૂઆત એકસાથે થઈ છે તે એક અદ્ભુત સંયોગ છે. ભારત ગંગા-જમુની સંસ્કૃતિનો દેશ છે. અહીં હિંદુ અને મુસ્લિમો સાથે મળીને તહેવારો ઉજવે છે. તમામ દેશવાસીઓ તેને ખૂબ જ ભક્તિ, ખુશી અને સાંસ્કૃતિક વિધિઓ સાથે ઉજવી રહ્યા છે, જે નવી શરૂઆત, સમૃદ્ધિ અને આધ્યાત્મિક પ્રગતિનું પ્રતીક છે.જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિનો મૂળ મંત્ર છે. આપણા વૈવિધ્યસભર દેશમાં, આ તહેવાર આગામી થોડા દિવસો માટે ધાર્મિક અને સાંસ્કૃતિક તહેવાર તરીકે ઉજવવામાં આવશે જેમ કે મહારાષ્ટ્રમાં ગુડી પડવા, આસામમાં 'રોંગાલી બિહુ', બંગાળમાં 'પોઈલા બોશાખ', કાશ્મીરમાં 'નવરેહ', ઉત્તર ભારતમાં શક્તિની ઉપાસના.

બિહારના પૂર્વ ધારાસભ્ય રાજેશ્વર રાજજીએ કહ્યું કે બિહારના વિવિધ ભાગોમાં ભારતીય નવા વર્ષનો ઉત્સાહ જોવા જેવો છે. ક્યાંક પૂજા થઈ રહી છે તો ક્યાંક સંગીતનો કાર્યક્રમ છે.દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા કાર્યક્રમમાં આયોજકોએ મહેમાનોનું વસ્ત્ર, પ્રતિકચિહ્ન અને તુલસીના છોડ આપી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે બિહાર વિધાન પરિષદના અધ્યક્ષ અવધેશ નારાયણે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સ્વાગત પ્રવચન ડીપીએસ ડાયરેક્ટર અખિલેશ સિંહે કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં અને અંતે બાળકોએ રાષ્ટ્રગીત રજૂ કર્યું હતું.

# મોઢ વણિક સમાજના સ્વ.અનસુયાબેન પટેલનું અવસાન થતા પરિવારે તેમના ચક્ષુનું દાન કરી બે દ્રષ્ટિહીન બાંધવને દ્રષ્ટિ આપી

અબતક, રાજકોટ

રાજકોટ નિવાસી મોઢ વણિક સમાજના ધર્મપરાયણ લાગણીશીલ પ્રેમાળ માતુશ્રી અનસુયાબેન ચંદુલાલ પટેલ અવસાન પામતા સદ્ગતના પુત્રો તુષારભાઈ તેમજ જયદીપભાઈ અને પરિવારજનોએ ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન સમિતિના સક્રિય કાર્યકર્તા અશ્વિનભાઈ પટેલની પ્રેરણાથી ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે વિવેકાનંદ યુથ ક્લબ માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને ચક્ષુદાન- દેહદાન અભિયાન સમિતિના સંયોજકો અનુપમ દોશી તેમજ ઉપેનભાઈ મોદીએ પટેલ પરિવારનો આભાર માનેલ. સંસ્થા આ ૧૫૬મું ચક્ષુદાન છે. પટેલ પરિવાર દ્વારા આ માનવતા કાર્ય કરવા બદલ સંસ્થા તરફથી અભિનંદન આપવામાં આવેલ.

શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન બાદ સ્કિન ડોનેટ અને ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે. ચક્ષુદાન માટે કોઈપણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી , ૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક સાધવા વિનંતી.

# ધારાસભ્ય ઉદય કાનગડની મહેનત રંગ લાવી ટી.પી. સ્કિમ નં.૧૪ને મંજૂર કરવા બદલ મુખ્યમંત્રીનું કરાયું સન્માન

## ૧૨૦થી વધુ ખેડુતોએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો



અબતક, રાજકોટ

રાજકોટ મહાનગર વિધાનસભા-૬૮માં ટી.પી. સ્કીમ નંબર ૧૪ મંજુર કરવા અંગે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ સરકારમાં રજૂઆત કરી હતી. જેને પગલે રાજ્ય સરકાર દ્વારા ટી.પી. સ્કીમ નંબર ૧૪ મંજુર કરવા બદલ ૧૨૦ થી વધુ ખેડૂતોએ ઉદયભાઈ કાનગડની આગેવાનીમાં ગાંધીનગર ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો જાહેર આભાર વ્યક્ત કરી સન્માન સ્મૃતિ ચિન્હ અને બુકે અર્પણ કરી શાલ ઓઢાડી મીઠું મોઢું કરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

# મહાવીર ભવનમાં જુઠાણી પરિવારનું અનુદાન



અબતક, રાજકોટ

દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભવનના ઉપક્રમે ધીરગુરુદેવ અનુગ્રહિત મહાવીર ભવન હોલ નિર્માણમાં એડવોકેટ એચ.જે. જુઠાણી અને હસુમતિબેનની સ્મૃતિમાં એડવોકેટ કુ. ઉન્નતિબેન જુઠાણીએ ધનરાશિનો ચેક ટ્રસ્ટી વિમલ પારેખ, વિપુલ સંઘાણી ને અર્પણ કરી સેવાભાવનાને બિરદાવી હતી.

# સાહિત્ય સેતુ દ્વારા શબ્દાંજલિ કાવ્યાંજલિ કાર્યક્રમ યોજાયો

અબતક, રાજકોટ

શહેરની જાણીતી સંસ્થા દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ - ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા સવા માસ પહેલા દિવંગત થયેલા મૂળ ગોંડલના વતની અને મુંબઈ નિવાસી ગુજરાતી સાહિત્ય જગતમાં આદરભર્યું સ્થાન ધરાવતા મોટા ગજાના કવિ-નિબંધકાર રાજકોટ સાથે જેમનો નિકટનો નાતો હતો તેવા ગુજરાતી ભાષાના શિરમોર કવિ અનીલ જોષીની યાદમાં શબ્દાંજલિ - કાવ્યાંજલિ કાર્યક્રમ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં યોજવામાં આવેલ જે સફળતાપૂર્વક સંપન્ન થયેલ.

કાર્યક્રમના પ્રારંભમાં અનિલ જોષીની વિદાયની સાથે આપણા સૌરાષ્ટ્રના ત્રણ સાહિત્યકારો રજનીકુમાર પંડ્યા (જેતપુર) રમેશભાઈ આચાર્ય (સુરેન્દ્રનગર), હરિકૃષ્ણ પાઠક (બોટાદ)નું નિધન થતા તેઓને શ્રદ્ધાંજલિ આપી બે મીનીટનું મૌન પાળવામાં આવેલ. કવિ અનિલ જોષીની તસ્વીરને ફૂલહાર તેમજ પુષ્પાંજલિ સંસ્થાના હસુભાઈ રાચ્છ અને જનાર્દનભાઈ આચાર્યએ અર્પણ કરીને શ્રદ્ધાસુમન અર્પેલ.

કાર્યક્રમની ભૂમિકા પ્રસ્તાવના સાહિત્ય સેતુના અનુપમ દોશીએ મુકેલ તેમજ છેલ્લે રાજકોટ અનિલ જોષી સંસ્થા દ્વારા યોજાયેલ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં પધારેલ તે બધા સંસ્મરણો યાદ કરેલ જેઓ કવિને કાવ્યાંજલિ આપતા શહેરના કવિ પ્રકાશ હાથીએ પોતાની અનેક રચનાઓ માટે જાણીતા છે તે અનિલ જોષીની ત્રણ લોકપ્રિય રચનાઓ મારી કોઈ ડાળખીમાં પાંદડા નથી, મને પાનખરની બીક ના બતાવો, અમે બરફના પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યા, તેમજ સમી સાંજનો ઢોલ ઢબુકતો જાન ઉઘલતી મહાલે, કેસરિયાળો સાફો ઘરનું ફળિયુંનું પઠન કરીને કાવ્યાંજલિ અર્પેલ.

કવિ અનિલ જોષીની યાદમાં યોજાયેલ કાર્યક્રમમાં શહેરના કવિઓ સંજુ વાળા, ભાસ્કર ભટ્ટ, મહેન્દ્ર જોષી, પ્રદીપ રાવલ, વસંત જોષી, હર્ષદ દવે, ધર્મેન્દ્રસિંહ રાઠોડ, નગીનભાઈ દવે, વારીજ લુહાર, હરનેશ સોલંકી, નાટ્યકાર કૌશિક સિંધવ, કવિ અનિલ જોષીના બાળપણના મિત્ર સાહિત્યપ્રેમી વિનુભાઈ ઝગડા વગેરે ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમના અંતમાં આભારવિધિ પંકજ રૂપારેલીયાએ કરેલ. કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન અનુપમ દોશીએ કરેલ.

સમગ્ર આયોજનની સફળતા માટે અનુપમ દોશી, હસુભાઈ શાહ, જયેન્દ્રભાઈ મહેતા, પરિમલભાઈ જોષી, પંકજ રૂપારેલીયા, રમેશભાઈ શીશાંગીયા, નૈષધભાઈ વોરા, વિપુલ ભટ્ટ, દક્ષિણભાઈ જોષી વગેરે કાર્યરત રહેલ.

# વૈશાલીનગરમાં આયંબિલ ઓળી પર્વએ વ્યાખ્યાન અને વિવિધ સ્પર્ધાનું આયોજન

અબતક, રાજકોટ

જશ - પ્રેમ - ધીર સંકુલ, વૈશાલીનગર સંઘના આંગણે ધીરગુરુદેવના આજ્ઞાનુવર્તી નીલમબાઈ મ.સ., આદિ, મીનાજી મ.સ., પૂ. સુનંદાજી મ.સ., જિનેશાજી મ.સ.ની નિશ્રામાં આયંબિલ ઓળી પર્વ પ્રસંગે ગુરુવારથી રોજ સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે વ્યાખ્યાન અને ૧૧.૪૫ થી વિવિધ સ્પર્ધા તથા બપોરે ૧૨ કલાકે કલાકે આયંબિલ આરાધના યોજાશે. સાંજે પ્રતિક્રમણ રાખેલ છે.

ઉનાળુ છાશ યોજના વિતરણ વિનામૂલ્યે કરવામાં આવે છે. વિમલનાથ ઉપાશ્રયે (સાધુ વાસવાણી રોડ), સરોજબાઈ મ.સ. ઠાણા-૨ અને ભકિતનગરમાં સુશીલાબાઈ મ.સ. ઠાણા ઓળી પ્રસંગે પધાર્યા છે.

# અમદાવાદમાં મેઘાણી જૈન બોયઝ હોસ્ટેલનો શુભારંભ



અબતક, રાજકોટ

જૈન અગ્રણી અને વર્ષોથી અમદાવાદ વસતા તેમજ ઉપાશ્રય, હોસ્પિટલ, ગૌ શાળા, ભોજનાલય, સ્કુલ, કોલેજ વગેરેમાં દાન અર્પણ કરનારા સી.એ. મનસુખભાઈ મેદાણીએ જૈન સમાજના વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે આશ્રમ રોડ, હરિદાસ કોલોનીમાં ધોરણ ૧૦ અને તેથી ઉપરના અભ્યાસ માટે મેદાણી જૈન હોસ્ટેલનો શુભારંભ કરેલ છે. જેમાં ૪૮ વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાની હાજરીમાં પ્રવેશ કર્યો ત્યારે સંસ્થાવતી લેપટોપ બેગ અર્પણ કરી સ્વાગત કરાયું હતું. મનસુખભાઈ મેદાણી, દિલીપભાઈ, અલ્પા મેદાણી, તપોવનના ટ્રસ્ટી લલીત ધામી, રાજુભાઈ, સૌરભ કામદાર, જીતુ શાહ વગેરેએ હાજર રહી ઉત્સાહ વધાર્યો હતો. કુલ ૨૪ રૂમમાં ૧૦૮ વિદ્યાર્થીઓની ક્ષમતા છે. ત્રણે ટાઈમ ભોજનની વ્યવસ્થા છે. વધુ વિગત માટે મો. નં. ૯૩૭૭૭ ૮૮૯૯૦ નો સંપર્ક કરવા જણાવાયું છે.

## પેરેન્ટ્સ એસોસિએશન દ્વારા

# વિદેશથી ડોક્ટરની ડીગ્રી લઈને આવેલા છાત્રોને સ્ટાઈપેન્ડ આપવાની માંગણી

## 'અબતક' સાથેની મુલાકાતમાં સ્ટુડન્ટ પેરેન્ટ્સ એસો.ના સભ્યોએ સમગ્ર માહિતી આપી



તસ્વીરઃ કરન વાડોલીયા

અબતક, રાજકોટ

વિદેશ ભણીને પરત ફરતા ગુજરાતના મેડીકલ લાઈનના વિદ્યાર્થીઓને આજીવિકાનું સાધન એવું સ્ટાઈપેન્ડ ગુજરાત મેડીકલ કાઉન્સીલ દ્વારા સુપ્રિમકોર્ટના ઓર્ડરનું ઉલ્ઘન કરી અપાતુ ન હોય, ડોકટરની ડીગ્રી લઈને આવેલા મેડીકલના વિદ્યાર્થીઓની હાલત કફોડી બને છે. આવા મેડીકલના વિદ્યાર્થીઓનું ખાનગી હોસ્પિટલો ભરપુર શોષણ કરે છે. જ્યારે સરકારી હોસ્પિટલોમાં ઈન્ટનશીપ દરમ્યાન સ્ટાઈપેન્ડ ન મળવાને કારણે વિદ્યાર્થીઓએ લીધેલી શૈક્ષણિક લોનના હપ્તા અને રહેવા, જમવાનો ખર્ચ ઉપાડવો મૂશ્કેલ બને છે. દેશના બીજા ઘણા બધા રાજ્યોમાં ફોરેન મેડીકલ ગ્રેજ્યુએટ સ્ટુડન્ટને સ્ટાઈપેન્ડ અપાય છે. જ્યારે ગુજરાતમાં ઈન્ટર્નશીપ દરમ્યાન સ્ટાઈપેન્ડ અપાતુ ન હોવાને કારણે ફોરેનથી ભણીને આવેલા વિદ્યાર્થીઓની હાલત મજુરથી પણ બદતર બની જાય છે. જ્યારે આવા ઈન્ટર્ન ડોકટરોને સળંગ ૪૮ કલાકની ડ્યુટી આપી શોષણ કરવામાં આવે છે. 'અબતક' સાથેની વાતચિતમાં વાઈસ પ્રેસિડન્ટ જયેશ વેકરીયા, વિનોદ ભાદુકીયા, રૂપેશ ખતરી, મનુભાઈ ઢોલરીયાએ વધુ વિગત આપી હતી.

ગુજરાત સરકાર દ્વારા સ્ટુડન્ટને વહેલી તકે રૂ.૫૦,૦૦૦ જેટલું સ્ટાઈપેન્ડ ચાલુ કરવા તુરંત નવુ નોટીફીકેશન બહાર પાડવા સ્ટુડન્ટના પેરેન્ટસ એસોસીએશન દ્વારા માંગણી કરી છે.

ગુજરાતમાં સ્ટુડન્ટને ન્યાય મળતો ન હોય વિવિધ ક્ષેત્રમાં નિષ્ણાંત ડોક્ટરો ગુજરાત છોડીને વિદેશમાં સ્થાયી થઈ જાય છે. એટલે ગુજરાતના લોકોને ઉચ્ચકક્ષાની મેડીકલ સારવાર મળતી નથી અને એ માટે બહાર જવુ પડે છે. આ બાબતને ગંભીરતા પુર્વક લઈ વહેલી તકે પગલા લઈ વિદ્યાર્થીઓને ન્યાય મળે એવી સર્વવ્યાપી માંગણી સાથે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે.

# રામ જન્મોત્સવે ભગવાન કરશે નગરચર્યા

## આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ પ્રેરિત અને સનાતન હિન્દુ સંગઠન દ્વારા ભવ્ય નગરયાત્રાનું આયોજન



તસ્વીરઃ કરન વાડોલીયા

અબતક, રાજકોટ

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ પ્રેરિત અને સનાતન હિંદુ સંગઠન દ્વારા નીકળનારી આ નગર યાત્રા તા.૦૬-૦૪ ને રવિવાર સવારે ૯ કલાકે શ્રી રામજી મંદિર, જૂના ગણેશનગર કોઠારીયા રોડથી નીકળશે અને બપોરે ૧૨:૩૦ વાગ્યે રણુજા મંદિરે પહોંચશે, ત્યાં આરતી કરી ને ભક્તો ફરાળ કરશે. આ નગર યાત્રામા વિવિધ પ્રકારના ધર્મિક ફ્લોરસ જેવા કે ભગવાન રામનો મુખ્ય રથ તથા રામ લક્ષ્મણ જાનકી તથા હનુમાનજીનો ફ્લોરસ તથા અન્ય ફોર વ્હીલ્સ તથા ડીજેના સંગાથે બહેનોની તથા ભાવિકોની ધુન મંડળ રાસ ગરબા રમતા રમતા આ નગરયાત્રા નીકળશે.

'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં આ યાત્રાને સફળ બનાવવા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંત મંત્રી જેન્તીભાઈ પટેલ, રાષ્ટ્રીય બજરંગ દળના દિલિપ સોલંકી,, સનાતન હિન્દુ સંગઠનના દાનાભાઈ આહીર, જયવિરસિંહ જાડેજા, પ્રભાતભાઈ જડું, કિસન ફાગલિયા, ધવલ કિહોર,, લાલાભાઈ ડાંગર, રમેશભાઈ બાંભવા, રાજાભાઈ ગોહેલ, જિગ્નેશ આહીર, યુવરાજ ડાંગર, મેહુલ કુવાડિયા,અશ્વિનભાઈ આહીર, દિલાભાઈ સગર વગેરે કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી રામજન્મોત્સવની આ નગર યાત્રામાં વધુમાં વધુ નગરજનો જોડાય તે માટે બધાને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવે છે.

‘બદલા એૈસે લેંગે પુરા ખાનદાન કાંપેગા’

# અલગ અલગ સ્ટેટ્સ મૂકી યુવકને સમાધાન કરી લેવા ગર્ભિત ધમકી

## હત્યાની કોશિશનાં ગુનામાં ફરિયાદીને સોશિયલ મીડિયા મારફત ધમકાવતી યુવતી સહિત પાંચ વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતાં ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ધંધાર્થીને સમાધાન કરી લેવા મામલે તેની પર અગાઉ થયેલ હત્યાના પ્રયાસના ગુનાના આરોપીઓએ ઈન્સ્ટાગ્રામ આઈડી પર બીભત્સ સ્ટેટ્સ મૂકી ગર્ભિત ધમકી આપતાં ગાંધીગ્રામ પોલીસે એક મહિલા સહિત પાંચ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. બનાવ અંગે ગાંધીગ્રામમાં અક્ષર મેઈન રોડ પર આશાપુરા મંદિર પાસે રહેતાં પ્રકાશભાઈ ઉર્ફે પીન્ટુ રમેશભાઈ લખલાણી (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મનીષ બાબુ ધામેચા, અમીત બાબુ ધામેચા, ચીરાગ બાબુ ધામેચા, મિત મનીષ ધામેચા અને નિશા બાબુ ધામેચા (રહે. તમામ જીવંતિકાનગર, ગાંધીગ્રામ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ઘરેથી ઓનલાઈન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનું બૂકીગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ગઈ તા.૦૧/૧૧/૨૦૨૪ ના મનીષ ધામેચા, અમીત ધામેચા, ચિરાગ ધામેચા, મીત ધામેચા તથા રુશીભાઈ ઉર્ફે આર.સી. ગોહિલએ તેઓની પર હથીયાર વડે હુમલો કરેલ હતો, જે બાબતે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ હત્યાના પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. જે બાદ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને જેલ હવાલે કરવામાં આવેલ ત્યાર બાદ આ તમામ લોકો વારા ફરતી જામીન પર છુટેલ છે.

ગઈ તા.૧૬/૦૨/૨૦૨૫ ના તેમના મિત્ર મોહિતસિંહ ઝાલાનો ફોન આવેલ અને આ લોકો સાથે સમાધાન કરવાની વાત કરેલ હતી. જેથી તેને સમાધાન કરવાની ના કહેલ ત્યારબાદ તે લોકો જામીન પર હોય અને ફરિયાદીને જાણવા મળેલ કે, આરોપીઓ હજી તેમને મારવા માટે શોધે છે અને ઈન્સ્ટાગ્રામમાં અલગ અલગ સ્ટોરી મુકે છે. જેથી તેઓએ પત્નીના તથા સાસુના ફોનમાંથી આ બાબતે તપાસ કરતા તેના અલગ અલગ ઈન્સ્ટાગ્રામ આઈડી મનીષ ધામેચાની આઈ.ડી ઉપર છરીઓના ફોટા તથા ’૩૦૭+૩૦૨ હજી લાગે હો... પંડિત મોસ્ટ વેલકમ બેટા’ તેમજ નિશા ધામેચાની આઈડી ઉપર ’કાલે બજારમાં એકલો મળીશ ત્યારે ક્યાં જઈશ, ન બદમાશ અગર હમને તેરે માર ભી, ના તો તુ બસ કેશ કર સકે કેશ, બદલા તો તેરા બાપ ભી ના લે સકે, બસ એક મોકે કા ઈતઝાર હૈ, લાલા બદલા એસે લેંગે પુરા ખાનદાન કાપેગા, બાત કરને સે પહલે સામને વાલે કી તાકત કા અંદાજા હોના ચાહીયે વરના બાદ મે સિર્ફ કેસ કરને લાયક હી રહ જાતા હૈ ઈંસાન, તેવું લખ્યું હતું.

તેમજ અમીત ધામેચાની આઈડી ઉપર ભલે થાય ૨૦ વરસની જેલ, ભાઈ ઉપર વાત આવશે તો આજીવન કાપી લેશું, હમારે સાથે બેઠનેવાલે કુતે આજ ખુદ કો શેર સમજ રહે હૈ, ઉન કુતો કો જાકર બતાઓ ઈસ જંગલ કા શેર અભી ઝિંદા હૈ મર્દના સમાધાન સ્મશાનને જ થાય, ઉંમર છોટી કર દેગે ૩૦૭ બોલે ઉડે તો જ હા, છોકરાના ચારા થાય બાપ ના ચારા ના થાય, જેનો ડર હતો એ બધુ થઈ ચુક્યુ છે હવે એક જ વાત, કાં તો ઘા કરીશું, કાં તો ઘા ખાઈશું, બાકી હવે ડગલું તો પાછું ન મંડાય તેમજ મીત ધામેચાની આઈડી મિત ૩૦૭ ઉપર ઈક બાર ફીર સે મુલાકાત હોગી તુમસે હમારી પીછલી બાર કા કુછ હિસાબ બાકી હૈ વિગેરે મુજબની સ્ટોરીયો મુકી તેઓને ગર્ભિત રીતે કેસ પાછો ખેંચી લેવા જાનથી મારી નાખવાની ધમકી આપતા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# લિસ્ટેડ બુટલેગર મગન રોજાસરા અને મનીષા સોલંકીની પાસા તળે અટકાયત

## ૧૩ ગુનામાં સંડોવાયેલા મગન અને ૨૦ ગુનામાં પોલીસ ચોપડે ચડેલી મનીષાને ભાવનગર જિલ્લા જેલમાં ધકેલી દેવાયા

**અબતક, રાજકોટ**

શહેર પોલીસ દ્વારા વધુ બે બુટલેગરોની પાસા તળે અટકાયત કરવામાં આવી છે. લિસ્ટેડ બુટલેગર મગન રોજાસરા અને મહિલા બુટલેગર મનીષા ઉર્ફે મુન્ની સોલંકીની પાસા તળે અટકાયત કરી ભાવનગર જિલ્લા જેલ ખાતે મોકલી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે મગન રોજાસરા વિરુદ્ધ ૧૩ ગુના જ્યારે મુન્ની સોલંકી વિરુદ્ધ દારૂ સહિતના ૨૦ ગુના નોંધાયેલા છે.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા પ્રોહીબિશનની પ્રવૃત્તિ નેસ્ત નાબૂદ કરવા અને અસરકારક કામગીરી કરવા ઉપરાંત પ્રોહીબિશનની પ્રવૃત્તિ કરતા ઈસમો વિરુદ્ધ અટકાયતી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને અગાઉ અંગ્રેજી દારૂના ગુનામાં અનેકવાર પકડાઈ ચૂકેલા મગન રાયસીંગભાઈ રોજાસરા (ઉ.વ. ૪૩ રહે. ગ્રીનલેન્ડ ચોકડી પાસે શિવનગર શેરી ન.-૧)ની ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા માટે તેના વિરુદ્ધ પીસીબી શાખાના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયાએ પાસા દરખાસ્ત તૈયાર કરતા પોલીસ કમિશનર દ્વારા મગન રોજાસરાનું પાસા અધિનિયમ હેઠળ અટકાયત કરવા હુકમ કરવામાં આવતા મગન રાયસીંગ રોજાસરાને અટકાયતમાં લઈ પાસાં વોરંટની બજવણી કરી ભાવનગર જિલ્લા જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવી હતી ઉલ્લેખનીય



છે કે મગન રોજાસરા વિરુદ્ધ દારૂ સહિતના ૧૩ ગુના નોંધાયેલા છે. ઉપરાંત મગન અગાઉ બે વાર પાસા પણ કાપી ચૂક્યો છે.

જ્યારે અગાઉ દેશી દારૂના ગુનામાં અનેક વાર પકડાઈ ચૂકેલ લિસ્ટેડ મહિલા બુટલેગર મનીષા ઉર્ફે મુન્નીબેન વિનોદભાઈ સોલંકી(ઉ.વ. ૫૦ રહે. ચુનારાવાડ શેરી નંબર-૧, આજી નદીનાં કાંઠે)ની ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા તેમજ અસરકારક અટકાયતી પગલા લેવા જરૂરી હોય પીસીબીનાં ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયા દ્વારા મહિલા બુટલેગરની પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવતા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા મહિલા બુટલેગરની પાસા અધિનિયમ હેઠળ અટકાયત કરવા હુકમ કરવામાં આવતા મુની સોલંકીને અટકાયતમાં લઈ વોરંટની બજવણી કરી ભાવનગર જિલ્લા જેલ ખાતે મોકલી આપવા તજવી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, મુન્ની સોલંકી વિરુદ્ધ દારૂ સહિતના કુલ ૨૦ ગુના નોંધાયેલ છે. જ્યારે અગાઉ મુન્ની પણ પાસા કાપી ચૂકી છે.

# કુખ્યાત બુટલેગર મુન્નાના ગેરકાયદે મકાન પર બુલડોઝર ફેરવી દેવાયું

## ભીલવાસમાં ઓરડીઓ બનાવી દારૂનો વેંપલો કરતા શખ્સનું દબાણ કોર્પોરેટર, પીજીવીસીએલ અને પોલીસે સાથે મળી તોડી પાડ્યું

**અબતક, રાજકોટ**

શહેરના કુખ્યાત બુટલેગર નઝીર ઉર્ફે મુન્ના ઠાસરિયાની ભીલવાસમાં આવેલી ગેરકાયદે ઓરડીઓ પર ચાંપતા પોલીસ બંદોબસ્ત સાથે બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. વધુ એક ગુનેગારની ગેરકાયદે મિલ્કત તોડી પડાતા ગુનેગાર આલમમાં ફફડાટ મચ્યો છે. ગઈકાલે સાંજે ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા અને પ્ર.નગર પોલીસની ટીમ ભીલવાસ શેરી નં.૨માં પહોંચી હતી તે સાથે જ મહાનગર પાલિકાનું બુલડોઝર અને પીજીવીસીએલની ટીમ પણ સ્થળ પહોંચી હતી. પીજીવીસીએલની ટીમે એ વિસ્તારનો વીજળી પ્રવાહ





તસવીરઃ શૈલેષ વાડોલિયા

અટકાવી દીધો હતો. મનપાનું બુલડોઝર કુખ્યાત બૂટલેગર નજીર ઉર્ફે મુન્ના અલ્લારખા ઠાસરિયાના ઘર પાસે પહોંચ્યું હતું અને નજીરના મકાનનો કડૂસલો બોલાવી દીધો હતો.

નામચીન બૂટલેગરના ઘરનું ડિમોલિશન શરૂ કરાયાની વાત વાયુવેગે ફેલાઈ જતાં વિસ્તારના લોકો એકઠા થઈ ગયા હતા. કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર નજીર ઉર્ફે મુન્નો ઠાસરિયા દારૂના છ ગુનામાં સંડોવાયેલો હતો અને તેણે મકાનમાં ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હોય તેને હટાવવામાં આવ્યું હતું. અગાઉ જંગલેશ્વરમાં ડ્રગ્સ પેડલર રમાના પતિની ગેરકાયદે મિલકત પર ત્યારબાદ ભિસ્તીવાડમાં કુખ્યાત માજીદ ઉર્ફે ભાણુના મકાનને ધરાશાયી કરવામાં આવ્યું હતું.

# ગોવિંદનગરમાં પેઈન્ટરે ફાંસો ખાય જીવાદોરી ટૂંકાવી

## પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી

**અબતક રાજકોટ**

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ લાખના બંગલા થી આગળ વેલનાથ ચોક ગોવિંદ નગર ચારમાં રહેતા અને કલર કામ કરી ગુજરાત ચલાવતા દિપક ઘરભરણ ભાઈ ગૌતમ ૨૫, ગઈકાલે એક એપ્રિલ સવારે સાત વાગે અગમે કારણસર પોતાના ઘેર ગળે ફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવતા તા,૧એપ્રિલ ૧૦/૧૪કલાકે ડો, કૃપાલીબેન કોટડીયાએ મુર્ત જાહેર કર્યા હતા, આ અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હે કોસ્ટેબલ એમ,જી જાડેજા એ તપાસ હાથ ધરી છે .

# ઘોડાએ લાત મારતા નાલ બંધ યુવાનનું પ્રાણપંખેરૂ ઉડી ગયું

**અબતક, રાજકોટ**

રાજકોટ નજીક રૈયા ગામે સ્મશાન પાસે ઘોડા નો તબેલો. ચલાવતા મહેન્દ્રભાઈ ના તબેલે ઘોડા ને નાલ બાંધવા આવેલા રાજસ્થાની યુવાનને ઘોડા લાત લાગી જતા પ્રાણ-પંખેરુ ઉડી ગયું હતું.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર રહ્યા પાસે આવેલ રૈયા પાસે આવેલ મહેન્દ્ર ભાઈ ના તબેલામાં ઘોડાને નાલ બાંધવા આવેલ રાજસ્થાનના તેજ સિંહ અમનસિંહ ૨૯ ને અશ્વ એ લાત મારી દેતા તે જ સિંહ ઘટના બેભાન થઈને ઢળી પડ્યો હતો અને સિવિલમાં લઈ જવામાં આવતા ફરજ પરના તબીબોય મૂર્ત જાહેર કર્યો હતો આ અંગેની તપાસ યુનિવર્સિટી પોલીસ ચલાવી રહી છે

# પાણીની બોટલ વાગતા ૧૪ વર્ષીય તરૂણનાં મોત મામલે શાપર પોલીસમાં ગુનો

## રેલવે ટ્રેક પર રમતા કિશોરને બચાવવા ફેંકાયેલી બોટલે જ જીવ લેતા પરિવારમાં અરેરાટી

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળમાં રેલવે ટ્રેક નજીક રમતા બાળકને બચાવવા ટ્રેનમાંથી અજાણ્યા શખ્સે પાણી ભરેલી બોટલ ફેંકતા બાળકને છાતીમાં વાગતા મોત નીપજ્યું હતું. મામલામાં શાપર વેરાવળ પોલીસે ટ્રેનનાં પહેલા ડબ્બામાંથી બોટલ ફેંકનાર અજાણ્યા શખ્સ વિરુદ્ધ સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધાયો છે. મામલામાં મૃતકનાં પિતા સંતોષ ધનશાહ ગોડઠાકર(ઉ.વ.૪૦)એ શાપર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ મૂળ મધ્યપ્રદેશનાં ઉમરીમાં જિલ્લાનાં વતની છે અને હાલ તેઓ શાપર વેરાવળનાં ગણેશનગર સામે આવેલ લી.સી.એમ. કારખાનાંની બાજુમાં આવેલી ઓરડીમાં રહે છે અને પરમાર ગેલ્વેનાઈજઝ કમ્પનીમા નોકરી કરે છે.તેમને સંતાનમા એક દિકરો તથા એક દિકરી છે. જેમા સૌથી મોટો દિકરો મરણજનાર બાદલ ઉ.વ.૧૪ નો છે તેનાથી નાની દીકરી પ્રિયંકા જે ઉ.વ.૬ ની છે. વધુમાં પિતાએ જણાવ્યું હતું કે, ગત તા.૩૧/૦૩/૨૦૨૫ ના રોજ બપોરના સમયે હુ વેરાવળ મસ્તક ફાટક પાસે આવેલ પરમાર ગેલ્વેનાઈઝ નામના કારખાને કામ ઉપર હાજર હતો. દરમ્યાન આશરે ત્રણેક વાગ્યાના અરસામાં વેરાવળ શાંતિધામ સોસાયટીમા રહેતા મોહીત રાજુભાઈ તથા સંગમપાલ અજયપ્રસાદ બન્ને દોડીને હુ કામ કરતો હતો ત્યા આવેલ અને કહેલ કે અને બને તથા તમારો દીકરો બાદલ તથા બીજા અન્ય છોકરાઓ વેરાવળ મસ્તક ફાટક પાસે ઓમરીંગ નામના કરખાનાની સામે રેલ્વે ટ્રેક પાસે ઓટા પાસે ઉભા હતા. દરમ્યાન રેલ્વે પાટા પરથી એક ટ્રેન નીકળેલ અને ટ્રેનના પહેલા ડબ્બામાથી કોઈએ પ્લાસ્ટીકની બોટલનો બહાર ઘા કરતા આ બોટલ બાદલના છાતીના ભાગે લાગી ગયેલ છે અને બાદલ નિચે પડી બેભાન થઈ ગયેલ છે. જેથી પિતા અને તેમની કમ્પનીના ભાવીનભાઈ ડોબરીયા તુરંત જ ત્યા ગયેલ અને જોયેલ તો મારો દીકરો બાદલ બેભાન હાલતમાં પડેલ હતો. ત્યા ઘણા માણસો ભેગા થયેલ હતા તેમાથી કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલ અને મારા દિકરા બાદલને સારવાર માટે શાપર સરકારી હોસ્પીટલે લઈ ગયેલ હતા. જ્યાં તબીબે બાળકને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના સંબંધે ઓમરિંગ નામના કરખાનાના સી.સી.ટી.વી. ફુટેજ જોતા તેમા ટ્રેનના પ્રથમ ડબ્બામાથી કોઈએ પાણીની બોટલ બહાર નાખતા તે બોટલ મારા દીકરાને લાગી જતા તે પડી જતો હોવાનુ જોવામા આવેલ હતુ. તો ટ્રેન ન.૧૯૨૧૮ વેરાવળ - બાંદ્રા ટ્રેનના પ્રથમ ડબ્બામાથી પ્લાસ્ટિકની બોટલ બહાર ફેકનાર વ્યક્તિ વિરુદ્ધ પિતાએ શાપર વેરાવળ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ બીએનએસની કલમ ૧૦૬(૧) હેઠળ સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધ્યો છે.

# મારી બહેન સામે કેમ જોવે છે.. કહી મેટોડામાં લેબર કોન્ટ્રાકટને છરી ઝીંકી દેવાઈ

## ઉછીના આપેલ રૂ.૩૫૦૦ની ઉઘરાણી કરતા પૂર્વ આયોજિત કાવતરૂ ઘડી હુમલો કરનાર ચાર શખ્સો વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

મારી બહેન સામે કેમ જોવે છે... કહી રાજકોટની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી ખાતે લેબર કોન્ટ્રાક્ટરને ચાર શખ્સોંએ માર મારી છરી ઝીંકી દીધાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં ચાર શખ્સોં વિરુદ્ધ મેટોડા પોલીસમાં ગુનો નોંધાયો છે. રાજકોટ શહેરના સંત કબીર રોડ પર રહેતા લેબર કોન્ટ્રાક્ટર હર્ષદભાઈ મગનભાઈ ઘાટલીયા (ઉ.વ.૪૪)એ મેટોડા જીઆઈડીસી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં ઈકબાલ ઉર્ફે શોયેબ બ્લોચ, મહોમદ ઉર્ફે નવાઝ, પાર્થ રબારી અને એક અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું મેટોડા જી.આઈ.ડી.સી. તથા શાપરમાં અલગ અલગ કંપનીઓમાં લેબર કોન્ટ્રાક્ટરનું કામ કરૂ છુ. ગઈ કાલ તા.૩૧/૦૩/૨૦૨૫ ના સવારના સાડા દશ વાગ્યે હું મેટોડા ખાતે લેબરના કામથી આવેલ હતો ત્યારે મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નં.૨ ની બાજુમાં આવેલ બસ સ્ટેન્ડ પાસે ઉભો હતો. ત્યારે મારા મોબાઈલમાં એક અજાણ્યા શખ્સનો ફોન આવેલ હતો. સામેના શખ્સે મને કહેલ કે, કયા છો, ઓફીસે આવો છો ? મારે માણસો કામે રાખવા છે. જેથી મે તેને કહેલ કે, હું મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નં.૨ ના બસ સ્ટેન્ડ પાસે બેઠો છુ. તમે આવો તેમ કહેતા થાડી વાર બાદ ફરીથી મને ફોન આવેલ કે, ક્યાં છો, જેથી મે તેને તમારી રાહ જોઈને જ બસ સ્ટેન્ડ બેઠો છુ તેમ કહેલ જેથી એક ઓટો રીક્ષા નંબર જીજે-૦૩-બીએક્સ - ૮૮૩૪ આવેલ હતી. તેમાંથી મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નં.૨ ની સામે રહેતો ઈકબાલ ઉર્ફે શોયેબ બ્લોચ, તેના માસીનો છોકરો મહમદ ઉર્ફે નવાઝ, આસ્થા સોસાયટીમાં રહેતો પાર્થ રબારી તથા એક અજાણ્યો માણસ ઉતર્યા હતા. બાદમાં ઈકબાલ ઉર્ફે શોયેબે મારી પાસે આવી મારી બહેન સામે કેમ જોવે છે ? તેમ કહી ઈકબાલ, પાર્થ અને અજાણ્યા શખ્સે પકડી રાખેલ હતો અને ઢીકાપાટુનો માર મારેલ હતો.

બાદમાં મહમદ ઉર્ફે નવાઝે તેના હાથમાં રહેલ છરીથી મારા પેટમાં જમણી બાજુએ ઉપરા ઉપરી બે ઘા મારી દીધેલ હતા. ત્યારે આ ઈકબાલ ઉર્ફે શોયેબ બોલતો હતો કે આ મરી જાય ત્યાં સુધી મારો તેમ કહી તેણે નવાઝના હાથમાંથી છરી લઈ મને કમરના ભાગે પડખામાં ડાબી બાજુએ છરીનો ઘા મારી દેતા હું નીચે પડી ગયેલ હતો. બાદમાં ચારેય શખ્સોં નાસી ગયા હતા. ત્યારબાદ મે મારા મિત્ર મહેશભાઈ મકવાણાને ફોન કરતા તેઓ દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બયુલન્સ મારફત મેટોડાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર લીધા બાદ રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે દાખલ કરેલ હતો.

ફરિયાદીએ વધુમાં બનાવનું કારણ જણાવતા કહ્યું હતું કે, મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નં.૨ની સામે રહેતી શબાના બ્લોચ મારા કોન્ટ્રાક્ટમાં કામ કરતી હતી. દોઢેક મહીના નોકરી કર્યા બાદ તેણે પોતાની રીતે અલગથી લેબર કોન્ટ્રાક્ટ રાખવાનું કામ ચાલુ કરી દીધેલ જેથી અમારે માણસોની જરૂરીયાત હોય ત્યારે એક બીજાને ફોન કરતા હતા અને માણસોને એક બીજાના કોન્ટ્રાક્ટમાં મોકલતા હતા. ત્યારે આ શબાનાનો ભાઈ ઈકબાલ ઉર્ફે શોયેબ બ્લોચ માણસો લેવા મુકવા આવતો હતો. ત્યારે તેની સાથે ઘણીવાર ઈકબાલ ઉર્ફે શોએબનો માસીનો દિકરો મહમદ ઉર્ફે નવાઝ તથા પાર્થ રબારી પણ આવતા હતા. જેથી આ ત્રણેયને હું ઓળખું છુ. ત્રણેક મહીના પહેલા ઈકબાલે મારી પાસેથી રૂ.૩૫૦૦ ઉછીના લીધા હતા. જેનો ખાર રાખીને ચારેય શખ્સોં પૂર્વઆયોજિત કાવતરું ઘડીને હથિયાર સાથે ધસી આવ્યા હતા અને હુમલો કર્યો હતો.

મામલામાં મેટોડા પોલીસે ચારેય શખ્સોં વિરુદ્ધ જીવલેણ હુમલા સહીતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# ચેક રિટર્ન કેસમાં મેટોડાના વેપારીને દોઢ વર્ષની સજા

## રૂપિયા દસ લાખ નું વળતર સમય મર્યાદામાં ન ચૂક્યો તો વધુ છ માસની કેદ

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતા યુવાને મિત્રતાના દાવે લીધેલી રકમ પરત કરવા આપેલો ચેક રિટર્ન થવાનો કેસ ચાલી જતા અદાલતે મેટોડા ના વેપારીને દોઢ વર્ષની સજા અને ચેક મુજબનું રૂપિયા ૧૦ લાખ નું વળતર સમય મર્યાદામાં ન ચૂકવે તો વધુ છ માસની સજા નો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા સૌરભ ભીખાભાઈ ચંદારાણા એ મેટોડા ખાતે રહેતા સંજયભાઈ દેવરાજભાઈ સોજીત્રાને મિત્રતાના દવે રૂપિયા દસ લાખ ૧૦ મહિના માટે હાથ ઉછીના આપ્યા હતા બાદ સંજયભાઈ સોજીત્રાએ રકમ પરત કરવા ચેક આપ્યો હતો જે ચેક બેંકમાં સૌરભભાઈ ચંદારાણાએ ભરતા બેંકમાંથી વગર વસુલાતે પરત ફર્યો હતો. જે અંગે કાયદાકીય જોગવાઈ મુજબ સૌરભભાઈએ તેમના વકીલ કિશન ગાંધી મારફતે સંજયભાઈ સોજીત્રાને નોટિસ પાઠવી હતી. છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા સૌરભભાઈએ અદાલત માં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરેલો. જે કેસ ચાલી જતા ફરીયાદી તરફે રજુ થયેલ સોગંદનામુ અને વિવીધ દસ્તાવેજી પુરાવાઓને અને ફરીયાદીના વકીલ કિશન બી. ગાંધીની દલીલો અને સુપ્રીમ કોર્ટે અને વિવીધ હાઈકોર્ટેના



એડવોકેટ કિશન ગાંધી

ચુકાદાઓને ધ્યાને લઈને કોર્ટે કાયદા પાછળનો હેતુ અને આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે, જો તે મુજબ ન કરવામાં આવેતો લોકોનો બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતા અચકાશે નહી લાંબો સમય કેસ ચાલેલ તેમ છતા ચેક મુજબની રકમ પરત કરેલ નથી અને કાયદા પાછળનો હેતુ અને આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, લોકોનો બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસ પણે સજા કરવી જોઈએ કારણ કે કાયદામાં પ્રસ્થાપીત સિંધ્ધાત અનુસાર કાયદો ઘડવા પાછળના સંસદના ઈરાદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજ અદાલતની છે. અને જો તે મુજબ ન કરવામાં આવેતો લોકોનો બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતા અચકાશે નહી અને જેના કારણે ભારતીય અર્થતંત્ર જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન જાય તેમ હોય તેવા લેખિત મૌખિક કરેલી દલીલ જે ધ્યાને લઈ આરોપી સંજય દેવરાજભાઈ સોજીત્રાને દોઢ. વર્ષની સજા અને ચેકની રકમ રૂા. ૧૦ લાખ ચુકવવા અને જો તે ન ચુકવે તો વધુ છ માસની સજાનો હુકમ કરેલો હતો. ઉપરોકત કામે ફરીયાદી તરફે ગાંધી લો ફર્મના સિનીયર એડવોકેટ બિપીનચંદ્ર ગાંધી, કિશન ગાંધી અને જય પી.સિધ્ધપુરા રોકાયા હતા.

# સરદાર બાગ પાસે ક્રિકેટ સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

**અબતક, રાજકોટ**

હાલમાં આઈપીએલ ક્રિકેટ મેચની સીઝન ખુલી છે. ત્યારે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા અને રમાડતા શખ્સો મેદાનમાં ઊતરી ગયા છે. સાથે સાથે પોલીસ તંત્ર પણ સક્રિય બની , ક્રિકેટ મેચ પર સટ્ટો રમનારા પર ધોંસબોલાવી છે. જેમાં પીસીબીની ટીમે સરદાર નગર બગીચા પાસે આવેલી આઈ સી આઈ બેંક પાસેથી મોબાઈલમાં લખનઉ સુપર જાયન્ટ અને પંજાબ કિંગ્સ વચ્ચે ચાલતી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો, આનંદ નગર ક્વાટર એલ ૬માં રહેતો સમીર અહમદભાઈ જુણેજા નામના શખ્સને રૂ.૭ હજાર ની કિંમતના મોબાઈલ સાથે ધરપકડ કરી છે. પોલીસે ઝડપાયેલા શખ્સે કોની પાસેથી આઈડી લીધી વગેરેની પૂછપરછ હાથ ધરી છે.

# ભવાનીનગરમાં વિદેશી દારૂની ૪૮બોટલ સાથે શખ્સ ઝડપાયો

**અબતક, રાજકોટ**

શહેરના ભવાની નગર શેરી નંબર ૧માં માટેલ પાન વાળી શેરીમાં રહેતો જીતુ માધુભાઈ ભટ્ટી નામનો શખ્સ તેના ઘર નજીક વિદેશી દારૂ ના જથ્થા સાથે.ઉભો હોવાની બાતમી એ ડિવિઝન પોલીસને મળી હતી. બાતમી પરથી ભવાની નગરમાં વિદેશી દારૂનો દરોડો પાડી, રૂ. ૨૧.૬૦૦ની કિંમતની ૪૮ બોટલ સાથે જીતુ ભટ્ટીને એ ડિવિઝન પોલીસની ટીમે ઝડપી લીધો છે. ઝડપાયેલા શખ્સની દારૂ અંગે પૂછપરછ કરતા , તેની સાથે ભવાની નગરમાં રહેતો મોસીન ઉર્ફે ભેંસ નરસિંહભાઈ તાયાણી અને ચુનારાવાદમાં રહેતો વિજય ઉર્ફે બાલી મધુભાઈ ભટ્ટી નામના શખ્સો સંડોવાયહોવાની કબુલાત આપી છે પોલીસે બંને શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી, શોધખોળહાથ ધરી છે.

# નીલકંઠ ઢોસા અને આસ્થા એન્ટરપ્રાઈઝમાંથી ૬૧ કિલો વાસી ખોરાક પકડાયો

**મોરબી રોડ હોકર્સ ઝોનમાં ખાદ્યચીજોનું વેચાણ કરતા ૧૯ ધંધાર્થીઓ ત્યાં ચેકીંગ**





**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા સલંગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જાનકી એવન્યુ, શિવ દ્રષ્ટિ પાર્ક, મવડી ૮૦ ફૂટ રોડ પર ''નીલકંઠ ઢોસા'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરાયેલા વાસી સંભાર તથા મંચુરિયનનો અંદાજીત ૩૩ કિ.ગ્રા. અખાદ્ય જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી.

આ ઉપરાંત ન્યુ અંબિકા પાર્ક, સાધુ વાસવાણી રોડમાં આવેલ '' આસ્થા એન્ટરપ્રાઈઝ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી પનીર મળી આવતા અંદાજીત ૨૮ કિ.ગ્રા. અખાદ્ય પનીરનો જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી.

ફૂડ વિભાગની ટીમ દ્વારા મોરબી રોડ હોકર્સ ઝોનમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.૧ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી.. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામા આવી હતી.

યશ ઘૂઘરાને ફૂડ લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી.

# અમેરિકન અને ભારત સાથે મળી પરમાણુ રીએક્ટર બનાવશે

**વર્ષ ૨૦૦૭માં થયેલા કરાર હેઠળ અમેરિકન કંપનીને ભારતમાં પરમાણું રીએક્ટર બનાવવાની મળી મંજૂરી**

**અબતક, નવી દિલ્હી**

અમેરિકન કંપનીઓ હવે ભારતમાં પરમાણુ રિએક્ટર બનાવી શકશે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જીએ એક કંપનીને ભારતમાં પરમાણુ રિએક્ટર બનાવવા માટે મંજૂરી આપી છે. આ કંપનીનું નામ હોલ્ટેક ઈન્ટરનેશનલ છે.

લગભગ ૨૦ વર્ષ પહેલાં, ભારત અને અમેરિકા વચ્ચે એક કરાર થયો હતો. આને નાગરિક પરમાણુ કરાર કહેવામાં આવે છે. આ કરાર હેઠળ ભારતમાં પરમાણુ રિએક્ટર બનાવવામાં આવશે. અહેવાલ મુજબ, આ મંજૂરી પછી, હોલ્ટેક કંપની ભારતની ત્રણ કંપનીઓને તેની ટેકનોલોજી આપી શકે છે. આ ત્રણ કંપનીઓના નામ હોલ્ટેક એશિયા, ટાટા કન્સલ્ટિંગ એન્જિનિયર્સ લિમિટેડ અને એલએન્ડટી છે.

અમેરિકન કંપની જે ટેકનોલોજી પૂરી પાડશે તે નાના પરમાણુ રિએક્ટર બનાવવા માટે છે. અમેરિકન કંપની હોલ્ટેક ઈન્ટરનેશનલનું સંચાલન ભારતીય-અમેરિકન ક્રિસ પી સિંહ દ્વારા કરવામાં આવે છે. હોલ્ટેક એશિયા કંપની ૨૦૧૦ થી પુણેમાં કાર્યરત છે. તેની ગુજરાતમાં પણ એક ફેક્ટરી છે.

હોલ્ટેક કંપનીએ સરકારને એમ પણ કહ્યું હતું કે તે આ ટેકનોલોજી વધુ ત્રણ સરકારી કંપનીઓને આપવા માંગે છે. આ કંપનીઓના નામ ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ , થર્મલ યુટિલિટી એનટીપીસી લિમિટેડ અને એટોમિક એનર્જી રિવ્યુ બોર્ડ છે. પરંતુ ભારત સરકારે આ કંપનીઓને કેટલાક જરૂરી દસ્તાવેજો પૂરા પાડ્યા ન હતા. તેથી, આ કંપનીઓને હજુ સુધી મંજૂરી મળી નથી.હાલમાં, હોલ્ટેક કંપનીએ જે ત્રણ કંપનીઓને ટેકનોલોજી પૂરી પાડવાની મંજૂરી આપી છે તેમાં ઘણી શરતોનો સમાવેશ થાય છે.

# આરોગ્ય કર્મચારીઓને અલ્ટીમેટમ કાલ સુધીમાં હાજર થવા તાકીદ

**હજુ પાંચેક હજાર કર્મચારીઓ પોતાની ફરજ પર હાજર થયા નથી એમને ૩ એપ્રિલ સુધીમાં હાજર થઈ જવાની તક આપવામાં આવી**

**અબતક, અમદાવાદ**

ગુજરાતના પંચાયત સંવર્ગના આરોગ્ય કર્મચારીઓ પોતાની પડતર માગણીઓને લઈ આંદોલન ચલાવી રહ્યા છે તેમને આજે અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટ કર્યું છે કે, આરોગ્ય વિષયક બાબત હોવાથી મંજૂરી વગર આંદોલન કરવા સામે એસ્મા લાગુ કરાયો છે, એમ છતાં હજુ પાંચેક હજાર કર્મચારીઓ પોતાની ફરજ પર હાજર થયા નથી એમને ૩ એપ્રિલ સુધીમાં હાજર થઈ જવાની તક આપવામાં આવે છે. આ પછી હાજર થનારાનું શું થશે એ કહી શકાશે નહીં.એક પખવાડિયાથી આંદોલન કરી રહેલા આરોગ્ય કર્મચારીઓ પૈકી આંદોલનકર્તા નેતાઓ સાથે વાટાઘાટો બાદ લગભગ દસથી બાર હજાર કર્મચારીઓ પોતાની ફરજ પર હાજર થઈ ગયા હતા. આમ ભાગલા છતાંય પાંચેક હજાર કર્મચારી આંદોલનકારી નેતાઓના વિશ્વાસે હજુ મોરચો માંડીને બેઠા છે. આ કર્મચારીઓને આજે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે અલ્ટિમેટમ આપ્યું હતું. એક પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીએ કહ્યું કે, એમની મુખ્ય માગણી પે ગ્રેડ સુધારવાની છે. આ પે ગ્રેડ કોઈ એક વિભાગ પૂરતો સીમિત નથી, પરંતુ લગભગ સાત કેડરને અસરકર્તા છે. એક જ વિભાગનો વધારવામાં આવે એવી માગણી તત્કાળ સ્વીકારી શકાય નહીં. સરકાર યોગ્ય સમયે વિચારશે, પરંતુ હાલ તો એમણે સરકાર સાથેની વાટાઘાટોના આધારે ફરજ પર પુનઃ હાજર થવું પડશે.

આરોગ્ય કર્મચારીઓએ ૧૭ માર્ચથી અચોક્કસ મુદ્દતની હડતાળ શરૂ કરી છે. તેમની મુખ્ય માગણીઓમાં ટેકનીકલ કૌશલ્ય આધારિત પગારધોરણ લાગુ કરવું અને ખાતાકીય પરીક્ષા રદ કરવાનો સમાવેશ થાય છે. સરકારે એસ્મા લાગુ કર્યો હોવા છતાં આરોગ્ય કર્મચારીઓ અડગ રહ્યા છે. સરકારે હડતાળ સમેટ્યા બાદ જ વાતચીત કરવાનું વલણ અપનાવ્યું છે. આ તરફ આંદોલનકારી કેટલાક નેતાઓએ સરકારની વાત માનીને આંદોલન સમેટી લેવાની જાહેરાત કરી હતી. હાલ પાંચેક હજાર કર્મચારી હડતાળ પર યથાવત છે અને એ પૈકી કેટલાક આગેવાનો ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મોરચો માંડીને બેઠા છે. બીજીબાજુ સત્યાગ્રહ છાવણી ખાતે વ્યાયામ શિક્ષકો પણ પોતાની માગણીઓને લઈને આંદોલન કરી રહ્યા છે.

# રાજ્યમાં ત્રણ નવી લિગ્નાઈટ ખાણો ખોલાશે

**ભરૂચની બે અને લખપતની એક ખાણમાં ખાણકામ પ્રવૃત્તિઓ શરૂ કરવા જીએમડીસીની લીલીઝંડી**

**અબતક, અમદાવાદ**

ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીએમડીસી) ચાલુ નાણાકીય વર્ષમાં ત્રણ નવી ખાણોમાં ઉત્પાદન શરૂ કરવા સાથે તેના લિગ્નાઈટ માઈનિંગ કામગીરીમાં નોંધપાત્ર વધારો કરવા માટે તૈયાર છે. આ વિસ્તરણ એવા સમયે કરવામાં આવી રહ્યું છે જ્યારે જીએમડીસી ગુજરાતના ઉદ્યોગોને આ મહત્વપૂર્ણ સંસાધનનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે જૂની ખાણો બંધ કરવાની તૈયારી કરી રહી છે.

જીએમડીસી ભરૂચમાં ઈએફજી વાલિયા અને દામલાઈ ખાણો અને કચ્છમાં લખપત (પુંજરપુર) ખાણમાં ખાણકામ પ્રવૃત્તિઓ શરૂ કરશે. આ ખાણો જીએમડીસીની છ નવી લિગ્નાઈટ સાઈટ્સ વિકસાવવાની વ્યાપક યોજનાનો એક ભાગ છે, જેમાં સંયુક્ત રીતે ૪૮૩ મિલિયન ટનનો ભંડાર છે. જીએમડીસી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈએફજી વાલિયા નવી સાઈટ્સમાં સૌથી મોટી હશે, જેની મહત્તમ ખાણકામ ક્ષમતા વાર્ષિક ૫ મિલિયન ટન હશે. લખપત અને દમલાઈ અનુક્રમે ૩ અને ૨ મિલિયન ટન ઉત્પાદન કરે તેવી અપેક્ષા છે.

''અમે આ ત્રણ ખાણો માટે પર્યાવરણીય મંજૂરી અને જમીન સંપાદન સાથે આગળ વધી રહ્યા છીએ,'' જીએમડીસીના જીએમ સ્વાગત રેએ જણાવ્યું. ''પ્રારંભિક ઉત્પાદન સામાન્ય રહેશે, પરંતુ અમે અપેક્ષા રાખીએ છીએ કે આ સ્થળોએ વાર્ષિક ૧૦ મિલિયન ટનનું સંયુક્ત ઉત્પાદન થશે.'' જીએમડીસીનું વર્તમાન ઉત્પાદન પણ વધી રહ્યું છે. કોર્પોરેશને આ વર્ષે ૮ મિલિયન ટન લિગ્નાઈટનો લક્ષ્યાંક રાખ્યો છે, અને માર્ચના મધ્ય સુધીમાં, તે ૭.૫ મિલિયન ટનનો આંકડો વટાવી ગયો હતો, જે ગયા વર્ષે ૬.૫ મિલિયન ટન હતો. નવી ખાણો વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે કારણ કે હાલની ખાણો તેમના કાર્યકારી જીવનકાળના અંતને પહોંચી રહી છે. ''રાજપારડી ખાણ તાજેતરમાં બંધ થઈ ગઈ છે, અને અમને અપેક્ષા છે કે કચ્છમાં માતાનો મઢ અને ઉમરસર ખાણો ૨૦૩૦ સુધીમાં બંધ થઈ જશે, ત્યારબાદ ૨૦૩૨ માં તડકેશ્વર ખાણો બંધ થઈ જશે,'' રેએ જણાવ્યું. ''આ ખાણો બંધ થવાથી, જેની સંયુક્ત વાર્ષિક ક્ષમતા ૪.૪ મિલિયન ટન છે, નવી ખાણોના વિકાસની જરૂર પડી છે.

# મુંબઈ બ્લાસ્ટના માસ્ટર માઈન્ડ ટાઈગર મેમણ પરિવારની ૧૪ મિલકતો કેન્દ્રને સુપરત

**બોમ્બે હાઈકોર્ટના કોર્ટ રીસીવર પાસે રહેલી મિલકત કેન્દ્રને આપવા ટાડા કોર્ટનો આદેશ**

**અબતક, રાજકોટ**

૧૯૯૩ના મુંબઈમાં બોમ્બ બ્લાસ્ટના કેસમાં ખાસ ટાડા કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે ટાઈગર મેમણ, યાકુબ મેમણ અને તેમના પરિવારની ૧૪ સ્થાવર મિલકતો કેન્દ્ર સરકારને સોંપવાનો આદેશ આપ્યો છે. આમાં ઘણા ફ્લેટ, ખાલી પ્લોટ, ઓફિસો અને દુકાનોનો સમાવેશ થાય છે. આ મિલકતો ૧૯૯૪માં જપ્ત કરવામાં આવી હતી. હાલમાં આ મિલકતો બોમ્બે હાઈકોર્ટના કોર્ટ રીસીવર પાસે છે.

સ્પેશિયલ જજ વી.ડી. કેદારે ૨૬ માર્ચે આ આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે કોર્ટ રીસીવરને આ ૧૪ મિલકતોમાંથી મુક્તિ મળે છે. મિલકતો વેચ્યા પછી અથવા અન્ય કોઈપણ કાનૂની માધ્યમથી તેનો નિકાલ કર્યા પછી જે પણ ખર્ચ થશે, તે સક્ષમ અધિકારીને ચૂકવવાનો રહેશે.

ટાઈગર મેમણ બોમ્બ બ્લાસ્ટનો મુખ્ય આરોપી છે અને હજુ પણ ફરાર છે. આ કેસમાં તેના ભાઈ યાકુબ મેમણને દોષી ઠેરવવામાં આવ્યો હતો અને ૨૦૧૫ માં તેને ફાંસી આપવામાં આવી હતી. સરકારને સોંપવામાં આવનારી મિલકતોમાં યાકુબનો બાંદ્રા (પશ્ચિમ) માં અલમેડા પાર્ક ખાતેનો ફ્લેટ, સાંતાક્રુઝમાં એક ખાલી પ્લોટ અને ફ્લેટ, કુર્લામાં બે ફ્લેટ, મોહમ્મદ અલી રોડ પર એક ઓફિસ, ડોંગરીમાં એક દુકાન, ફ્લેટ અને જમીન, માહિમમાં એક ખુલ્લો પ્લોટ, મનીષ માર્કેટમાં ત્રણ દુકાનો, ઝવેરી બજારમાં એક ઈમારત અને પ્લોટ અને માહિમમાં



એક ગેરેજનો સમાવેશ થાય છે. આ મિલકતોના માલિકો અબ્દુલ રઝાક મેમણ, ઈસા મેમણ, યાકુબ મેમણ અને રૂબીના મેમણ છે.

મેમણ પરિવારના ૧૩ સભ્યોને મિલકતો ખાલી કરવાની નોટિસ મોકલવામાં આવી હતી, જેમાં ટાઈગર મેમણનો પણ સમાવેશ થાય છે. પણ કોઈએ આનો કોઈ જવાબ આપ્યો નહીં. કેન્દ્ર સરકાર દ્વારા ૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ સ્મગલર્સ એન્ડ ફોરેન એક્સચેન્જ મેનિપ્યુલેટર્સ એક્ટ હેઠળ અરજી દાખલ કરવામાં આવી હતી. સરકાર કહે છે કે આ ઓથોરિટીનું કામ દાણચોરો અને ડ્રગ તસ્કરોની ગેરકાયદેસર રીતે મેળવેલી મિલકતોને શોધી કાઢવાનું અને જપ્ત કરવાનું છે. તેમજ આ એક્ટમાં એક એવો કાયદો છે જે સરકારને દાણચોરી અને વિદેશી હૂંડિયામણની હેરાફેરીથી મેળવેલા પૈસાથી ખરીદેલી સંપત્તિ જપ્ત કરવાની મંજૂરી આપે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં, જે લોકોની મિલકતો જપ્ત કરવામાં આવી હતી, તેમણે તેમને પાછી મેળવવા માટે અનેક કોર્ટમાં અરજીઓ દાખલ કરી હતી. પરંતુ તેમની અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૪ માં, કોર્ટે માહિમના અલ હુસૈન બિલ્ડિંગમાં સ્થિત ત્રણ ફ્લેટ કેન્દ્ર સરકારને સોંપવાનો આદેશ આપ્યો હતો. આ ફ્લેટ એક સમયે મેમણ પરિવારના હતા. આ ફ્લેટ ટાઈગર, યાકુબ અને તેમના સંબંધીઓના હતા, જેમાં તેની માતા હનીફા (જેને નિર્દોષ જાહેર કરવામાં આવી હતી), ભાભી રૂબીના (જે આજીવન કેદની સજા ભોગવી રહી છે) અને પત્ની શબાના (જે ફરાર છે)નો સમાવેશ થાય છે. હાઉસિંગ સોસાયટીએ જાળવણી બાકી રકમની પતાવટ અને ફ્લેટના પુનર્વિકાસ માટે અરજી દાખલ કરી હતી, પરંતુ કોર્ટે તેને ફગાવી દીધી હતી અને તેમને સક્ષમ અધિકારીનો સંપર્ક કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# માધાપર ચોકડી પાસે અકસ્માતમાં મામાની નજર સામે માસુમનું મોત

**અબતક રાજકોટ**

શહેરમાં વધુ એક હિટ એન્ડ રન જેવા બનાવવામાં મોટો રે મોટરસાયકલને ધરાવતા છ વર્ષના માસુમ બાળક નું ટ્રકના તોતિંગવ્હીલ હેઠળ કચળાઈ જવાથી કરુણ મોત નીપજ્યું હતું

આ અંગે પોલીસ માંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મૂળ રાજસ્થાન રાવતની અને હાલ ગોંડલના ગુંદાસરા માં રહેતા હાર્દિક પંકજ ચૌધરી પોતાના મામા વિક્રમ ચૌધરી અને માતા ખુશી બેન સાથે બાઈક પર બેસી રાજકોટ અટલ સરોવર ખાતે ફરવા આવ્યા હતા ત્યાંથી પરત આવતી વખતે રહ્યા ચોકડી પાસે બાઈક મોટર સાથે અથડાઈ જતા ચાલક વિક્રમ ગભરાઈ ગયો હતો અને મોટરસાયકલ માધાપર ચોકડી તરફ લઈ જતા પોલીસ સ્પીડમાં બાઈક સ્લીપ થઈ ગયું હતું અને નજીકથી પસાર થતું ટ્રકનો વહેલ હાર્દિકના માથા પર ફરી વળતા તેનું ઘટનાસ્થળે મોત નીપજયુ હતું,અકસ્માતનો ભોગ બનેલ હાર્દિક માતા પિતાનું એકનું એક સંતાન હતું આ અંગે ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી છે.

# ચૂકવણીની ઓછી રકમ અને ઢીલાશના કારણે ૬૦૦થી વધુ ખાનગી હોસ્પિટલોએ આયુષ્માન કાર્ડની સહભાગીતા સમાપ્ત કરી

**ચુકવણીઓ માટે ઓળખપત્રોની તપાસ જરૂરી પરંતુ પ્રક્રિયાઓ એટલી મોડી ન હોવી જોઈએ કે ખાનગી હોસ્પિટલોને લાગે કે તેઓ યોજના વિના જ સારા છે**

**અબતક, રાજકોટ**

એકવાર ભોજન ટેબલ પર જમવા બેઠા પછી સામાન્ય માણસની મોટી ચિંતા એ છે કે હોસ્પિટલના બિલના કારણે તેના ખિસ્સામાં ખાડો પડી જશે ? હોસ્પિટલ ઈમરજન્સી એક એવું કારણ છે કે મધ્યમ અને નિમ્ન આવક ધરાવતા વર્ગો ઘણીવાર ખર્ચ કરવાને બદલે વધુ બચત કરે છે. સદભાગ્યે, આરોગ્ય વીમો આ ખાલી જગ્યા ભરે છે. પરંતુ ઘણા લોકોને તે પરવડતું નથી. તેથી, સરકાર ગરીબો માટે આરોગ્ય સંભાળ ખર્ચને સંબોધતી કલ્યાણકારી યોજનાઓ લઈને આવે છે. જેમાંની એક છે આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના.

આ યોજનાનો રેકોર્ડ પ્રભાવશાળી છે. ૮૫.૯ મિલિયન રજીસ્ટ્રેશન અને ૩૧,૮૪૬ પેનલવાળી હોસ્પિટલો સાથે ૪૦૦ મિલિયનથી વધુ કાર્ડ જારી કરવામાં આવ્યા છે, રાષ્ટ્રીય આરોગ્ય સત્તામંડળના ડેટા દર્શાવે છે. પરંતુ એક ચિંતાની વાત એ છે કે ઘણી હોસ્પિટલો આ યોજનામાંથી બહાર નીકળી રહી છે. દેશભરની ૬૧૦ થી વધુ ખાનગી હોસ્પિટલોએ આ યોજનામાં તેમની સહભાગિતા સમાપ્ત કરી દીધી છે. જેમાં ગુજરાતની ૨૩૩ હોસ્પિટલોના નામ સામેલ છે. આ હોસ્પિટલનું કહેવું છે કે ઓછા પેમેન્ટ રેટ અને પેમેન્ટમાં વિલંબને કારણે આ સ્કીમ હેઠળ કામ કરવું તેમના માટે મુશ્કેલ બની રહ્યું છે. રાજ્યમંત્રી આરોગ્ય પ્રથાપરાવ જાધવે તાજેતરમાં રાજ્યસભામાં જણાવ્યું હતું કે ૬૧૦ ખાનગી હોસ્પિટલોને આ યોજનામાંથી બહાર નીકળી ગઈ છે. આ મુખ્યત્વે કેસોના નિકાલમાં વિલંબ અને વિતરણના ખૂબ ઓછા દરને કારણે થયું હોવાનું જણાય છે. સામાન્ય રીતે વીમા ઉદ્યોગમાં અને ખાસ કરીને આરોગ્યમાં ફ્રોડના દાવાઓ બહુ ઓછા સામે આવતા હોય છે. હોસ્પિટલો અને પોલિસી ધારકો વચ્ચે મિલીભગત ચાલી રહી છે, જેના કારણે પણ કેટલીક ખાનગી આરોગ્ય વીમા કંપનીઓએ પણ કેટલીક હોસ્પિટલોને આ યોજનામાંથી બહાર ધકેલી છે. અમદાવાદની કેટલીક હોસ્પિટલોએ દાવાઓના વિવાદમાં સ્ટાર હેલ્થ અને ટાટા એઆઈએ જનરલ ઈન્સ્યોરન્સના કવર ધરાવતા લોકો માટે કેશલેસ સારવાર બંધ કરી દીધી છે.

ઘણી ટોચની કંપનીઓ સરકારી યોજનાઓમાં બિલકુલ ભાગ લેતી નથી. કારણ એ છે કે શરૂઆતમાં નફાનું માર્જિન ઓછું હોય છે અને ઓફર કરવામાં આવતી સેવાઓ માટે ચુકવણી મેળવવામાં સામેલ ભ્રષ્ટાચાર એક મુશ્કેલ કાર્ય છે. ફક્ત થોડા લોકોએ જ આ કળામાં નિપુણતા મેળવી છે.જો કે ચોક્કસપણે, ચુકવણીઓ ઓળખપત્રોની તપાસ કર્યા પછી કરવાની જરૂર છે, પરંતુ તેનો અર્થ એ નથી કે પ્રક્રિયાઓ એટલી મોડી ન હોવી જોઈએ કે ખાનગી હોસ્પિટલોને લાગે કે તેઓ યોજના વિના જ સંપૂર્ણપણે સારા છે.

આરોગ્યસંભાળ સેવાઓના કિસ્સામાં, સરકાર ઓછામાં ઓછા વિલંબ સાથે સંબંધિત મુદ્દાઓને ઠીક કરે, ભલે તે સંભવિત ફુગાવેલ ખર્ચ માટે ચાર્જની તપાસ કરે. રાજ્ય આરોગ્યસંભાળ યોજના હેઠળ આવરી લેવામાં આવતા સેવા પ્રદાતાઓ મોટાભાગે નાના શહેરોમાં છે અને તેમની પાસે કોર્પોરેટ હોસ્પિટલોની ક્ષમતાના દસમા ભાગ અથવા તો સોમા ભાગની ક્ષમતા છે.

રાજ્ય સંચાલિત આરોગ્ય વીમા યોજનાઓ પહેલાથી જ ઘણી બધી મફત યોજનાઓને કારણે ઊંચા ખર્ચનો બોજ બની શકે છે. પરંતુ ગરીબોને સલામતી જાળ પૂરી પાડવા માટે વધુ હોસ્પિટલો જોડાય તે સુનિશ્ચિત કરવા માટે તેને પ્રાથમિકતા આપવી મહત્વપૂર્ણ છે. તે તેમના જીવનધોરણમાં સુધારો કરવામાં ખૂબ મદદ કરશે, અને માલ અને સેવાઓ માટે પૂરતી માંગ પૂરી પાડશે કારણ કે તે બચત ઘટાડે છે. જે અર્થતંત્ર માટે વધુ ફાયદાકારક છે.

# ટેકાના ભાવે તુવેર ખરીદીની અવધિ 30 એપ્રિલ સુધી લંબાવાય

**૫૮,૩૦૦ ખેડૂતો પાસેથી અત્યાર સુધીમાં રૂ.૮૪૧ કરોડથી વધુના મૂલ્યની ૧.૧૧ લાખ મે. ટન તુવેર ખરીદાઈ: કૃષિ મંત્રી**

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારે ફરી એકવાર ગુજરાતના ખેડૂતોની માંગણીને વાચા આપતો નિર્ણય કર્યો છે. રાજ્યભરમાં તુવેરની ટેકાના ભાવે ખરીદી ચાલી રહી છે. રાજ્યનો કોઈપણ ખેડૂત ટેકાના ભાવે તુવેરના વેચાણથી વંચિત ન રહી જાય તે માટે ખરીદીનો સમય આગામી તા. ૩૦ એપ્રિલ સુધી લંબાવવાનો કૃષિ મંત્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ નિર્ણય કરવામાં આવ્યો છે.

આ સંદર્ભે માહિતી આપતા કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચાલુ વર્ષે તુવેર પાકનું મબલખ વાવેતર અને ઉત્પાદન નોંધાયું છે. ભારત સરકારે પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન હેઠળ તુવેર માટે રૂ. ૭,૫૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો હતો. ટેકાનો ભાવ સારો મળતા રાજ્યના ૧.૨૩ લાખથી વધુ ખેડૂતોએ તુવેરનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે નોંધણી કરાવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગત તા. ૨૪ ફેબ્રુઆરીથી રાજ્યભરમાં ટેકાના ભાવે તુવેર પાકની ખરીદીનો શુભારંભ કરાવ્યો હતો. અત્યાર સુધીમાં રાજ્યના ૫૮,૩૦૦ જેટલા ખેડૂતો પાસેથી રૂ. ૮૪૧ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧.૧૧ લાખ મેટ્રિક ટન તુવેરની ખરીદી કરવામાં આવી છે. નોંધણી કરાવી હોય અને તુવેરનું વેચાણ કરવાનું બાકી હોય તેવા તમામ ખેડૂતો પાસેથી આગામી તા. ૩૦ એપ્રિલ સુધીમાં તુવેરની ખરીદી પૂર્ણ કરવામાં આવશે.

# લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ડો.જે.જે.રાવલનું ''શક્તિ ઉપાસના વિજ્ઞાન'' વિષય અંગે શુક્રવારે વ્યાખ્યાન

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થાપિત તેમજ સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે તા.૪ એપ્રિલ ૨૦૨૫ અને શુક્રવારના રોજ સાંજે ૭ વાગ્યે, ચૈત્રી નવરાત્રીના સાતમા નોરતે ''શકિત ઉપાસના અને વિજ્ઞાન'' નામે એક લોકભોગ્ય વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાનના વક્તા, ખગોળશાસ્ત્રી તેમજ વેદ અને ભારતીય સંસ્કૃતિના જાણકાર વિદ્વાન એવા ડો. જે. જે. રાવલ રહેશે. તેઓ આ વ્યાખ્યાનમાં માર્કેન્ડેય મુનિ દ્વારા રચિત દેવીભાગવત અને સપ્તસતીના મૂળની વાતો કરશે. ઉપરાંત દેવી માહાત્મ્ય અને તેના અર્વાચીન વિજ્ઞાન સાથેના સંબંધ પર પણ પ્રકાશ પાડશે. આ વ્યાખ્યાન લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે કાર્યરત પૂ.મોરારી બાપુ દ્વારા ખુલ્લા મુકાયેલ ''સેન્ટર ફોર સ્ટડીઝ ઓફ સાયન્સ ઈન એન્શિયન્ટ ઈન્ડિયા'' દ્વારા આયોજિત આ વ્યાખ્યાન રસ ધરાવતા સર્વેને આમંત્રિત કરવામાં આવે છે.

# એ.વી. પારેખ ટેકનીકલ ઈન્સ્ટીટયુટ દ્વારા ગુરૂવારે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવીલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનન વિશેષ સહયોગથી એ.વી. પારેખ ટેકનીકલ ઈન્સ્ટીટયુટ દ્વારા તા. ૩ ને ગુરુવારે સવારે ૧૦.૩૦ થી ૨ કલાક સુધી એ.વી.પી.ટી. કોમ્પ્યુટર હોલ, હેમુ ગઢવી હોલની સામે ટાગોર રોડ રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ સાથ ચક્ષુદાન સ્કીનદાન, દેહદાન, અંગદાન, થેલેસેમીયા જાગૃતિ સેમીનારનું પણ આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં ડો. પરેશ પી. કોટક (પ્રિન્સીપાલ એ.વી.પી. ટી.આઈ.) એ.વી.પી.ટી. આઈ પરિવાર શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવીલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનવ સેવા આપશે. અત્યારે ઉનાળાની સખત ગરમીમાં રાજકોટ સિવીલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડની સખત અછત છે. તો રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા અપીલ છે. કોઈના જન્મ દિવસ કે સ્મૃતિરુપે રાજકોટ સિવીલ હોસ્પિટલ ના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરવા તેમજ ચક્ષુદાન, દેહદાન, અંગદાન, સ્કીન દાન, થેલેસેમીયા જાગૃતિ સેમીનાર કરવા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ નો સંપર્ક કરવા કરવો.

# ઓલિવ ઓઈલ કે ઘી બંનેમાં 'સમૃદ્ધ' કયું ?

## ઓલિવ ઓઈલ હૃદય રોગનું જોખમ ઘટાડે છે જ્યારે ઘી રક્ત વાહિનીઓના કાર્યમાં સુધારો કરી હૃદયના સ્વાસ્થ્યને ટેકો આપે છે!

**અબતક, રાજકોટ**

તળેલા ખોરાકનું સેવન કરતી વખતે, આપણે ઘણીવાર એ વાતને અવગણીએ છીએ કે તે ફક્ત પાચન સ્વાસ્થ્યને જ નહીં પરંતુ હૃદયને પણ અસર કરશે. અને હૃદય, માનવ અસ્તિત્વનો મુખ્ય ભાગ હોવાથી, તેને વધુ ધ્યાન આપવાની જરૂર છે. તેથી, સ્વસ્થ હૃદય માટે યોગ્ય રસોઈ તેલમાં રોકાણ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. અને બજાર ઘણા બધા વિકલ્પોથી ભરેલું હોવાથી, યોગ્ય તેલ પસંદ કરવું એ સરળ કાર્ય નથી. તેથી, અહીં આપણે બે વિકલ્પો સુધી સંકુચિત થયા છીએ - ઓલિવ ઓઈલ અને ઘી. પરંતુ ફરીથી, પ્રશ્ન એ જ રહે છે. હૃદયના સ્વાસ્થ્ય માટે કયું સારું છે? ચાલો જાણીએ...

હૃદયના સ્વાસ્થ્યની વાત આવે ત્યારે, ઓલિવ ઓઈલ અને ઘી બંનેના પોતાના અનોખા ઓઈલ છે. મોનોઅનસેચ્યુરેટેડ ચરબીથી ભરપૂર ઓલિવ ઓઈલ કુલ કોલેસ્ટ્રોલ અને એલડીએલ (''ખરાબ'') કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડે છે, જે હૃદય રોગનું જોખમ ઘટાડે છે. ઓલિવ ઓઈલમાં હાજર એન્ટીઑકિસડન્ટ્સ, જેમ કે વિટામિન ઈ અને પોલિફેનોલ્સ, કોષોને નુકસાન અને બળતરા સામે રક્ષણ આપવામાં પણ મદદ કરે છે. બીજી બાજુ, ઘી, એક પ્રકારનું સ્પષ્ટ માખણ, તેમાં કન્જુગેટેડ લિનોલીક એસિડ (સીએલએ) હોય છે, જે એક ફેટી એસિડ છે જે શકિતશાળી બળતરા વિરોધી ગુણધર્મો ધરાવે છે. ઘી ચરબીમાં દ્રાવ્ય વિટામિન એ, ડી, ઈ અને કે થી પણ સમૃદ્ધ છે, જે બળતરા ઘટાડીને અને રક્ત વાહિનીઓના કાર્યમાં સુધારો કરીને હૃદયના સ્વાસ્થ્યને ટેકો આપે છે.

ઓલિવ તેલ અને ઘીના પોષક મૂલ્યો વિશે વાત કરવામાં આવે તો, ઓલિવ ઓઈલઃ ૧ ચમચી ઓલિવ ઓઈલ, જે લગભગ ૧૪ ગ્રામ છે, તેમાં ૧૧૯ કેલરી, ૧૪ ગ્રામ ચરબી, ૨ ગ્રામ સંતૃપ્ત ચરબી, ૧૦ ગ્રામ મોનોઅનસેચ્યુરેટેડ ચરબી, ૧.૫ ગ્રામ પોલીઅનસેચ્યુરેટેડ ચરબી, ૦ મિલિગ્રામ કોલેસ્ટ્રોલ અને વિટામિન E ના દૈનિક મૂલ્યના લગભગ ૧૩% હોય છે.

ઘીઃ ૧ ચમચી ઘી, જે લગભગ ૧૪ ગ્રામ છે, તેમાં ૧૨૦ કેલરી, ૧૪ ગ્રામ ચરબી, ૯ ગ્રામ સંતૃપ્ત ચરબી, ૪ ગ્રામ મોનોઅનસેચ્યુરેટેડ ચરબી, ૦.૫ ગ્રામ પોલીઅનસેચ્યુરેટેડ ચરબી, ૩૦ મિલિગ્રામ કોલેસ્ટ્રોલ અને વિટામિન અ ના દૈનિક મૂલ્યના લગભગ ૧૩% હોય છે.



આ અંગે નિષ્ણાતો એ જણાવ્યું હતું કે, દેશી ઘી અને ઓલિવ ઓઈલ બંને કેલરી મૂલ્ય અને ચરબીની માત્રામાં સમાન છે. જોકે, બંનેની ફેટી એસિડ રચના એકદમ અલગ છે. દેશી ઘી ઉચ્ચ તાપમાને ભારતીય રસોઈ માટે એક સારી પસંદગી છે. વધુમાં, તેણે કહ્યું હતું કે ઘીમાં વિટામિન એ, ડી અને કે જેવા ચરબી-દ્રાવ્ય વિટામિન પણ હોય છે. જોકે, તેમાં સંતૃપ્ત ચરબી અને કોલેસ્ટ્રોલનું પ્રમાણ પણ વધુ હોય છે જેના કારણે દેશી ઘીનું સેવન મધ્યમ માત્રામાં કરવું જોઈએ. બીજી બાજુ, ઓલિવ ઓઈલ તેના મોનોઅનસેચ્યુરેટેડ ફેટી એસિડ અને ઓમેગા ૩ સામગ્રીને કારણે અન્ય તેલ કરતાં પ્રમાણમાં સ્વસ્થ માનવામાં આવે છે. વધુમાં, ઓલિવ ઓઈલ એન્ટીઑકિસડન્ટ પણ છે અને તેમાં બળતરા વિરોધી ગુણધર્મો છે. ઓલિવ ઓઈલને હૃદય-મૈત્રીપૂર્ણ તેલ તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે તે વનસ્પતિ આધારિત છે અને તેમાં કોલેસ્ટ્રોલ શૂન્ય છે. ન્યુટ્રિશનિસ્ટ સૂચવે છે કે ઓલિવ ઓઈલનો આદર્શ રીતે ઓછા તાપમાને રસોઈ માટે અને સલાડમાં ડ્રેસિંગ તરીકે ઉપયોગ કરવો જોઈએ. રીલના તેમના અંતિમ ભાગમાં, તેણીએ એ પણ ભાર મૂક્યો કે બધી ચરબી અને તેલ કેલરીમાં ઘન હોય છે અને તેનો વધુ પડતો ઉપયોગ ન કરવો જોઈએ.

આ અંગે હાર્વર્ડ હેલ્થ પબ્લિશિંગ દ્વારા હાર્વર્ડ સ્ટડી હાઈ ઓલિવ ઓઈલ કન્ઝમ્પશન એસોસિએટેડ વિથ આયુષ્ય શીર્ષક ધરાવતા એક અભ્યાસ મુજબ , જે લોકો સૌથી વધુ ઓલિવ ઓઈલનું સેવન કરતા હતા - દરરોજ અડધા ચમચી કરતા થોડું વધારે - તેમને ૨૮ વર્ષના સમયગાળામાં કોઈપણ કારણથી મૃત્યુનું જોખમ ૧૯% ઓછું હતું, જે લોકો ભાગ્યે જ અથવા ક્યારેય ઓલિવ ઓઈલનું સેવન કરતા નહોતા તેમની સરખામણીમાં. ઓલિવ ઓઈલનું વધુ સેવન કાર્ડિયોવેસ્ક્યુલર રોગ, કેન્સર, ન્યુરોડીજનરેટિવ રોગ અથવા ફેફસાના રોગથી મૃત્યુના ઓછા જોખમ સાથે પણ સંકળાયેલું હતું. જે લોકો માખણ, માર્જરિન અથવા મેયોનેઝને ઓલિવ ઓઈલ થી બદલી નાખતા હતા, તેમનામાં મૃત્યુ દર એવા લોકો કરતા ૩૪% ઓછો હતો જેમણે ઓલિવ ઓઈલને તે ચરબીથી બદલ્યું ન હતું.

હૃદય માટે ઘી ચરબી-દ્રાવ્ય વિટામિન્સ થી ભરપૂર છે, જે એકંદર સ્વાસ્થ્યને ટેકો આપે છે. તેમાં કન્જુગેટેડ લિનોલીક એસિડ પણ હોય છે જે મધ્યમ માત્રામાં હૃદય-રક્ષણાત્મક અસરો કરી શકે છે.

હૃદય માટે ઓલિવ ઓઈલ વિશે વાત કરવામાં આવે તો, એવું કહેવાય છે કે તે મોનોઅનસેચ્યુરેટેડ ચરબીથી ભરપૂર છે, જે ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડવા અને સારા કોલેસ્ટ્રોલ વધારવા માટે સાબિત થયું છે. તેમાં પોલીફેનોલ્સ, એન્ટીઑકિસડન્ટ્સ પણ હોય છે જે બળતરા ઘટાડવામાં અને હૃદયના સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરી શકે છે. એવું કહેવાય છે કે એક્સ્ટ્રા વર્જિન ઓલિવ તેલ હૃદય માટે શ્રેષ્ઠ છે, પરંતુ તેને ખૂબ ઊંચા તાપમાને ગરમ ન કરવું જોઈએ, કારણ કે તે તેના ફાયદા ગુમાવી શકે છે.

હવે વાત આવે કે બંનેમાંથી કયું સારું છે? તો ટૂંકમાં, જો તમને કોલેસ્ટ્રોલ વધારે હોય અથવા હૃદય રોગનો ઈતિહાસ હોય, તો ઓલિવ ઓઈલ સૌથી સલામત વિકલ્પ છે. પરંતુ, જો તમે એવા વ્યક્તિ છો જે ઘી અને તેની મીઠાશને તમારા ભોજનમાં પસંદ કરે છે, તો સાવચેત રહો અને તેનો ઉપયોગ સંતુલિત રીતે કરો. નિષ્ણાતોના મતે, સ્વસ્થ જીવન માટે સંતુલિત અભિગમમાં બંનેનો સમાવેશ થઈ શકે છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ સલાડ અને ડ્રેસિંગ અને ઓછી ગરમી પર રસોઈ અને સાંતળવા માટે ઓલિવ તેલનો ઉપયોગ કરી શકે છે, અને વધુ ગરમી પર રસોઈ માટે, ઘી એક વધુ સારો વિકલ્પ છે.

# ફુડ ડિલિવરી એપની લાલિયાવાડી સામે ૨૧ હજારથી વધુ ફરિયાદ નોંધાઈ!!

## ફરિયાદોના આધારે FSSAI એ ૫૦૨ લાઈસન્સ રદ અને ૩૧૬ સસ્પેન્ડ કર્યાઃ કુલ રૂ. ૭૪.૧૨ લાખનો દંડ ફટકાર્યો

**અબતક, રાજકોટ**

છેલ્લા પાંચ વર્ષમાં FSSAI પાસે ઓનલાઈન ફૂડ ડિલિવરી એપ્સ વિરુદ્ધ ૨૧,૦૦૦ થી વધુ ગ્રાહકોની ફરિયાદો નોંધાઈ છે. આ ફરિયાદોમાં ભેળસેળયુક્ત અને હલકી ગુણવત્તાવાળા ખોરાક જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. ફક્ત ૨૦૨૩-૨૪ દરમિયાન, FSSAI એ ૫૦૨ લાઈસન્સ રદ કર્યા અને ૩૧૬ સસ્પેન્ડ કર્યા, જ્યારે કુલ રૂ. ૭૪.૧૨ લાખનો દંડ ફટકાર્યો.છેલ્લા પાંચ નાણાકીય વર્ષોમાં ફૂડ રેગ્યુલેટર FSSAI પાસે ઓનલાઈન ફૂડ ડિલિવરી એપ્સ સામે ૨૧,૦૦૦ થી વધુ ગ્રાહકોની ફરિયાદો નોંધાઈ છે. રાજ્યસભામાં એક લેખિત જવાબમાં, ખાદ્ય અને ગ્રાહક બાબતોના રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે ''FSSAI સમગ્ર વર્ષ દરમિયાન ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા ઓનલાઈન વેચાતા ઉત્પાદકો/વેચાણકર્તાઓ, હોટલ અને રેસ્ટોરન્ટ વગેરે પાસેથી ખાદ્ય ઉત્પાદનોનું નિયમિત દેખરેખ, દેખરેખ, નિરીક્ષણ અને રેન્ડમ નમૂના લે છે''.

૨૦૨૩-૨૪માં ૪,૭૦૮, ૨૦૨૨-૨૩માં ૪,૩૨૧, ૨૦૨૧-૨૨માં ૩,૭૨૬ અને ૨૦૨૦-૨૧માં ૮૦૫ ફરિયાદો સામે ૨૦૨૪-૨૫માં FSSAI પાસે ૭,૪૮૨ ફરિયાદો નોંધાઈ હતી. જે બાદ ૨૦૨૩-૨૪ દરમિયાન, FSSAI એ ૫૦૨ લાઈસન્સ રદ કર્યા અને ૩૧૬ લાઈસન્સ સસ્પેન્ડ કર્યા અને ૭૪.૧૨ રૂપિયાનો દંડ ફટકાર્યો.FSSAIમાં ગ્રાહકોની ફરિયાદો મુખ્યત્વે ભેળસેળયુક્ત ખોરાક, અસુરક્ષિત ખોરાક, હલકી ગુણવત્તાવાળા ખોરાક, ખોરાકમાં લેબલિંગ ખામીઓ અને ગેરમાર્ગે દોરતા દાવાઓ અને જાહેરાતો વગેરે સંબંધિત વિવિધ ખાદ્ય સુરક્ષા મુદ્દાઓ સાથે સંબંધિત હોય છે, જેમ કે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન, FSSAI હેલ્પલાઈન, ટ્વિટર, ફેસબુક અને એક જ પોર્ટલ એટલે કે ફૂડ સેફ્ટી કનેક્ટ પોર્ટલ દ્વારા મોકલવામાં આવે છે, જે ઓનલાઈન ફૂડ સેફ્ટી કમ્પ્લાયન્સ સિસ્ટમ (FoSCoS) નો ભાગ છે,'' તેમ મંત્રીએ જણાવ્યું હતું.

# મોટા ઉદ્યોગો તો ઠીક એસએમઈના આઈપીઓમાં પણ રોકાણકારોએ ૧૯ કરોડ ઠાલવી રેકોર્ડ સર્જ્યો

## એસએમઈ આઈપીઓ ભંડોળ એકત્ર કરવામાં મહારાષ્ટ્ર બાદ ગુજરાત બીજા ક્રમે

**અબતક, રાજકોટ**

ગુજરાતીઓ શેર બજારમાં રોકાણ કરવા તરફ વધુ આકર્ષાયા છે પુરુષોની સાથે મહિલાઓ પણ શેરબજારમાં રોકાણ કરી રહી છે ત્યારે મોટા ઉદ્યોગોની સાથે સાથે ગુજરાતના નાના અને મદયમ ઉદ્યોગો (SMEs) IPO માર્કેટમાં ધૂમ મચાવી રહ્યા છે, નાણાકીય વર્ષ ૨૦૨૫ માં રેકોર્ડ બ્રેક રૂ. ૧,૯૧૯ કરોડ એકઠા કર્યા છે - જે રાજ્ય માટે નાણાકીય વર્ષમાં અત્યાર સુધીની સૌથી વધુ રકમ છે. SME IPO ભંડોળ એકત્ર કરવામાં ગુજરાત મહારાષ્ટ્ર પછી બીજા ક્રમે છે, કારણ કે વધુ વ્યવસાયોએ વૃદ્ધિને વેગ આપવા, બ્રાન્ડ મૂલ્ય વધારવા અને કોર્પોરેટ ગવર્નન્સને વધુ સારી બનાવવા માટે શેરબજારનો ઉપયોગ કર્યો છે.એનએસઈ Emerge પર કુલ ૩૧ ગુજરાત સ્થિત કંપનીઓએ રૂ. ૧,૨૩૬ કરોડ એકત્ર કર્યા, જ્યારે બીએસઈ SME પર લિસ્ટેડ ૧૯ કંપનીઓએ રૂ. ૬૮૩ કરોડ એકત્ર કર્યા. દેશભરમાં, ૨૪૧ કંપનીઓએ IPO દ્વારા રૂ. ૯,૮૧૧ કરોડ એકત્ર કર્યા. મહારાષ્ટ્ર ૭૧ SME લિસ્ટિંગ સાથે અગ્રણી સ્થાને રહ્યું, જ્યારે દિલ્હી ૩૬ SME IPO સાથે ત્રીજા ક્રમે રહ્યું.

નાણાકીય વર્ષ ૨૪ ની સરખામણીમાં IPO ની સંખ્યામાં થોડો ઘટાડો થયો હોવા છતાં, જ્યારે ૫૩ ગુજરાતના SME એ રૂ. ૧,૬૦૯ કરોડ એકત્ર કર્યા હતા, નાણાકીય વર્ષ ૨૫ માં એકત્ર કરાયેલ કુલ ભંડોળ સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું છે.

બીએસઈ SME ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''SMEs એ અર્થતંત્રની કરોડરજ્જુ છે, જે નવીનતા, નોકરીઓ અને વૃદ્ધિને આગળ ધપાવે છે. અમને અપેક્ષા છે કે અમારા પ્લેટફોર્મ વ્યવસાયોને રોકાણકારો સાથે જોડે છે, જે સફળતાને વેગ આપે છે, તેથી લિસ્ટિંગમાં વધારો થશે.'' સ્ટોકબ્રોકિંગ ફર્મના ડિરેક્ટર ગુંજન ચોકસીએ ઉમેર્યું હતું કે, ''મહારાષ્ટ્ર અને ગુજરાત SME પાવરહાઉસ છે, જેમની પાસે મજબૂત બજાર જાગૃતિ છે.

# ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા હવે ૧૨મીને બદલે ૨૧ એપ્રિલે લેવાશે

## મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પરીક્ષાને લઈને વાર્ષિક પરીક્ષામાં મુશ્કેલી ઉભી થતી હોવાથી ગુજરાત બોર્ડ દ્વારા સ્કૂલોની વાર્ષિક પરીક્ષામાં ફેરફાર કરવામા આવ્યો

**અબતક, રાજકોટ**

ગુજરાત શિક્ષણ બોર્ડના એકેડેમિક કેલેન્ડર રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સહિતની તમામ સ્કૂલોમાં ધો. ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાઓ ૭ એપ્રિલથી શરૂ થઈ રહી છે. ત્યારે ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષામાં ફેરફાર કરાયો છે. જે મુજબ ૧૨ એપ્રિલે લેવાનારી પરીક્ષા હવે ૨૧ એપ્રિલે લેવાશે.

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પરીક્ષામાં ફેરફાર કરવામા આવ્યો છે. જે મુજબ જે પરીક્ષા ૧૨ એપ્રિલે લેવાની હતી તે હવે ૨૧ એપ્રિલે લેવામાં આવશે. રાજ્યભરના તમામ જિલ્લાના કુલ મળીને ૨૫૫૩ કેન્દ્રોમાં બપોરના ૧૨ થી ૨:૩૦ દરમિયાન લેવામા આવશે. આ કેન્દ્રો સ્કૂલોમાં જ રાખવામાં આવે છે.બીજી બાજુ રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ૭ એપ્રિલથી ધો. ૯ અને ૧૧માં વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. આમ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પરીક્ષાને લઈને વાર્ષિક પરીક્ષામાં મુશ્કેલી ઉભી થતી હોવાથી ગુજરાત બોર્ડ દ્વારા સ્કૂલોની વાર્ષિક પરીક્ષામાં ફેરફાર કરવામા આવ્યો છે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા તમામ ડીઈઓને પરિપત્ર કરીને ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષામાં ફેરફાર બાબતે જાણ કરવામા આવી છે. જે મુજબ શાળાકીય પરીક્ષાનો વિષયવાર કાર્યક્રમ તેમજ પ્રશ્નપત્રો શાળા વિકાસ સંકુલ દ્વારા અથવા સ્કૂલ કક્ષાએ નિયત કરવામા આવે છે. જેથી રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં પરીક્ષાને લઈને એકસૂત્રતતા જળવાય તે માટે ધો.૯ અને ૧૧ની ૧૨ એપ્રિલની શાળાકીય વાર્ષિક પરીક્ષા ૨૧ એપ્રિલના રોજ લેવાની રહેશે. ધો.૯ અને ૧૧માં અંદાજે ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ રાજ્યની સરકારી,ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલોમાં છે.

# અશ્વિની કુમાર આઈપીએલ ડેબ્યૂ મેચમાં ચાર વિકેટ લેનારો પ્રથમ ભારતીય બોલર બન્યો

## શાનદાર બોલિંગના કારણે પ્રથમ બેટિંગ કરનારી કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમ માત્ર ૧૧૬ રનમાં જ સમેટાઈગઈ હતી અને પૂરી ૨૦ ઓવર પણ રમી ના શકી

**અબતક, મુંબઈ**

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫માં મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાયેલી મેચમાં એક યુવા બોલરે પોતાની ડેબ્યૂ મેચમાં જ એવો કમાલ કરી બતાવ્યો છે જે આઈપીએલના ઈતિહાસમાં કોઈ ભારતીય બોલર નથી કરી શક્યો. ૨૩ વર્ષના અશ્વિની કુમારે મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતા પોતાની પ્રથમ જ આઈપીએલ મેચમાં ચાર વિકેટ ઝડપીને સનસનાટી મચાવી દીધી છે. તેની આ શાનદાર બોલિંગના કારણે પ્રથમ બેટિંગ કરનારી કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમ માત્ર ૧૧૬ રનમાં જ સમેટાઈ ગઈ હતી અને પૂરી ૨૦ ઓવર પણ રમી શકી નહોતી.



અશ્વિની કુમારે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચમાં માત્ર ત્રણ ઓવર ફેંકીને ૨૪ રન આપ્યા અને ૪ મહત્વની વિકેટો પોતાના નામે કરી. આ સાથે જ તે આઈપીએલ ડેબ્યૂ મેચમાં ચાર વિકેટ લેનારો પ્રથમ ભારતીય બોલર બની ગયો છે. આ પહેલાં કોઈ પણ ભારતીય બોલરે પોતાની આઈપીએલ ડેબ્યૂ મેચમાં આ સિદ્ધિ હાંસલ કરી નહોતી. માત્ર ૨૩ વર્ષની ઉંમરે અશ્વિનીએ આ અનોખો રેકોર્ડ બનાવીને સૌને ચોંકાવી દીધા છે.અશ્વિની કુમાર માટે આ ડેબ્યૂ મેચ ઘણી યાદગાર રહી. તેણે પોતાના આઈપીએલ કરિયરના પહેલા જ બોલ પર કોલકાતાના અનુભવી બેટ્સમેન અજિંક્ય રહાણેને આઉટ કરીને ટીમને શાનદાર શરૂઆત અપાવી હતી. આ પછી તેણે રિંકુ સિંહ, મનીષ પાંડે અને આન્દ્રે રસેલ જેવા ખતરનાક બેટ્સમેનોને પણ પેવેલિયનનો રસ્તો દેખાડી દીધો હતો. અશ્વિનીએ કોલકાતા નાઈટ રાઈડર્સના બેટિંગ ઓર્ડરને ખરાબ રીતે તોડી નાખ્યો હતો અને તેના કારણે કોલકતાના બેટ્સમેનો રન બનાવવા માટે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. કોલકાતાના બેટ્સમેનો અશ્વિનીની બોલિંગ સામે મોટા શોટ રમવામાં સફળ રહ્યા નહોતા.

અશ્વિની કુમારની આ ઐતિહાસિક બોલિંગના કારણે મુંબઈ ઈન્ડિયન્સે આ મેચ આસાનીથી જીતી લીધી હતી અને આઈપીએલ ૨૦૨૫માં પોતાની પ્રથમ જીત નોંધાવી હતી. એક યુવા બોલરે ડેબ્યૂ મેચમાં જ આવું શાનદાર પ્રદર્શન કરીને સૌનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે અને નિશ્ચિત રૂપે તે ભારતીય ક્રિકેટ માટે એક સારો સંકેત છે.

# પંજાબના કિંગ્સે લખનઉના નવાબોને ધૂળ ચાંટતા કર્યા

## પંજાબે ૧૭૨ રનનો ટાર્ગેટ ૧૬.૨ ઓવરમાં મેળવ્યોઃ પ્રંભસિમરનની ૩૪ બોલમાં ૬૯ રનની વિસ્ફોટક ઈનિંગે પંજાબે ૮ વિકેટ લખનઉને હરાવ્યું

**અબતક, લખનઉ**

પંજાબ કિંગ્સે લખનૌ સુપર જાયન્ટ્સને ૮ વિકેટથી હરાવ્યું છે. લખનૌને તેના જ હોમગ્રાઉન્ડ પર કારમી હારનો સામનો કરવો પડ્યો છે. ચાલુ સિઝનમાં પંજાબની આ સતત બીજી જીત છે, જ્યારે લખનૌને ટૂર્નામેન્ટની બીજી હારનો સામનો કરવો પડ્યો છે. ઈકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં એલએસજીએ પ્રથમ બેટિંગ કરતા ૧૭૧ રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબે ૧૭મી ઓવરમાં ૮ વિકેટ બાકી રહેતા મેચ જીતી લીધી હતી.



એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં પંજાબ કિંગ્સને ૧૭૨ રનનો ટાર્ગેટ મળ્યો હતો. પંજાબ ટીમનો નવો સ્ટાર પ્રિયાંશ આર્ય આ વખતે ચાલી શક્યો ન હતો, પરંતુ લખનૌમાં પ્રભસિમરનનું તોફાન જોવા મળ્યું હતું. પ્રભસિમરન સિંહે માત્ર ૨૩ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી અને મેચમાં તેણે ૩૪ બોલમાં ૬૯ રનની તોફાની ઈનિંગ રમી હતી. આ ઈનિંગમાં તેણે ૯ ફોર અને ૩ સિક્સર ફટકારી હતી.પ્રભસિમરન સિંહના આઉટ થયા બાદ કેપ્ટન શ્રેયસ અય્યરે પંજાબ કિંગ્સની ઈનિંગ્સને ઝડપથી આગળ ધપાવી હતી. શ્રેયસ અય્યરે પણ વિસ્ફોટક ઈનિંગ રમતા ૩૦ બોલમાં ૫૨ રન બનાવ્યા હતા. શ્રેયસ અય્યર નોટ આઉટ રહ્યો હતો. પંજાબને જીત અપાવવામાં શ્રેયસ અય્યરનું મહત્વનું યોગદાન હતું. પંજાબ કિંગ્સે લખનૌ સુપર જાયન્ટ્સને આઠ વિકેટે હરાવીને આ સિઝનની બીજી જીત નોંધાવી હતી. લખનૌના એકાના સ્ટેડિયમમાં મંગળવારે રમાયેલી આ મેચમાં ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા આવેલી યજમાન ટીમે ૨૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૧૭૧ રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબે ૧૬.૨ ઓવરમાં બે વિકેટે ૧૭૭ રન બનાવી મેચ જીતી લીધી હતી. સતત બે મેચમાં જીત સાથે પંજાબ પોઈન્ટ ટેબલમાં ચાર પોઈન્ટ સાથે બીજા સ્થાને પહોંચી ગયું છે.

# ન હોય... માસિક રૂ.૧૫૦૦૦ કમાતા સફાઈ કામદારને આવકવેરાની રૂ.૩૪ કરોડની નોટિસ

## પાનકાર્ડનો દુરુપયોગ થયો હોવાનો ફરિયાદીનો દાવોઃ તપાસ હાથ ધરાઈ

**અબતક, નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશમાંથી એક અનોખો બનાવ સામે આવ્યો છે જેમાં કમાણી કરતા તો ક્યાંય ગણા વધારે પૈસાની આવકવેરા દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. જે માણસ માંડ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હોય તેને કરોડો રૂપિયાની નોટિસ ફટકારવામાં આવે તો તેના પગ નીચેથી હતું જમીન સરખી જાય છે. આવો જ કિસ્સો અગાઉ પણ બન્યો હતો જેમાં યુપીના અલીગઢમાં એક જ્યુસ વેચતા અને એક ફેક્ટરી મજૂરને અનુક્રમે ૭.૮ કરોડ રૂપિયા અને ૧૧ કરોડ રૂપિયાની આવકવેરા નોટિસ ફટકારાઈ હતી. ત્યારે હવે ૧૫,૦૦૦ રૂપિયા માસિક પગાર મેળવતા એક સફાઈ કર્મચારીને ૩૪ કરોડ રૂપિયાની નોટિસ ફટકારવામાં આવી છે.૨૨ માર્ચે જારી કરાયેલા પત્રમાં લખ્યું છેઃ ''રેકોર્ડ મુજબ,



કરદાતા, કરણ કુમારે, ૨૦૧૯-૨૦ માટે તેમનો આઈ.ટી.આર ફાઈલ કર્યો નથી. રેકોર્ડ મુજબ કરદાતાની ૨૦૧૯-૨૦ માટે ૩૩,૮૫,૮૫,૩૬૮ રૂપિયાની આવક છે.''

૩૪ વર્ષીય કરણ કુમારે કહ્યું કે તેમને ૨૯ માર્ચે આવકવેરાની નોટિસ મળી હતી. શરૂઆતમાં, તેઓ નોટિસની સામગ્રી સમજી શક્યા ન હતા. કેટલાક લોકો સાથે સલાહ લીધા પછી તેમને ખબર પડી કે નોટિસમાં શું લખ્યું છે તે જાણ્યા પછી તેમને આંચકો લાગ્યો.કરણે જણાવ્યું હતું કે, હું શહેરના ખૈર વિસ્તારમાં આવેલી એસબીઆઈ શાખામાં સફાઈ કામદાર છું, અને મારી માસિક આવક ૧૫,૦૦૦ રૂપિયા છે. હું ૨૦૨૧ માં કરાર આધારિત આ નોકરીમાં જોડાયો હતો. તેમજ કામદારે ચંદૌસ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

કરણે દાવો કર્યો હતો કે કોઈ તેના પાન કાર્ડનો દુરુપયોગ કરી રહ્યું છે. તેણે કહ્યું કે ૨૦૧૯ માં, તે નોઈડામાં એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો, અને આ સમય દરમિયાન, મેનેજમેન્ટે તેના પાન કાર્ડ સહિત કેટલાક દસ્તાવેજો માંગ્યા, જે તેણે સબમિટ કર્યા.

દરમિયાન, અલીગઢમાં તૈનાત આઈટી અધિકારી નૈન સિંહે જણાવ્યું હતું કે ''અમારા સિસ્ટમમાં નોંધાયેલા તેમના પાન કાર્ડમાં વધુ આવક દર્શાવવામાં આવી હતી, અને આ જ કારણ છે કે નોટિસ જારી કરવામાં આવી હતી. આ કેસ અંગે આઈટી મૂલ્યાંકન કરાશે, અને જો અમને ખબર પડશે કે તેમના પાન કાર્ડનો દુરુપયોગ થયો છે, તો અમે તપાસ કરીશું.''

### રાજકોટ પ્લાસ્ટીક મેન્યુફેક્ચર એસો. અને સનલાઈન ઈન્ફોટેક ઈન્ડિયા આયોજીત

# ‘આત્મનિર્ભર ભારત’ની નેમ સાથે પ્લાસ્ટ શો-૨૦૨૫નો આરંભ

## એક્ઝિબિશનમાં દેશની નામાંકિત કંપનીઓના ૧૫૦થી વધુ સ્ટોલ: શનિવાર સુધી ચાલશે પ્લાસ્ટ-શો

**અબતક, રાજકોટ**

રાજકોટ પ્લાસ્ટીક મેન્યુફેક્ચર એસોસિએશન અને સનલાઈન ઈન્ફોટેક ઈન્ડિયા આયોજીત પ્લાસ્ટ-શો-૨૦૨૫નો આજથી રેસકોર્ષમાં આરંભ થઈ ચુક્યો છે.

આ પ્રદર્શનની મુખ્ય થીમ આત્મનિર્ભર ભારત મેકઈન ઈન્ડીયા અને લોકલ ફોર વોકલ પર આધારિત છે. આ એક્ઝિબિશનના ૧૫૦ સ્ટોલ અને ૨૦૦૦ સ્કવેર મીટરમાં દેશની નામાંકિત કંપનીઓ ભાગ લઈ રહી છે. જેમાં ઘનશ્યામ એન્જિનીયરીંગ, પ્રગતિ એક્સ્ટ્રુશન પ્રા.લી., રાજ કુલીંગ સિસ્ટમ સહિતની નામી કંપનીઓ ભાગ લઈ રહી છે.



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા




આ ઓપનિંગ સેરેમનીના પ્રસંગે સ્વાગત પ્રવચન આરપીએમએના રમેશભાઈ ચાવડાએ કર્યુ હતું. પ્લાસ્ટ શો ના ચેરમેન વિનુભાઈ વેકરીયાએ વિશેષ માહિતી આપી હતી. ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. વિવિધ એસોસીએસનના પ્રમુખોએ પ્રાસંગિક વક્તવ્ય આપેલ અને અંતમાં આભાર દર્શન આરપીએમએના સેક્રેટરી રમેશભાઈ ગજેરા દ્વારા કરવામાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનવા માટે બાબુભાઈ ડાંગર, પ્રમુખ રમેશભાઈ ચાવડા, પ્લાસ્ટ શો ચેરમેન વિનુભાઈ વેકરીયા, વાઈસ પ્રેસિડેન્ટ ભરતભાઈ પરસાણા, સેક્રેટરી રમેશભાઈ ગજેરા, જોઈન્ટ સેક્રેટરી પરેશભાઈ સંઘવી, ટ્રેઝરર જયભાઈ પટેલ, જોઈન્ટ ટ્રેઝરર મધુરભાઈ નરસૈયા, કારોબારી સભ્ય કલ્પેશભાઈ પટેલ, મનસુખભાઈ પટેલ, જતીનભાઈ વઘાસીયા, રમેશભાઈ કૈલા, રવિભાઈ ચોવટીયા, જયનીશભાઈ મૂંગપરાની મહેનતથી આ પ્લાસ્ટ શો સફળ બનાવવા માટે ખુબ જહેમત ઉઠાવેલ હતી.

ઉદ્ઘાટન વેળાએ ઈન્ફોટેક ઈન્ડિયા ચીફ ગેસ્ટ તરીકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ઉદ્યોગ સેલ પ્રદેશ કન્વીનર જગદીશભાઈ

(અનુ. આઠમા પાને)

### બજેટમાં જાહેર કરાયેલી બીજી પ્રજાલક્ષી યોજનાનો અમલ

# કોર્પોરેશન દ્વારા જન્મ-મરણની પ્રથમ પાંચ નકલ વિનામૂલ્યે આપશે

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકાના વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટમાં કરવામાં આવેલી પ્રજાલક્ષી જાહેરાત અંતર્ગત આજથી શહેરીજનોને જન્મ-મરણના પ્રમાણપત્ર પ્રથમ પાંચ નકલ-વિનામૂલ્યે આપવામાં આવશે.તેવી જાહેરાત પદાધિકારીઓ દ્વારા કરવા આવી છે.








આ અંગે મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા શ લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને આરોગ્ય સમિતી ચેરમેન કેતનભાઈ પટેલે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાની હદમાં જન્મ લેનાર બાળકોના જન્મ નોંધ અને ૩ અવસાન પામનાર નાગરિકોના મરણ નોંધ પ્રમાણપત્રની સુવિધા માટે ત્રણેય ઝોન કચેરી ખાતે જન્મ-મરણ નોંધણી કેન્દ્રો કાર્યરત છે.

શહેરીજનોની સુવિધા માટે નવા નાણાંકીય વર્ષથી જન્મ-મરણના પ્રમાણપત્રની પ્રથમ પાંચ નકલ વિનામૂલ્યે આપવા વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં મંજૂર કરવામાં આવ્યું હતુ

સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ૧૧ મી ફેબ્રુઆરીના રોજ નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર અંતર્ગત આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી.જેને ૧૯મી માર્ચના રોજ જનરલ બોર્ડમાં મંજુર કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાને નવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆતથી જ આ યોજનાની અમલવારી શરૂ કરાવેલ છે, જે અંતર્ગત રાજકોટ શહેરના નાગરીકો જન્મ મરણ નોંધ પ્રમાણપત્રની પ્રથમ પાંચ નકલ વિનામૂલ્યે મેળવી શકશે.

આરોગ્ય શાખા હેઠળની જન્મ-મરણ નોંધણી વિભાગ દ્વારા રજુ થયેલી માહિતી જાહેર રાજકોટ મહાનગર વિસ્તારમાં તા.૧ એપ્રિલ બાદ થયેલના જન્મ-મરણ નોંધ પ્રમાણપત્ર માટે આ યોજનાનો લાભ મળશે. જેમાં જન્મ નોંધ પ્રમાણપત્ર માટે જન્મની નોંધણી થયાના ૩૦ દિવસમાં બાળકનુ નામ દાખલ કરાવનાર માતા/પિતાને જ નોંધણી કરાવતા સમયે જ જન્મ નોંધના પ્રમાણપત્રની

(અનુ. આઠમા પાને)

### નવા નાણાકીય વર્ષ અર્થાત ૧ એપ્રિલ-૨૦૨૫ બાદ જન્મેલા દરેક બાળક અને અવસાન પામેલા સદગતના પરિવારજનોને આ યોજનાનો લાભ મળશે: કોર્પોરેશનના પદાધિકારીઓ દ્વારા સતાવાર જાહેરાત

**શું વાત છે...**

# ન્યુ ફ્લોરા સ્કૂલમાં રોબોટ સારે છે શિક્ષકની ગરજ!!

### રોબોટના માધ્યમ થકી કે.જી થી ૧૦ ધોરણના ૫૫૦થી વધારે વિદ્યાર્થીઓને અલગ-અલગ વિષયનું જ્ઞાન આપી ,આધુનિક ટેક્નોલોજી સાથે શિક્ષણ આપવાનો સરાહનીય પ્રયાસ

**અબતક રાજકોટ**

રોબોટ બનાવવાની પહેલ વિશ્વભરમાં થઈ રહી છે, અને તે ઘણાં ક્ષેત્રોમાં જોવા પડી રહી છે ખાસ કરીને શાળાઓ અને યુનિવર્સિટીઓ રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ) ના શિક્ષણને પ્રોત્સાહન આપી રહી છે

**રીપોર્ટર : પાર્થ ભટ્ટી**
**તસ્વીર : હર્ષ ઝિંઝુવાડીયા**

, રોબોટ દ્વારા શિક્ષણ એ આધુનિક શિક્ષણનો એક નવો અભિગમ છે, ત્યારે રાજકોટના કુવાડવા રોડ પર આવેલી ખાનગી શાળા ન્યૂ ફ્લોરાએ એ આઈ આધારિત



રોબોટની રચના કરી છે, જે વિદ્યાર્થીઓને વિવિધ વિષયોની સરળ અને રસપ્રદ રીતે શિક્ષા આપે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ની મદદથી બનાવેલા માણસ જેવા દેખાતા આ રોબોટ માત્ર વિદ્યાર્થીઓને ભણાવે છે તેવું નથી પણ તેમના પ્રોબ્લેમ પણ સોલ્વ કરે છે. રોબોટ ડેવલોપર્સ શાળા સંચાલકનું કહેવું છે કે, ગુજરાતનો આ પ્રથમ રોબોટ છે જે કે. જી થી ૧૦ ધોરણના ૫૫૦થી વધારે વિદ્યાર્થીઓને અલગ-અલગ વિષય ભણાવી શકે છે.રોબોટ વિદ્યાર્થીએ પૂછેલા પ્રશ્નના પણ સાચા

(અનુ. આઠમા પાને)

### ૬ મહિના પહેલા વીડિયોના માધ્યમથી એ.આઈ. ટેક્નોલોજીથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો વિચાર આજે સાર્થક: સંચાલક કુલવંત લક્કડ



અબતક સાથેની વાતચીતમાં સ્કૂલના સંચાલક કુલવંતભાઈ લકકડે જણાવ્યું હતું કે, છ મહિના પહેલા વીડિયોના માધ્યમથી એ.આઈ ટેક્નોલોજીથી વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાનું વિચાર આવ્યો હતો.રોબોટમાં ઘણા સોફ્ટવેર, હાર્ડવેર અને એઆઈ ટેક્નોલોજીની મદદ લીધી છે.શાળાના વિદ્યાર્થીઓ માટે દરરોજ એક ખાસ પિરિયડ રાખવામાં આવે છે, એ.આઈ રોબોટ શિક્ષક ભણાવે છે. રોબોટનો અવાજ સ્પષ્ટ છે, તેમજ વિવિધ ઉદાહરણો અને પ્રસ્તુતિઓ દ્વારા વિષયને વધુ સરળ બનાવે છે. રોબોટ પ્રશ્નોના જવાબ આપી શકે છે અને વિદ્યાર્થીઓની શંકાઓ પણ દૂર કરી શકે છે.

### રોબોટ પ્રશ્ન કરતાની સાથે જ તુરંત જવાબ આપે છે: દક્ષરાજ



અબતક સાથેની વાતચીતમાં વિદ્યાર્થી દક્ષરાજએ જણાવ્યું હતું કે, રોબોટ દ્વારા સાયન્સ,ઈંગલિશ, ગણિત, જનરલ નોલેજ બધા વિષયો શીખવાડે છે. કોઈપણ વિષયનો પ્રશ્ન કરતાની સાથે જ તે જવાબ આપે છે. શિક્ષક અને રોબોટમાં બંનેમાં અભ્યાસ કરવાની મજા આવે છે પરંતુ ટેકનોલોજી સાથે રહીને રોબોટ થકી શિક્ષણ મેળવવું પ્રશંનીય લાગે છે

### રોબોટના માધ્યમ થકી ભણવાની મજા આવે છે: હેતવી ઢોલરીયા



અબતક સાથેની વાતચીતમાં વિદ્યાર્થીની હેતવી ઢોલરીયા એ જણાવ્યું હતું કે, રોબોટ અભ્યાસ કરાવે છે તે ખૂબ જ સારું લાગે છે અને નવું નવું શીખવા મળે છે તેમજ એ.આઈ ટેકનોલોજીથી ભણવામાં ખૂબ જ મજા આવે છે. તમામ પ્રશ્નો અને મૂંઝવણનો તે ગમે ત્યારે ઉકેલ આપે છે. ગણિતના ઘડિયા હોય કે વિજ્ઞાનના પ્રયોગો, ઈંગ્લિશ ગ્રામર સરળતાથી શીખવે છે.

# રાજકોટમાં ૨૦૧૭ના એપ્રિલમાં પારો ૪૪.૮ ડિગ્રીની આંબ્યો હતો!



## હીટવેવ સામે સાવધાની રાખવાની સલાહ:બપોરના સમયે અગત્યના કામ સિવાય ઘરની બહાર જવાનું ટાળો

**અબતક રાજકોટ**

ઉનાળો હવે તાપ વરસાવી રહ્યો છે, ગરમી વધી રહી છે. રાજકોટમાં ગઈકાલે ૪૨.૨ ડિગ્રી ગરમી નોધાઈ હતી. આગામી છ-સાત દિવસોમાં રાજકોટમાં મહત્તમ ૪૨થી ૪૩ ડિગ્રી અને લઘુતમ ૨૨થી ૨૩ ડિગ્રી તાપમાન રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાઈ છે, ત્યારે ગરમી સામે સાવધાની રાખવાની સલાહો પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જારી કરાઈ છે. દરમિયાન તાપમાનના આ આંકડાએ રાજકોટમાં છેલ્લા દાયકામાં પડેલી ગરમીની યાદ તાજી કરી છે. રાજકોટમાં વર્ષ ૨૦૧૭માં એપ્રિલમાં મહત્તમ ૪૪.૮૦ અને ત્યાર પછી વર્ષ ૨૦૧૯માં ૪૪.૭૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સમયે આકાશમાંથી જાણે અગનવર્ષા વરસતી હોય તેવો અનુભવ થતો હતો અને બપોરે ગરમીનો કરફ્યૂ લાગ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

છેલ્લા દાયકામાં વિવિધ વર્ષોમાં એપ્રિલ મહિનામાં નોંધાયેલા તાપમાનની વિગતો જોઈએ તો,

વર્ષ ૨૦૨૨માં ૪૩.૭૦ ડિગ્રી ગરમી, ૨૦૨૦માં ૪૩.૩૦ ડિ., વર્ષ ૨૦૧૦માં ૪૩.૧૦ ડિ., વર્ષ ૨૦૧૮માં ૪૩ ડિ., વર્ષ ૨૦૨૧માં ૪૨.૩૦ ડિ. તથા વર્ષ ૨૦૨૩માં ૪૧.૫૦ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

આગામી દિવસો માટે હવામાન વિભાગની આગાહી મુજબ, આજરોજ બીજી એપ્રિલ માટે મહત્તમ ૪૨ તથા લઘુતમ ૨૧ ડિગ્રી, ૩ એપ્રિલે ૪૨ તથા ૨૩ ડિ., ૪ એપ્રિલે ૪૨ તથા ૨૩ ડિ., પાંચ એપ્રિલે ૪૩ તથા ૨૧ ડિ., ૬ એપ્રિલે ૪૩ તથા ૨૧ ડિ., ૭ એપ્રિલે ૪૩ તથા ૨૨ ડિ. જ્યારે ૮ એપ્રિલે ૪૩ તથા ૨૨ ડિગ્રી તાપમાન રહેવાની આગાહી વ્યકત કરવામાં આવી છે. અલબત્ત હવામાન વિભાગની વેબસાઈટ મુજબ, આ સપ્તાહમાં હજુ સુધી ગરમીની કોઈ વિશેષ ચેતવણી નથી.

પરંતુ ગરમી વધતી હોવાથી તેનાથી બચવા કેટલીક સાવધાનીઓ રાખવાની સલાહ તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. આ અંગે કોઈપણ તકલીફ જણાય તો ૧૦૮ ઈમરજન્સી અથવા ડિસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર રાજકોટના ફોન નં. ૦૨૮૧-૨૪૭૧૫૭૩ તથા ટોલ ફ્રી નં. ૧૦૭૭ પર સંપર્ક કરી શકાશે, તેમ નિવાસી અધિક કલેક્ટર શ્રી એ. કે. ગૌતમની યાદીમાં જણાવાયું છે.

### હીટવેવથી બચવા આટલું કરો


બને તેટલું ઘરની અંદર રહો, હવાની અવરજવરવાળી સારી વેન્ટિલેટેડ અને ઠંડી જગ્યાએ રહેવું જોઈએ. સીધો સૂર્ય પ્રકાશ અને ગરમીના તરંગો સીધા ઘર-ઓફિસમાં ન આવે તેનું ધ્યાન રાખવું. દિવસ દરમિયાન બારીઓ અને પડદા બંધ રાખવા જોઈએ. ખાસ કરીને ઘરની સૂર્ય તરફની બાજુ, ઠંડી હવા આવવા દેવા માટે રાત્રે બારી ખુલ્લી રાખવી જોઈએ.જો બહાર જવાનું હોય તો આઉટડોર એક્ટિવિટીને દિવસના ઠંડા સમય એટલે કે સવાર અને સાંજ સુધી મર્યાદિત રાખવી જોઈએ. દિવસના ઠંડા ભાગો દરમિયાન આઉટડોર પ્રવૃત્તિ કરી શકાય.

### હિટવેવમાં આટલું ના કરો

તડકામાં બહાર નીકળવાનું ટાળવું જોઈએ. ખાસ કરીને બપોરે ૧૨ કલાકથી બપોરે ૩ કલાકની વચ્ચે સખત પ્રવૃત્તિઓ ટાળવી જોઈએ. ખુલ્લા પગે બહાર ન જવું જોઈએ.

ઉનાળાના પીક અવરમાં (સૌથી ગરમ સમય દરમિયાન) રસોઈ કરવાનું ટાળો. રસોઈ વિસ્તારમાં હવાની પર્યાપ્ત રીતે અવરજવર થાય તે માટે દરવાજા અને બારીઓ ખુલ્લાં રાખવા જોઈએ. આલ્કોહોલ, ચા, કોફી અને કાબોનેટેડ સોફ્ટ ડ્રિક્સ અથવા મોટી માત્રામાં ખાંડવાળા પીણાં ટાળવા જોઈએ. આવા તત્વો શરીરમાં વધુ પ્રવાહીની ખોટ તરફ દોરી જાય છે અથવા પેટમાં ખેંચાણ થઈ શકે છે. ઉચ્ચ પ્રોટીન ખોરાક અને વાસી ખોરાક ન ખાવો જોઈએ.પાર્ક કરેલા વાહનમાં બાળકો અથવા પાલતુ પાણીઓને છોડશો નહીં. વાહનની અંદરનું તાપમાન જોખમી બની શકે છે.ભારે અથવા ચુસ્ત કપડાં પહેરવા નહીં. વધુ તાપમાન સમયે સખત શારીરિક શ્રમયુકત પ્રવૃત્તિઓ કરવી નહીં.

# જૈનોની ચૈત્ર માસની આયંબિલ ઓળીનો શુક્રવારથી પ્રારંભ



## નવ દિવસ સુધી આયંબિલ ભવનો તપસ્વીઓથી ગુંજી ઉઠશે




**અબતક, રાજકોટ**

જૈનોની ચૈત્રિ માસની આયંબિલ ઓળીનું શુક્રવારે શુભારંભ થઈ રહ્યો છે.

નવ દિવસ સુધી તપ આરાધકો હર્ષોલ્લાસપૂર્વક આયંબિલ તપનો પ્રારંભ કરશે.આ તપમાં માત્ર એક જ વખત એક જ જગ્યાએ બેસીને લુખ્ખુ - સુકુ એટલે કે તેલ,ઘી,દુધ,દહીં, ગોળ,સાકર વગરનો રસ અને સ્વાદ રહિતનો આહાર કરવાનો હોય છે તથા અચેત પાણીનો ઉપયોગ કરવાનો હોય છે.

સ્વાદ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જ આયંબિલ તપની આરાધના કરવાની હોય છે.

આધ્યાત્મિક દ્રષ્ટિએ તો તપ શ્રેષ્ઠ છે પરંતુ આયુર્વેદીક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આયંબિલ તપને આરોગ્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.તેલ - ઘી રહિતનો આહાર વાપરવાથી લીવરને રાહત મળે છે,શરીર અને મન બંને પ્રસન્ન રહે છે,જે સાધનામાં સહાયક બને છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે આ પર્વ વર્ષમાં બે વાર ચૈત્ર તથા આસો માસમાં આવે છે.

આ બે મહિના ઋતુઓની સંધિકાળના મહિના હોવાના કારણે વાત્ત,પિત્ત અને કફનો પ્રકોપ શરીરને અસ્વસ્થ કરે છે,તેથી આ દિવસોમાં તપ કરવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે તેથી જ તમામ દર્દનું ઔષધ તપને ગણવામાં આવે છે.

ધર્મની દ્રષ્ટિએ તપ એ નિર્જરા માટેનું ઉત્તમોત્તમ સાધન છે.

શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રમાં પ્રભુ મહાવીરે ફરમાવેલ છે કે..ક્રોડો ભવોના બાંધેલા કર્મો તપ કરવાથી નિર્જરી અને ખરી જાય છે.

આયંબિલ ઓળીમાં નવ દિવસ સુધી નમો અરિહંતાણ પદથી લઈ નમો લોએ સવ્વસાહૂણં સાથે સમ્યક દર્શન,જ્ઞાન,ચારિત્ર અને તપ સહિત નવ પદની આરાધના કરવાની હોય છે.ગ્રંથોમાં આ તપનું મહીમા વર્ણવતાં અનેક પ્રેરક દ્રષ્ટાંતો આવે છે,જેમાં શ્રીપાલ અને મયણાનું દ્રષ્ટાંત સુપ્રચલિત છે. આયંબિલ તપ કરવાથી શ્રીપાલની કાયા કંચનવર્ણી બની જાય છે,તેમાં શ્રદ્ધા સાથે વૈજ્ઞાનિક કારણ પણ રહેલું છે..!

તામલી તાપસ અને સુંદરીએ પણ દીર્ઘ કાલીન સુધી આ તપની આરાધના કરેલી.આયંબિલ તપની તાકાત એટલી જબરદસ્ત છે કે તપના પ્રભાવથી ભરત ચક્રવર્તીના સુંદરી પ્રત્યેના દુષ્ટ ભાવોમાં પરિવર્તન આવી ગયેલ.કહેવાય છે તપથી લોહી શુદ્ધ થાય છે,લાલ રક્ત કણો વધે છે,ચામડી તેજસ્વી બને છે.પ્રોફેસર જોસેફ હેરેલ્દ જણાવે છે કે

પેટના મોટાભાગના દર્દોમાં તપ શ્રેષ્ઠ છે.ડો. શેલ્ટન કહે છે કે સૃષ્ઠિના જીવોમાં માત્ર મનુષ્ય એવું પ્રાણી છે કે જે બીમારીમાં પણ ખા ખા કરે છે. જયારે પ્રાણીઓ બિમાર પડે ત્યારે સૌ પ્રથમ ખાવાનું છોડી દે છે. મિસ શર્મને ટાંકેલુ છે કે અનેક લોકો વગર ભૂખે ખા ખા કરે છે...!!!

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે સળંગ નવ દિવસ આયંબિલ થઈ શકતી હોય તો તે શ્રેષ્ઠ છે,પરંતુ કોઈ કારણોસર શક્ય ન હોય તો છૂટક - છૂટક પણ આયંબિલ કરી શકાય છે જેનાથી જીવાત્મામાં તપના સંસ્કાર આવે છે.અમુક આત્માઓ નવ દિવસ મૌન સાથે પણ આયંબિલ તપની આરાધના કરતાં હોય છે.

# એએસીએ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૭ માટે નવી એક્ઝિક્યુટીવ કમિટીની રચના

## પ્રમુખપદે મનીષ પી. ગાંધી, સેક્રેટરી પદે જગત ગાંધીની નિમણુંક

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં એડવાટાઈઝીંગ એજન્સીઓ માટે અગ્રણીત સ્વરુપે કાર્ય કરતી અમદાવાદ એડવર્ટાઈઝીંગ વેલફેર સર્કલ એસોસિએશન દ્વારા વર્ષ ૨૦૨૫-૨૭ માટે નવી એકઝીક્યુટીવ કમીટીની નિમણુંક કરવામાં આવી છે. એએસીએ એજન્સીઓ વચ્ચે સારા સંબંધો, હેલ્ધી કોમ્પિટિશન અને પ્રોફેશનલ ગ્રોથ માટે સતત પ્રયત્નશીલ છે.

એએસીએ ના નવા પ્રમુખ મનીષ પી. ગાંધી તથા કમિટી એડવર્ટાઈઝીંગ ક્ષેત્રના વિકાસ માટે નવા ઈનોવેટિવ પ્રોગ્રામ કરવા સતત પ્રયત્ન રહેશે.



શ્રી મનીષ પી. ગાંધી (પ્રમુખ)



શ્રી જગત બી. ગાંધી (સેક્રેટરી)

ગુજરાતમાં એડવર્ટાઈઝીંગ એજન્સીઓ માટે અગ્રણીત સ્વરુપે કાર્ય કરતી અમદાવાદ એડવર્ટાઈઝીંગ વેલફેર એસો. દ્વારા વર્ષ ૨૦૨૫-૨૭ માટે નવી એકઝીક્યુટીવ કમિટીની નિમણુંક કરવામાં આવી છે.

એએસીએ ૨૦૨૫-૨૭ એકઝીક્યુટીવ કમીટીના પ્રમુખ મનીષ પી. ગાંધી (પી. ગૌતમ એન્ડ કંપની), સેક્રેટરી જગત બી. ગાંધી (દિપ્તી એડસ), ઉપપ્રમુખ ભદ્રેશ બી. ગાંધી (રાકેશ એડવર્ટાઈઝીંગ), ઉપપ્રમુખ પીનલ એ શાહ (શાર્થ મીડીયા સર્વિસીસ), જોઈન્ટ સેક્રેટરી હાર્દિક એ. શાહ (અરવીન એન્ડ કાું), ટ્રેઝરર પદે હિરેન એમ. શાહ (હિરેન એડવર્ટાઈઝીંગય) તેમજ કારોબારી સભ્યો અજીતભાઈ આર શાહ (અજીત એડસ), સંદિપભાઈ એન. શાહ (અમોલા એડવર્ટાઈઝીંગ), રાજેન્દ્રભાઈ એસ. સોની (પૂર્ણિમા એડસ,) સમીર એન. શાહ (આદિશ્વર એડવર્ટાઈઝીંગ), પ્રદિપ એસ. મહેતા (વૃષ્ટિ કોમ્યુનીકેશન), પ્રશાંત પી. નારેચાણીઆ (વર્ધમાન એડવર્ટાઈઝીંગ), કેતન એસ. દેસાઈ (આસ્થા માકેટીંગ), જીગ્નેશ જે. ગાંધી (ગીરીરાજ એડવર્ટાઈઝીંગ), ચિંતન જે. શાહ (અજીત એડસ), મૌલિન આર. સોની (પુર્ણિમા એડસ), અભિક એમ. પટેલ (અભિક એડવર્ટાઈઝીંગ પ્રા.લી.), ની નિમણુંકકરવામાં આવી હતી.

પ્રમુખ મનીષ ગાંધીએ જણાવ્યું હતું કે, એડવર્ટાઈઝીંગએ આર્ટ છે. જેમાં લોકપ્રિય બ્રાન્ડસનું બિલ્ડીંગ અને કમ્યુનિકેશન કૌશલ્ય કામ કરે છે. એએસીએ એજન્સીઓને એક સરસ પ્લેટફોર્મ આપે છે. જયાં એજન્સીઓ, મીડીયા હાઉસ અને કલાઈન્ટસ વચ્ચે સારી સમજણ અને હેલ્ધી કોમ્પિટિશન બને અત્રે ઉલ્લેખનીય છે કે એએસીએ દ્વારા દર વર્ષે એજયુકેશનલ સેમીનાર ટોક શો, સ્ટુડન્ટ એપ્રિસીએશન પ્રોગ્રામ, સ્પોર્ટસ ઈવેન્ટસ, ક્રિએટીવ કોમ્પિટિશન અને બ્લડ ડોનેશન કેમ્પ જેવા ઘણા સામાજીક અને ઉદ્યોગ વિકાસ કાર્યક્રમો યોજવામાં આવે છે.

# પૂર્વ મામલતદાર કચેરીમાં અરજદાર આકરા તાપથી બેભાનઃ તત્કાલ સિવિલ ખસેડાયા

## આકરી ગરમી શરૂ થાય તે પૂર્વે મોકડ્રીલ યોજાઈ

**અબ તક રાજકોટ**



રાજકોટમાં પૂર્વ મામલતદાર કચેરીમાં આવકનો દાખલો કઢાવવા આવેલા અરજદારને હીટસ્ટ્રોક લાગતા બેભાન થઈ ગયા હતા. આથી મામલતદાર દ્વારા તકેદારીના પગલાં લઈને તેને તાત્કાલિક ૧૦૮ મારફત સિવિલ ખસેડવામાં આવ્યા હતા. આખરે આ મોકડ્રીલ જાહેર થઈ હતી.

રાજકોટ શહેરની પૂર્વ મામલતદાર કચેરીમાં આવેલા એ.ટી.વી.ટી. સેન્ટરમાં ૨૯મી માર્ચે જાવેદભાઈ (ઉ.૪૨) નામના નાગરિક આવકનો દાખલો કઢાવવા આવ્યા હતા. ગરમી વચ્ચે આ અરજદાર અચાનક બેભાન જેવા થઈ ગયા હતા. તેને હીટસ્ટ્રોક લાગ્યાનું જણાતા સિક્યોરિટી ગાર્ડ દ્વારા પૂર્વ મામલતદાર એસ. જે. ચાવડાને જાણ કરવામાં આવી હતી. આથી મામલતદાર તાત્કાલિક દોડી ગયા હતા અને નાગરિકના ચહેરા પર પાણીનો છંટકાવ કર્યો તેમજ સી.પી.આર. પણ આપ્યું હતું. આમ છતાં અરજદારની સ્થિતિ ન સુધરતાં તાત્કાલિક ઈમરજન્સી ૧૦૮ને ફોન કરતાં પાંચ મિનિટમાં જ એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી. એ પછી અરજદારને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા, જ્યાં તેમને તાત્કાલીક સારવાર આપવામાં આવી હતી. જો કે કામગીરી (અનું. આઠમાં પાને)

# બ્લેક ફિલ્મ લગાવી વાહન દોડાવતા ૧૩૫૪ ચાલકોને રૂ. ૬.૭૭ લાખનો દંડ

## ટ્રાફિક પોલીસે એક સપ્તાહ સુધી વિશેષ ડ્રાઈવ યોજી કાળા કાચયુક્ત વાહનો વિરુદ્ધ કડક કાર્યવાહી કરી

**અબતક, રાજકોટ**



શહેરમાં ટ્રાફિક નિયમો નેવે મૂકી બ્લેક ફિલ્મ લગાવી વાહન દોડાવતા ચાલકો વિરુદ્ધ ટ્રાફિક પોલીસે ધોકો પછાડ્યો છે. એક જ સપ્તાહમાં ટ્રાફિક પોલીસ દ્વારા બ્લેક ફિલ્મ લગાવી વાહનો દોડાવતા ૧૩૫૪ ચાલકોને રૂ. ૬.૭૭ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

શહેરી વિસ્તારમાં માર્ગ અકસ્માતમાં ઘટાડો લાવવા તેમજ ટ્રાફિકના નિયમોનું યોગ્ય રીતે અમલીકરણ કરાવવામાં આવે તે માટે શહેરી વિસ્તારમાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ અને ઈન્ચાર્જ ટ્રાફિક એસીપી વી જી પટેલની સૂચનાથી શહેર ટ્રાફિક શાખા ખાતે તા. ૨૫ માર્ચથી ૧ એપ્રિલ સુધી બ્લેક ફિલ્મવાળા વાહન ચાલકો વિરુદ્ધ વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવ દરમિયાન ટ્રાફિક શાખાના અધિકારી કર્મચારીઓ દ્વારા ટ્રાફિક નિયમનો ભંગ કરી બ્લેક ફિલ્મ લગાવીને વાહન દોડાવતા કુલ ૧૩૫૪ ચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરી રૂ. ૬.૭૭ લાખનો દંડ વસૂલવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

આ અંગે ડીસીપી ટ્રાફિક પૂજા યાદવે જણાવ્યું હતું કે, ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે.

# જીટીયુ આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં એવીપીટીઆઈનો ડંકો

## દમણની ટીમ સાથેના મુકાબલામાં કરી ૧૧૦ રને વિજય મેળવ્યો

**અબતક, રાજકોટ**



મહેસાણા ખાતે ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સીટી દ્વારા આયોજિત ગુજરાત ઈન્ટર ઝોન ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરેલ હતું. આ ટુર્નામેન્ટમાં એવીપીટીઆઈ સંસ્થા સમગ્ર ગુજરાતમાં પ્રથમ ચેમ્પિયન બનેલ છે. તે અનુસાર જીટીયુ દ્વારા ગુજરાતને ૫ ઝોન વિભાજીત કરેલ છે, જેમાં હાલ ફેબ્રુઆરીમાં સૌરાષ્ટ્ર ઝોનમાંથી એવીપીટીઆઈ ચેમ્પિયન બનેલ હતી, જે આગળ ગુજરાત સ્ટેટ ઈન્ટર ઝોનમાં રમવા ગયેલ. ગુજરાત ઈન્ટર ઝોનમાં અમદાવાદ, બરોડા, સુરત, વલસાડ, વાસદ, દમણ શહેરમાંથી અલગ-અલગ ઝોનની ટીમોએ ભાગ લીધેલ હતો.

આ ગુજરાત ઈન્ટર ઝોનમાં ફાઈનલમાં ક્રિકેટ મુકાબલો સરકારી પોલિટેકિનક - દમણ અને એવીપીટીઆઈ વચ્ચે રમાયેલ હતો. જેમાં એવીપીટીઆઈ ચેમ્પિયન બનેલ હતી. એવીપીટીઆઈનો દબદબાભેર ૧૧૦ રને વિજેતા થઈ, હરીફ ટીમ સામે ફાઈનલમાં રૂદ્ર વાળા (૪૧ રન), હર્ષ જસાણી (૪૬ રન), સખીયા આયુષ(૨૫ રન) બનાવેલ હતા તથા જયવલ દવે એ માત્ર ૧૧ રન આપી ૪ વિકેટ ઝડપી તથા યુવા ખેલાડી નારણકા દેવાંગએ માત્ર ૮ રન આપી ૩ વિકેટ ઝડપી હતી. રાજકોટની ટીમને અનિરૂદ્ધસિંહ જાડેજા તેમજ હરેશભાઈ ભદ્રેશા દ્વારા કોચિંગ આપવામાં આવેલ હતી. કોલેજના સ્પોર્ટ્સ હેડ ડો. એચ. એચ. ભટ્ટ દ્વારા આપેલ સતત માર્ગદર્શનએ ટીમની જીતમાં મહત્વનું યોગદાન આપેલ હતું. વિજય થયેલ ટીમનું કોલેજના આચાર્ય ડો. પરેશ પી. કોટક અને સ્ટાફમિત્રોએ ભવ્યાતિભવ્ય સ્વાગત કરેલ હતું. વિજયોતસ્વનું સંચાલન ડો. જે. બી. વાળાએ સંભાળેલ હતું. આચાર્યએ વિજેતા ટીમને અભિનંદન પાઠવી ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા આપેલ હતી.

### સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત

# એઈમ્સ પરિસરને એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર ડો.જી.ડી. પૂરી સહિતની ટીમે કરી સ્વચ્છ



## પરિસર અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા માટે હોસ્પિટલ સ્ટાફ, દર્દીઓ અને મુલાકાતીઓને સ્વચ્છતા જાળવવા માટે પ્રોત્સાહિત કરાશે

**અબતક રાજકોટ**

રાજકોટ એઈમ્સમા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી એક મહત્વપૂર્ણ પહેલ છે, જે સ્વચ્છ ભારત મિશનને પ્રોત્સાહન આપે છે. આ ઉજવણીનો ઉદ્દેશ્ય હોસ્પિટલ પરિસર અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા માટે જાગૃતિ ફેલાવવાનો છે.હોસ્પિટલ પરિસર અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા માટે જાગૃતિ ફેલાવવી,સ્વચ્છતા અને સ્વસ્થતાના મહત્વ વિશે લોકોને શિક્ષિત તેમજ હોસ્પિટલ સ્ટાફ, દર્દીઓ અને મુલાકાતીઓને સ્વચ્છતા જાળવવા માટે પ્રોત્સાહિત કરવા. સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી એઈમ્સને સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ સાથે દર્દીઓ અને મુલાકાતીઓમાં સ્વચ્છતા વિશે જાગૃતિ ફેલાવેનો હેતુ રહેલો છે એઈમ્સ હોસ્પિટલના એક્ઝીક્યુટીવ ડાયરેકટર ડો.જી.ડી. પૂરી ના માર્ગદર્શન અને પ્રેરણાદાયી સંબોધન સાથે કરવામાં આવ્યુ હતુ.એઈમ્સ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તેમજ ડીન અને વિદ્યાર્થીઓ દ્વારા હરિયાળા કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને કેમ્પસ આસપાસ વિસ્તાર માં શ્રમદાન અભિયાન સાથે સ્વચ્છતા સંકલ્પ કાર્યક્રમ યોજાયો સ્વચ્છતા જાળવવા માટે સંકલ્પ લેવામાં આવે છે.એઈમ્સમાં સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી સંસ્થાને સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવામાં મદદ કરે છે, અને સાથે જ સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ પણ લાવે છે.કાર્યક્રમ ને સફળ બનાવવા એડમીન વિભાગ ના ડેપ્યુટી ડાયરેક્ટર, એકેડેમિકસ વિભાગ ના ડીન તેમજ તમામ ફેકલ્ટી મેમ્બર અને વિદ્યાર્થીઓની સહભાગી બન્યા હતા.

# ન્યુ મહાવીરનગર સોસા.ના કારોબારી સભ્યો દ્વારા શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેનું અભિવાદન



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નંબર - ૧ ના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ ન્યુ મહાવીરનગર સોસાયટીની તાજેતરમાં વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી સમરસ થયેલ હતી, તેમજ વ્યવસ્થાપક કમિટીની પ્રથમ કારોબારી કસ્ટોડિયન જી.એમ.જાડેજાના અધ્યક્ષ સ્થાને મળેલ હતી.

જેમાં ચૂંટાયેલા સભ્યોએ વર્ષ ૨૦૨૫ થી ૨૦૩૦ સુધીના એટલે કે પાંચ વર્ષના પ્રમુખ તરીકે યુવરાજસિંહ ડી ચુડાસમા, ઉપપ્રમુખ તરીકે હંસાબેન અગ્રાવત, મંત્રી તરીકે દીપકભાઈ સોલંકી, તેમજ ખજાનચી તરીકે સતિષભાઈ રાવલની નિમણૂક કરેલ હતી, સર્વે વ્યવસ્થાપક કમિટીએ આ નિમણૂકને આવકારેલ હતી, તેમજ નવી કારોબારીએ રાજકોટ શહેર ભાજપના પ્રમુખ ડો. માધવભાઈ દવેની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી, આ શુભેચ્છા મુલાકાતમાં સોસાયટીના પૂર્વ પ્રમુખ યશપાલસિંહ ચુડાસમા, પ્રશાંતભાઈ સિંધવ, વિશાલભાઈ ચાવડા, પ્રીતભાઈ ધાધલ, મોમભાઈ મુંધવા, બલરાજ સિંહ જાડેજા (ભઈલુભા) જોડાયેલા હતા...

# ઘંટેશ્વર વિસ્તારમાંથી ૧૫ વર્ષીય પરપ્રાંતિય સગીરાને જયરાજ કાઠી ઉઠાવી ગયો

## માતાએ ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે કિશોરીની ભાળ મેળવવા તજવીજ હાથ ધરી

**અબતક, રાજકોટ**

ઘંટેશ્વર વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય સગીરાનું પાડોશમાં જ રહેતા જયરાજ કાઠી નામના શખ્સે અપહરણ કરી લીધાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં સગીરાની માતાની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી સગીરાને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

મામલામાં ઘંટેશ્વર વિસ્તારમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશનાં મઉ જિલ્લાનાં પરપ્રાંતિય પરિવારની ૪૦ વર્ષીય મહિલાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પતિનું નવ વર્ષ પૂર્વે કેન્સરની બીમારીનાં લીધે મોત થયાં બાદ તેઓ ભંગારનાં ડેલામાં મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરિયાદીને સંતાનમાં ચાર દિકરી તથા એક દિકરો છે. જેમાંથી બે દીકરીઓ વતનમાં રહે છે જયારે ૧૫ વર્ષ ૯ મહિનાની દીકરી અને ૯ વર્ષની પુત્રી તેમજ ૧૨ વર્ષીય પુત્ર સાથે રહે છે. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રીના આશરે એકાદ વાગ્યા આસપાસ હુ મારા ઘરે સુતી હતી. ત્યારે નાની પુત્રીએ મને જગાડીને કહેલ કે ૧૫ વર્ષીય પુત્રી ઘરે દેખાતી નથી તે ક્યાંક જતી રહેલ છે. જેથી અમે આજુબાજુમા તપાસ કરેલ પરંતુ મારી દીકરી મળી આવેલ નહીં. જેથી મને અમારા પાડોશમા રહેતા જયરાજ કાઠી પર શંકા હોય હું તેમના ઘરે ગયેલ તો જયરાજ કાઠી તેમના ઘરે મળી આવ્યો ન હતો. બાદમાં જયરાજની માતાને આ બાબતે વાત કરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, મને અઠવાડીયા પહેલા જાણવા મળેલ કે મારી દીકરી જયરાજ કાઠી સાથે પ્રેમ સંબંધમા હોય અને આ બાબતે મે મારી દીકરીને ઠપકો આપી સંબંધ મુકી દેવા કહેલ હતુ. મારી દીકરી મોબાઈલ વાપરતી નથી. અમે અમારી રીતે તેની તપાસ કરેલ અને આ જયરાજ કાઠીના ભાઈઓએ પણ તેના સગા વહાલામા બન્નેની તપાસ કરેલ પરંતુ મળી આવેલ ન હોય જેથી આ મારી દીકરીનુ જયરાજ કાઠીએ અમારા કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ હોય જેથી જયરાજ કાઠી વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં ગાંધીગ્રામ પોલીસે જયરાજ કાઠી વિરુદ્ધ ગુનો નોંધી સગીરાની ભાળ મેળવવા તેમજ આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જંગલેશ્વરમાં ૫૧ કીલો ગાંજો સપ્લાયર કરનારના જામીન મંજૂર

**અબતક, રાજકોટ**

શહેરના જંગલેશ્વર વિસ્તાર માથી ઝડપાયેલા ૫૧ કીલો ગાંજાના ગુનામાં ઝડપાયેલા બોટાદના સપ્લાયરને રેગ્યુલર જામીન પર મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં જંગલેશ્વર મેઈન રોડ ઉપર હુશેની ડેરી પાસે આવેલ મકાનમાથી પોલીસે બાતમીના આધારે રફીક યુનુષભાઈ જુણેજા અને અસલમ ગુડુભાઈ સૌયદને ૫૧ કી.ગ્રા. ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધા હતા. જે ગાંજાનો જથ્થો આરોપી જાવીદ જુસફભાઈ જુનેજા પાસેથી મંગાવ્યાની કબુલાતના આધારે પોલીસે જાવેદ જુનેજાની અટક કરી હતી. તેની પૂછપરછમાં સપ્લાયર તરીકે સૈયદ અશરફભાઈ તૈલી અને બોટાદના સાજીદ ઉર્ફે ભીખો રહીમભાઈ તરકવાડીયાનું નામ ખુલતા તેની પણ ધરપકડ થઈ હતી. એનડીપીએસના ગુનામાં ઝડપાયેલા આરોપીઓની રિમાન્ડ અરજી રદ થતા જેલ હવાલે કરાયા હતા. જેલ હવાલે રહેલા બોટાદના સાજીદ ઉર્ફે ભીખો તરકવાડીયાએ પોતના એટવોકેટ મારફત સ્પેશયલ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટ દ્વારા આરોપીને રૂ.૫૦ હજારના રેગ્યુલર જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટ ગૌરાંગ પી. ગોકાણી, વૈભવ બી. કુડલીયા, શિવરાજસિહ જાડેજા અને લીગલ આસી. તરીકે જયદિપ ડી. ગઢિયા રોકાયા હતા.

# તાલુકા પંચાયત નજીક મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો રમતો હર્ષ સેજપાલ ઝડપાયો

## લખનઉ અને પંજાબ ઈલેવન વચ્ચે ૨૦ ટ્વેન્ટી મેચ પર રન ફેરનો હાર જીતનો જુગાર રમતો 'તો

**અબતક, રાજકોટ**

શહેરના શ્રોફ રોડ તાલુકા પંચાયત ઓફિસની આગળ ચેરિટી કમિશનર ઓફિસ નજીક જાહેરમાં મોબાઈલ આઈડી પર ૨૦- ટ્વેન્ટી મેચ પર ક્રિકેટ સટ્ટો રમતો હર્ષ સેજપાલને ક્રાઈમ બ્રાન્ચે ઉઠાવી લઈ રૂપિયા ૫૦,૦૦૦ ની કિંમત નો મોબાઈલ કબજે કરી મોબાઈલ આધારે ક્રિકેટ સત્તાના મૂળ સુધી પહોંચવા તપાસનો ધમધમાટ આદર્યો છે. વધુ વિગત મુજબ આઈ પી એલ ટુર્નામેન્ટ નો પ્રારંભ થતાં ક્રિકેટના સટોડીયાઓ દ્વારા રન ફેન નો જુગાર રમાડતા હોવાની પોલીસ કમિશનર બ્રિજેશ જાને મળેલી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચ ના ટી આઈ એમ આર ગોંડલીયા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે લખનઉ સુપર જાયન્ટ અને પંજાબ કિંગ્સ ઈલેવન વચ્ચે ૨૦-૨૦ મેચ પર કાલાવડ રોડ નજીક લીંબડી વાળી ઓમકાર રેસીડેન્સીમાં રહેતો હર્ષ તુષાર સેજપાલ નામનો તાલુકા પંચાયત ઓફિસથી આગળ ચેરિટી કમિશનર ઓફિસના પાછળના ભાગે રનફેરનો જુગાર મોબાઈલમાં આઈડી મારફતે જુગાર અને કપાત કરતો હોવાની હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ચૌહાણને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી હર્ષ તેજપાલને જુગાર રમતા રંગે હાથે ઝડપી લીધો હતો. પોલીસે રૂપિયા ૫૦,૦૦૦ ની કિંમત નો મોબાઈલ કબજે કર્યો છે અને આ મોબાઈલમાં સફારી એપ્લિકેશનમાં ક્રિકેટની આઈડી હોવાથી તેના મૂળ સુધી પહોંચવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# જિલ્લા ભાજપલર પૂર્વ પ્રમુખનાં ભત્રીજા પર પાઈપ વડે હુમલો

## કેકેવી હોલ નજીક કાર સામસામે આવી જતાં આઈ-૨૦નાં ચાલક ધ્રુવરાજસિંહ જાડેજાએ બંને હાથમા પાઈપ લઈ માર માર્યો'તોઃ તાલુકા પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

ગઈકાલે બપોરે કેકેવી હોલ પાસે કાર સામ સામી આવી ગયાં બાદ આઈ-૨૦ કારમાં સવાર ધ્રુવરાજસિંહ જાડેજા નામના શખ્સે પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખના ભત્રીજા પર બંને હાથમાં પાઈપ લઈ હુમલો કરતાં પોલીસે ગુનો નોંધી તેની સામે કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે યુનિવર્સિટી રોડ પર નટરાજ નગરમાં રહેતાં રવિભાઈ છગનભાઈ સખીયા (ઉ.વ.૩૪) એ નોંધાવેલ ફરીયાદમાં અજાણ્યાં શર૦ કારના ચાલકનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ બાંધકામને લગતુ કામકાજ કરે છે. ગઈકાલે બપોરના અઢી વાગ્યાની આસપાસ તેઓ તેના પિતા છગનભાઈ સાથે પોતાના ઘરેથી ફોર્ચ્યુનર કાર લઈને કામ સબબ બાપુજીના દીકરા રાજેશભાઈ સખીયાના ઘરે જવા માટે નીકળેલ હતાં.

તેઓ કાલાવડ રોડ ખાતે આવેલ ક્રીષ્ના મેડીકલ પાસે પહોંચેલ અને ત્યાં ડીવાઈડર ક્રોસ કરી અને સામેની તરફ આવેલ શ્રીજી હોટલ તરફ ગાડીનો વળાંક લેવા જતા હતા ત્યારે કે.કે.વી. હોલ તરફથી એક આઈ-૨૦ કાર નંબર પ્લેટ વગરની તેઓની ગાડી નજીક ઘસી આવેલ અને અચાનક જ બ્રેક મારી દીધેલ હતી. ગાડી સાઈડમાં રાખી આ આઈ-૨૦ કારનો ચાલક તેઓની ગાડી પાસે આવેલ અને ગાળો આપવા લાગેલ હતો.

જેથી તેઓએ ગાળો આપવાની ના પાડતા તે તેની આઈ-૨૦ ગાડી તરફ ગયેલ અને બન્ને હાથમાં ધોકા લઈ તેઓની તરફ આવેલ અને આઈ-૨૦ કારના ચાલકે તેની પાસે રહેલ ધોકો પેટના ભાગે મારી દીધેલ હતો. જેથી તેઓએ તેની પાસે રહેલ ધોકો પકડી લીધેલ તો આરોપીએ કહેલ કે, ધોકો મુકી દે આજ તો તને મારી નાખવો છે, તેમ ધમકી આપી અને તેની પાસે રહેલ બીજા ધોકા વડે માથાના ભાગે ઝીંકી દિધો હતો.

જે બાદ બન્ને વચ્ચે ઝપાઝપી થતાં ત્યાં આજુબાજુમાં માણસો ભેગા થઈ જતા આરોપી રોડ ક્રોસ કરી અને ત્યાં આવેલ કોઈ દુકાનમાં જતો રહેલ હતો. જે બાદ બનાવ બાબતે તેઓએ ભાઈ ધવલભાઈને ફોન કરી જાણ કરતા તેઓ આવી ગયેલ અને ત્યારબાદ આઈ-૨૦ કારના ચાલક બાબતે વાતચીત કરવા માટે આવેલ તે દરમિયાન આઈ-૨૦ કારનો ચાલક ત્યાંથી ભાગી ગયેલ હતો. બાદમાં ફરિયાદીને ઈજા પહોંચી હોવાથી સારવારમાં ગિરીરાજ હોસ્પીટલ ખાતે ખસેડેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપી ધ્રુવરાજ સિંહ જાડેજા નામનો શખ્સ હોવાની ઓળખ મેળવી તપાસ હાથ ધરી હતી.

# લોનધારકની મિલકતો પોલીસનો બંદોબસ્ત સાથે કબજે લેવા અદાલતનો હુકમ

## હાઉસિંગ લોન લઈ બાકીની રૂ.૧૭.૭૫ લાખની નહીં ભરતા કોર્ટમાં ફાઈનાન્સ કંપનીએ દાદ માંગી તી

**અબતક, રાજકોટ**

લાખો રૂપિયાની હાઉસિંગ લોન લઈ બાકીની રૂપિયા ૧૭.૭૫ લાખની રકમ નહીં ભરનારા લોનધારકની મિલકતો પોલીસ બંદોબસ્ત સાથે કબજે લેવા અદાલતે હુકમ કર્યો છે.આ અંગેની હકીકત મુજબ, આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લી. માંથી જયદીપ અરવિંદભાઈ મોરણીયાએ સિક્યોર્ડ હોમ લોન લીધી હતી. બાદમાં લોનના હપ્તા ચૂકવવામાં ઠાગાઠૈયા કરતાં હોય. જેના બાકી નીકળતા રૂપિયા ૧૭.૭૫ લાખથી વધુ રકમ ચૂકવવામાં જયદીપ મોરણિયા નિષ્ફળ ગયેલ હોય. આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લી. દ્વારા સરફેસી એક્ટ - ૨૦૦૨ તળે કોર્ટમાં બાકીદાર જયદીપ મોરણીયાની મિલકતનો કબજો મેળવવા એડવોકેટ હિરેન એચ. પંડયા મારફત અરજી કરાઈ હતી, જે અરજી ચાલી જતાં રાજકોટની ચીફ કોર્ટના જજ એન.એચ.નંદાણિયાએ બાકીદાર જયદીપ મોરણીયાને મિલકતનો કબજો આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લી.ને સોપવા હુકમ ફરમાવ્યો હતો. તેમ છતાં તેણે લોન ચૂકવવાની કોઈ દરકાર લીધેલ ન હોય, લોન લઈને હપ્તા નહિ ભરવાની માનસિકતા તથા વર્તન હોવાની રજૂઆતો ધ્યાને લઈ કોર્ટે આપેલા દાખલા રૂપ હુકમમાં કોર્ટ કમિશનર તથા પોલીસ બંદોબસ્ત સાથે ઉપરોક્ત બાકીદારની મિલકતનો કબજો આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લી.ને કબજો સોંપવા દાખલા રૂપ હુકમ કર્યો છે. અરજદાર આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લી.ને મિલકતના કબ્જા સોંપણી સમયે એરિયા કલેક્શન મેનેજર દેવેનભાઈ ગણાત્રા અને જિનલ લીગલ મેનેજર કિશન બુધ્ધદેવ હાજર રહયા હતા. આ કેસમાં ફાઈનાન્સ તરફે એડવોકેટ હિરેન એચ. પંડયા રોકાયા હતા.

# મુંજકા ગામે ગેમ ડિઝાઈનરના ફ્લેટમાથી રૂ.૧.૬૯ લાખની મતા ઉઠાવી તસ્કર ફરાર

## યુનિવર્સિટી પોલીસે સીસીટીવી ફૂટેજ મારફત તસ્કરની ભાળ મેળવવા ચક્રો ગતિમાન કર્યા

**અબતક, રાજકોટ**

મુંજકા ગામે આવેલ એપાર્ટમેન્ટમાં તસ્કર ત્રાટક્યા હતા. ગેમ ડિઝાઈનરનાં ફ્લેટમાંથી તસ્કર રૂ. ૧.૬૯ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડ ઉઠાવી જતાં યુનિવર્સીટી પોલીસમાં ચોરીની ઘટનામાં ફરિયાદ નોંધાઈ છે.

મામલામાં મુંજકા ગામમાં આવેલ શ્રી સીટી એપાર્ટમેન્ટમાં રહેતા ગેમ ડિઝાઈનર ૨૭ વર્ષીય યુવાન રવીભાઈ દિલીપભાઈ સોલંકીએ યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, મારા પરિવારમાં હુ તથા મારા પત્ની કાજલબેન, માતા મનીષાબેન, પિતા દિલિપભાઈ એમ બધા સાથે રહીએ છીએ. ગત તા.૦૮/૦૩/૨૦૨૫ ના રોજ ઘરનાં તમામ સભ્યો જામ ખંભાળીયા ખાતે મારા દીકરા મિવાન (ઉ.વ.૦૩ માસ)નાં વાળની વિધી માટે મારા દાદા શણાભાઈના ઘરે ગયેલા હતા. બાદમા તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ મારા દાદાનુ અવસાન થયેલ હોવાથી ખંભાળિયા ખાતે જ રોકાઈ ગયેલ હતા.

ત્યારબાદ હું એકલો મારી ઓફીસના ડેટા લેવા તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે ૦૨/૪૦ વાગ્યે હું ઘરે ફ્લેટ ઉપર આવેલો હતો. ત્યારબાદ ઘરે આવીને મેં જોયું તો ફ્લેટનો ડોરનો ઈન્ટરનલ લોક ખુલેલ હતો. ઘરમાંથી કોઈ ચીજવસ્તું ચોરાઈ ગયેલ હોય તેવું જોવામાં આવેલ ન હતું. ત્યારબાદ મોડી રાત્રીના સમયે મારે જમવાનું બાકી હોવાના કારણે સ્વીગીમાથી ઓર્ડર કરી ઓનલાઈન બર્ગર ખાવા માટે મંગાવેલ હતું. ત્યારબાદ આ બર્ગર રાત્રીના સમયે ૦૩/૧૫ વાગ્યા આસપાસ આવેલ હોય નાસ્તો કરીને હું સુઈ ગયો હતો. ત્યારબાદ હું તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ સવારના સાડા આઠેક વાગ્યે હું ઘર લોક કરીને ઓફિસ ખાતે મારા ડેટા લેવા ગયેલ અને પરત ફ્લેટ ખાતે દસેક વાગ્યે આવેલ હતો અને ત્યારબાદ ફ્લેટને ફરીથી લોક કરી જામખંભાળીયા ખાતે જવા નિકળી ગયેલો હતો. બાદમાં ગત તા. ૨૪/૦૩/૨૦૨૫ ના રોજ હુ અને મારી પત્ની તથા મારો ફઈનો દિકરો માધવભાઈ રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામા ઘરે ફ્લેટ ખાતે આવેલા હતા. ત્યારે અમારા મેઈન દરવાજાનો લોક ખુલ્લો હતો. જેથી શંકા જતા ઘરની અંદર જઈ તપાસ કરતા બેડરૂમની સેટીની પ્લાઈ ત્રાસી થઈ ગયેલી હતી. જેથી રૂમમા તપાસ કરતા રૂમનો લાકડાનો કબાટમાં આવેલી તીજોરી ખોલીને જોતા તેમા સોનાના દાગીના રાખેલા હતા જે પાકીટમાં રાખેલ એક ૧૦ ગ્રામનો સોનાનું મંગલસુત્ર, આઠ ગ્રામની બે સોનાની વીંટી, સોનાનો પાંચ ગ્રામનો ચેન, બે સોનાનાં પેંડલ, સોનાનુ ૨ક ગ્રામનું બીસ્કીટ, સોનાના નજરીયા નંગ -૦૨, એક ગ્રામનું ચાંદીનુ બીસ્કીટ, ચાંદીના સદરા બે જોડી ૨૦ ગ્રામના, ચાંદીના હાથના કડા આશરે ૨૦ ગ્રામ તેમજ કુલ રોકડ રૂ.૩૨,૦૦૦ મળી આવી ન હતી. આમ કુલ રૂ. ૧,૬૯,૩૦૦ની મતાની ચોરી થઈ ગયાની જાણ થતાં યુનિવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં યુનિવર્સીટી પોલીસમાં ગુનો નોંધાતા પીએસઆઈ બી એસ ચૌહાણની ટીમે સીસીટીવી ફૂટેજની ચકાસણી કરી તસ્કરની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# એમ.ડી. ડ્રગસ સાથે ઝડપાયેલા શખ્સ શરતોને આધીન જામીન મુક્ત

**અબતક, રાજકોટ**

કેશોદ માનખેત્રા હાઈવે પાસેથી કુલ ૨૩.૯૯ ગ્રામ એમ.ડી. ડ્રગસ સાથે ઝડપાયેલા ધોરાજીના આરોપીને શરતોને આધીન જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકિકત મુજબ ધોરજીનો ઈમરાન જુમા મતવા મુંબઈની બે મહિલાઓ સાથે કાળા કલરની એવીનેસ મોપેડમાં પ્રતિબંધીત નાર્કોટીકસ ડ્રગ્સ લઈને રાજકોટ તરફથી કેશોદ થઈને માંગરોળ ખાતે વેંચાણ કરવા જતો હોવાની બાતમી આધારે જુનાગઢ એસ.ઓ. જી. પોલીસ કેશોદ માનખેત્રા હાઈવે પાસે વોંચ ગોઠવી ઈમરાન જુમા મતવા, અરિસા જુબેર મહમદ રફીક શેખ અને તાસીફ નદિમ જહુર ખાનને ઝડપી લીધા હતા. ઈમરાન પાસેથી ૨૧.૯૪ ગ્રામ અને આરિસા બહેન પાસેથી ૨.૦૫ ગ્રામ મળી કુલ ૨૩.૯૯ ગ્રામ મેફેડ્રોન કબ્જે કર્યુ હતું. જે કેસમાં જેલ હવાલે રહેલા આરોપી ઈમરાન જુમાભાઈ મતવાની જામીન અરજી સેસન્સ કોર્ટમાં નામંજૂર થતા હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ આરોપીને શરતી જામીન ઉપર મુકત કરવા હાઈકોર્ટે હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી સૌરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા, હર્ષ રોહિતભાઈ ઘિયા, કેતનભાઈ બેલડીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# મુંદ્રામાં વિશ્વના સૌથી મોટું કચ્છ કોપર સ્મેલ્ટર ટૂંક સમયમાં શરૂ

## તાંબાની આયાત ઘટાડી આત્મનિર્ભરતા તરફ પ્રયાણ

**અબતક, રાજકોટ**

અદાણી જૂથની ફ્લેગશીપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ હેઠળની કચ્છ કોપર લિમિટેડનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયુ છે!આગામી અઠવાડિયાઓમાં કોપર સ્મેલ્ટરનું કામકાજ શરૂ થતાં મુન્દ્રા સ્થિત કોપર સ્મેલ્ટર વિશ્વના સિંગલ લોકેશન સૌથી મોટા સ્મેલ્ટરમાંનું એક બનશે.આ પ્રોજેક્ટ અંતર્ગત કોપર વિસ્તરણ ખર્ચ આશરે ૭૦૦-૮૦૦ મિલિયન થવાની ધારણા છે, જે યુનિટનો કુલ ખર્ચ આશરે ૨ બિલિયન સુધી થશે.કચ્છ કોપર હાલમાં લેટિન અમેરિકન દેશોમાંથી તેના કોપર કોન્સન્ટ્રેટનું સોર્સિંગ કરશે પરંતુ કોન્સન્ટ્રેટ માટે વધારાના સ્ત્રોતોનો ઉપયોગ કરવા માટે ઓસ્ટ્રેલિયા અને આફ્રિકાના સપ્લાયર્સ સાથે પણ ચર્ચા-વિચારણાજારી છે. નજીકના ક્વાર્ટરમાં અપેક્ષિત ૫,૦૦,૦૦૦ ટન યુનિટ પહોંચ્યા બાદતેની ક્ષમતા વધારીને દસ લાખ ટન કરવામાં આવશે.

વિશ્લેષકોના મતેઆગામી નાણાકીય વર્ષ દરમિયાન સંપૂર્ણ વૃદ્ધિની ધારણા રાખીનેકોપર સ્મેલ્ટર કામગીરી વાર્ષિક ધોરણે ૨૫૦-૩૦૦ મિલિયનની રેન્જમાં વ્યાજ, કર, ઘસારો અને એમોર્ટાઈઝેશન પહેલાં કમાણી કરી શકે છે.કચ્છ કોપર સંપૂર્ણપણે અદાણી ગ્રુપની ઈન્ક્યુબેટર અદાણી એન્ટરપ્રાઈઝિસની માલિકીની કંપની છે. એકવાર તે શરૂ થયા બાદભારતની તાંબાની આયાતમાં મોટા પાયે ઘટાડો થવાની અપેક્ષા છે.

ઉત્પાદિત તાંબાના લગભગ ૪૦% ભાગનો ઉપયોગ અદાણી ગ્રુપના કેપ્ટિવ હેતુઓ માટે કરવામાં આવશે જેમાં નવીનીકરણીય ઉર્જા અને ટ્રાન્સમિશન વ્યવસાયોનો સમાવેશ થાય છે.તાંબાનો ઉપયોગ અદાણી ગ્રુપના વાયર અને કેબલ વ્યવસાયમાં પણ થશેજેની તાજેતરમાં શરૂઆત કરવામાં આવી છે.

સ્મેલ્ટર માટેનો બીજો તબક્કો પ્રારંભિક ૫,૦૦,૦૦૦ ટન થાય બાદ જ શરૂ થશે, તે હાલની કામગીરીમાંથી ઉદ્‌ભવેલા રોકડ પ્રવાહનો ઉપયોગ કરે તેવી શક્યતા છે. ભારતમાં, રિફાઈન્ડ કોપરની માંગ દર ક્વાર્ટરમાં ૨,૦૧,૦૦૦-૨,૧૮,૦૦૦ ટન વચ્ચે રહી છે, જેમાં ઓછામાં ઓછી એક ચતુર્થાંશ માંગ આયાત દ્વારા પૂરી કરવામાં આવે છે. ભારત તાંબાનો આયાતકાર દેશ છે અને તેની પાસે તાંબાના અયસ્કના ખૂબ જ મર્યાદિત સંસાધનો છે.

ભારતનો માથાદીઠ તાંબાનો વપરાશ આશરે ૦.૬-કિલો છે. ૨૦૩૦ સુધીમાં સ્થાનિક તાંબાની માંગ બમણી થવાની ધારણા છે. તેવામાં કચ્છ કોપર દેશને આત્મનિર્ભરતા તરફ લઈ જવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ દ્વારા બીચ સોકર ફૂટબોલ ટુર્નામેન્ટ માટે સિલેક્શન

**અબતક, રાજકોટ**

માધવપુર બીચ ખાતે તારીખ ૭.૦૧.૨૫ થી ૯.૦૪.૨૫ દરમિયાન રમાનાર ઓલ ગુજરાત બીચ સોકર ફૂટબોલ ટુર્નામેન્ટ માટે રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટિમનું સિલેકસન તારીખ ૩.૪.૨૫ ગુરુવારના રોજ રેલ્વે લોકો કોલોની ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે સવારના ૮.૩૦ ક્લાકે ભાઈઓ તથા બહેનો માટે રાખવામાં આવેલ છે. ભાગ લેનાર ખેલાડીઓનો જન્મ ૨૦૦૭ અથવા તે પહેલા થયેલ હોવો જોઈએ.

# પાલીતાણાના હસ્તગીરી "ડુંગરનો દવ"હજારો પશુ-પક્ષીઓને ભરખી ગયો !!

## જૈન સમાજ દ્વારા નવકાર મંત્રના જાપ કરી જોખમમાં મુકાયેલા પશુ પક્ષીઓને બચાવવા સામૂહિક પ્રાર્થના

**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

વિશ્વપ્રસિદ્ધ જૈન તીર્થધામપાલીતાણા ના હસ્તગીરી ડુંગરમાં લાગેલા દવ ને કાબુમાં લેવા ભાવનગર ફાયર ફાઈટર સતત ૯૦ કલાકથી વધુ ના સમયથી જહેમતઉઠાવી રહ્યું છે તેમ છતાં હજારો અબોલ જીવોને ભરખી ગયેલી આ આગ હજુ કાબુમાં આવતીનથી.

ભાવનગરના પાલીતાણા નજીક આવેલ હસ્તગીરી ડુંગરાઓની હારમાળા માં પાંચ દિવસ પહેલા દવ લાગ્યો હતો આગમાં પશુ પક્ષીઓ તેમજ મોટી સંખ્યામાં કદાવર વૃક્ષો હોમાય ગયા હોવાથી જીવ દયા પ્રેમીઓમાં ભારે કરુણા પ્રસરી છે ,અને વહીવટી તંત્ર સામે આગને કાબુમાં લેવામાં કહેવાતી ઢીલના કારણે ભારે રોષ ફેલાયો છે, હજુ આ આગ મા હજારો પશુ પક્ષીઓ પર જીવનું જોખમ તોળાઈ રહ્યું છે ત્યારે જૈન સમાજ દ્વારા નવકાર મંત્ર અને પ્રાર્થના દ્વારા જીવોના કલ્યાણ માટે ની આરાધના શરૂ થઈ ચૂકી છે.

પાલીતાણા ખાતે ના હસ્તગીરી ડુંગરોની આગ કાબુ માં આવતી નથી હજારો વૃક્ષો અને પશુ પંખીઓ સતત આગ માં હોમાઈ રહ્યા છે, છ દિવસથી આગના લબકારાઓ હજુ કાબુમાં આવે તેવા કોઈ પણ અણસાર દેખાતા નથી છ દિવસથી સતત સળગી રહેલું જંગલ અને હસ્તગીરીના ડુંગરાઓ મા લાગેલી આગ કાબુમાં આવે તેવું દેખાતું નથી, અત્યાર સુધીમાં હજારો પશુ પક્ષીઓ મોતને ભેટ્યા છે અને હયાત પશુ પક્ષીઓ નું જીવન સંકટમાં આવી પડ્યું છે

હસ્તગીરી ના ડુંગરાઓની આગમાં ઔષધીઓ વનસ્પતિ અને દુર્લભ વન્ય સૃષ્ટિ સળગી ગઈ છે ,પાલીતાણા તેમજ તળાજા થી ફાયર ફાઈટર દ્વારા આગને કાબુમાં લેવા માટે પ્રયત્નો શરૂ થયા છે હસ્તગીરીના જંગલ માં લાગેલી આગને હેલિકોપ્ટર મારફત કેમિકલના છટકાવ થી બુજાવવાના પ્રયાસ થવો જોઈએ



તેવી માંગ ઉઠી છે, પરંતુ તંત્ર હજુ ફાયર ફાઈટર પાસેથી જ કામ લઈ રહ્યું છે તેની સામે જીવ દયા પ્રેમીઓમાં નારાજગી પ્રવર્તે છે,

અને આગ ફાળવવામાં ક્યાંક તંત્રની પ્રબળતા શક્તિનો અભાવ હોય તેવું દેખાઈ રહ્યું છે અત્યારે તો તળાજા પાલીતાણા ફાયર વિભાગ મામલતદાર કચેરીનો સ્ટાફ આગ પર સંપૂર્ણ નિયમન લાવવામાં કાચું પડતું હોય તેવું દેખાઈ રહ્યું છે

જૈન સમાજમાં શેત્રુંજય મહાતીર્થ એવા પાલીતાણા ના હસ્તગીરી પર્વતનું અનન્ય ધાર્મિક મહત્વ રહેલું છે અત્યારે પશુ પક્ષીઓ પર મોટું આગનું સંકટ આગ નું સંકટ તોળાય રહ્યું છે, ત્યારે જૈન સમાજ દ્વારા નવકાર મંત્રના જાપ અને પ્રાર્થનાઓ કરીને અબોલ પશુ પક્ષીઓના જીવંતદાન ની કામનાઓ થઈ રહી છે

# ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ દ્વારા સમુહ યજ્ઞોપવિત - વડીલ વંદનાનું આયોજન

## કાર્યક્રમમાં સહભાગી થવા તા.૧૫ સુધી ફોર્મ ભરી જમા કરાવી શકાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત અગ્રગણ્ય બ્રહ્મ સંસ્થા ઝાલાવાડ સતરતાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજ સંસ્થા દ્વારા આગામી જૂનમાં સમુહ યજ્ઞોપવિત તેમજ જ્ઞાતિના સભ્ય માટે વડીલ વય વંદના કાર્યક્રમનું આયોજન હાથ ધરાયું છે. જે માટે સંસ્થાના સભ્યો દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ રહી છે.

ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મ સમાજના પ્રમુખ કમલેશભાઈ એચ જોશી તેમજ મહામંત્રી પરાગભાઈ ભટ્ટ માહિતી આપતા જણાવે છે કે, મોરબી, વાંકાનેર, હળવદ, વઢવાણ, લિંબડી સહિત સતર તાલુકાના રાજકોટ ખાતે સ્થાયી થયેલા બ્રહ્મ પરિવારોને એક તાંતણે બાંધી તેમના સુખ દુઃખની સાથી આ સંસ્થા જ્ઞાતિજનો માટે વિવિધ સમાજિક શૈક્ષણિક, પ્રવૃત્તિઓ કરી રહી છે. સંસ્થા દ્વારા પ્રતિવર્ષ બળેવના દિવસે ભુદેવો દ્વારા યજ્ઞોપવિત બદલાવવા તેમજ બ્રહ્મભોજ કાર્યક્રમમાં હજારો ભુદેવ સમુહ ભોજન કરે છે. જ્યારે સંસ્થા દ્વારા દર વર્ષે તેજસ્વી છાત્રોનુ સન્માન, પુરસ્કાર વિતરણ, નોટબુક ચોપડા વિતરણ દ્વારા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને આગળ વધવા પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવે છે.

જ્ઞાતિની મળેલી બેઠકમાં આગામી સમયમાં જ્ઞાતિના બટુકો માટે યજ્ઞોપવિત કાર્યક્રમ તેમજ જ્ઞાતિ સભ્ય પંચોતેર વર્ષ વટાવી ચૂકેલા વડીલોનું સન્માન, સાથોસાથ દાંમ્પત્ય જીવનના પાંચ દસકા પૂર્ણ કરનાર દંપતિઓનુ સન્માન જેવા ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. કાર્યક્રમમાં સહભાગી બનવા બટુક તેમજ વડીલોએ કાર્યાલય કમળકાન્ત ભુવન, ૬/૧૧ જાગનાથ પ્લોટ, રાજકોટ ખાતે સાંજે ૬ થી ૮ દરમિયાન ૧૫ એપ્રિલ સુધીમાં ફોર્મ જમા કરાવવા જણાવેલ છે.

